Permitted to Post at PSO-AHD : On every Tuesday
Post Reg. No. GAMC-1438/2010-2012 Valid upto 31st December, 2012

છૂટક કિંમત : રૂપિયા ૧૦ ◆ પાના : ૦૮
Reg. under RNI No. GUJGUJ/2003/16248

# ધી ઇકોનોમિક રેવલ્યૂશન
THE ECONOMIC REVOLUTION

સ્ટોક માર્કેટ
અને આધુનિક આર્થિક પ્રવાહોની સચોટ માહિતી પ્રતિબિંબિત કરતું સફળ ગુજરાતી સાપ્તાહિક

Web site : www.theeconomicrevolution.com
Email : theeconomicrevolution@yahoo.co.in

Everythings that's on Money !!!

● વર્ષ : ૮ ● અંક : ૧૦ ● તા. ૦૧.૦૩.૨૦૧૧ થી ૦૭.૦૩.૨૦૧૧ ● મહા વદ ૧૨ થી ફાગણ સુદ ૦૨ ● સં. ૨૦૬૭ ● તંત્રી : નરેન્દ્ર જોષી ●
● કાર્યાલય : ૧૧૫/૯૯૧, નિર્મલ એપાર્ટમેન્ટ, ટેલિફોન એક્સચેન્જ રોડ, નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૧૩ ● ફોન નં. : ૨૭૪૫૧૪૪૯, મોબાઈલ : ૯૮૨૫૦૬૫૩૮૭ ●

# ટેકનીકલી કરેક્શનમાંથી પેનિક સેલ ઓફનું સ્વરૂપ લઈ રહેલા બજારો

**શેરબજારની સમીક્ષા**



દિપક અમીન
મો. ૯૩૭૭૦૦૮૭૦૮

નમસ્કાર મિત્રો,

વિતેલા સપ્તાહ દરમ્યાન અપેક્ષિત બજેટ અંગેની બિન ઉત્સાહપ્રેરક અટકળો તેમજ અરબ દેશોમાં રાજકીય બળવાના ઘટનાક્રમને પગલે ૧૦૦ ડોલરની ઉપર ખેંચાઈ ગયેલા ક્રૂડ તેલના ભાવોને લીધે વૈશ્વિક બજારોની સાથે સાથે એનએસઈ અને બીએસઈમાં પણ લગભગ ૩ ટકા જેવું સાપ્તાહિક ગાબડું પડ્યું હતું. આ સપ્તાહ દરમ્યાન ધંધાનું એવું કોઈ સેક્ટર નહોતું કે જેના ઈન્ડેક્ષોમાં વધારો થયો હોય. સીએનએક્સ મિડકેપ ૪.૭ ટકા, બીએસઈ સ્મોલકેપ ૪ ટકા, ઘટ્યા હતા. જ્યારે બીજી બાજુ બીએસઈ ઓટો ૫.૩ ટકા, બીએસઈ હેલ્થકેર ૩.૮ ટકા, તો મેટલ અને બેંકેક્ષ ઈન્ડેક્ષો અનુક્રમે ૩ અને ૪.૫ ટકા નીચા રહ્યા હતા. મુખ્ય આંક સેન્સક્સ અને નિફ્ટી પણ ૩ ટકા ઘટીને અનુક્રમે ૧૭૭૦૦.૯૧ તેમજ ૫૩૨૮ બંધ રહ્યા હતા.

મુખ્ય શેરોમાં નબળા પરિણામો અને નીચા રેટિંગને પગલે રેનબક્ષી ૧૧ ટકા, સેસા ગોવા બીપીસીએલ, ડીએલએફ, મહિન્દ્ર, એલ એન્ડ ટી, અને ટાટા મોટરમાં ૭-૮.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. એચડી આઈએલ, રિલાયન્સ કોમ્યુનિકેશન, જયપ્રકાશ એસો., એસબીઆઈ, ભેલ, એનટીપીસી, મારુતિ અને બજાજ ઓટો ૫-૬ ટકા ઘટ્યા હતા. જો કે રિલાયન્સ ઈન્ફ્રા અને કેઈર્ન ઈન્ડિયા તેમજ હકારાત્મક બીપી ડીલને કારણે રિલાયન્ડ ઈન્ડ. ૩.૫-૬ ટકા [illegible] શેરો તેમજ સ્મોલકેપ શેરોમાં ચાલુ કરેક્શનમાં ભારે ધોવાણ જોવા મળ્યું હતું. જેમ વિતેલા સપ્તાહે અત્યાર સુધી વેલ્યુ બાઈંગ ગણાતો એમ્ફેસીસનો શેર સીએલએસએ ના ખરાબ રિપોર્ટને પગલે ૩૨ ટકા તુટ્યો હતો. જ્યારે તેજીમાં ૧૦૦ રૂપિયાથી લઈને ૧૦૦૦ ઉપર સતત એક વર્ષમાં પહોંચેલો ઓરોબિંદો ફાર્મા ૨૫ ટકા ગગડયો હતો. અન્ય શેરોમાં પૂંજ લોઈડ, ઓર્ચિડ કેમિકલ, શ્રી રેણુકા સુગર, યશ બેંક અને આઈવીઆરસીએલ ઈન્ફ્રા ના શેરોમાં ૮-૧૩ ટકાનો કડાકો નોંધાયો હતો. બજેટમાં કંઈ પ્રોત્સાહજનક નહીં મળતા કાલીન્દી રેઈલ, તીતાગઢ વેગન, ૨૦ ટકા તૂટ્યા હતા. જ્યારે ટેક્સમાકોમાં ૧૧ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

> **રોકાણકારોને તેજીમાં જ 'ખરીદવાની' સલાહ ગમે છે, અને શેરોના ઘટતા ભાવો નથી જોવા ગમતા, તે માનસિકતામાંથી બહાર આવવું જ પડશે. તો જ ઊંચુ વળતર મળશે, બજારોમાં મંદી અને કરેક્શન નો ભૂતકાળ દરેક વખતે આ જ પાઠ શિખવાડે છે.**

> **અત્યારે જ્યારે લાર્જ કેપ શેરો સારા વેલ્યુએશન પર ઉપલબ્ધ હોય ત્યારે બાકી રહી ગયેલા રોકાણકારોએ ૫૦ ટકા મૂડી લાર્જ કેપ કંપનીઓના પોર્ટફોલિયોમાં રોકવી જોઈએ.**

**ટી.વી.ચેનલના 'મૂડ-લેસ' થઈ જતા વિશેષજ્ઞો :**

એક ચીજ તાજેતરમાં નોંધમાં આવી હતી જેમાં મેં જાણ્યું કે, ટી.વી. ચેનલોમાં સામાન્ય રીતે એવરેજ એનાલિસ્ટો બજારો વધતા હોય છે ત્યારે સ્પેસિફીક સ્ટોક ભલામણ કરતા હોય છે, પરંતુ છેલ્લા ત્રણેક મહિનાથી જેમ બજારો દિવસે ને દિવસે વધુ ખરાબ રીતે શેરો અને ઈન્ડેક્ષોમાં ઘટાડો બતાવે છે તેવા સમયમાં આ વિશેષજ્ઞો લાંબાગાળાના રોકાણકારોને કોઈ જ પર્ટિક્યુલર શેર ભલામણ નથી કરી રહ્યા. આ એ જ વિશ્લેષકો છે કે જેઓ વાદળી ચેનલો પર રોજ નવી મિડકેપ કે સ્મોલકેપ કંપનીની 'ફન્ડામેન્ટલ' સ્ટોરી અને દલીલો લઈને ટાર્ગેટો આપતા હતા. રોકાણની સામાન્ય સુજ અને જ્ઞાન એમ જ કહેછે કે જેટલું સસ્તુ ખરીદશો તેટલું વધારે ફાયદો રહેશે. પરંતુ આ સરેરાશ વિશ્લેષકોને સતત ઘટતા બજારોમાં મૂડ લેસ થઈ જવાની માનસિક સમસ્યાનો સામનો કરવો પડે છે. રસપ્રદ છે કે શરુઆતમાં તો જેમ બજારોમાં તેજીમાં પછી / ઘટાડો આવે છે તો તેઓ બે મોઢે આખું બજાર તેમ જ ખાસ સેક્ટર કે કંપનીના શેરો લેવાની ઉત્સાહ પૂર્વક ભલામણ કરે છે, પરંતુ જેમ જેમ આ ટેકનીકલ કરેક્શનમાં કોઈ કારણે વધુ તીવ્ર બનતું જાય છે કે બજારો સતત પુલ બેક રેલી આપીને પાછા ખાબકે છે તો આ એક રીતે કદાચ કલુ-લેસ થઈ જતા વિશ્લેષકોને જાણે કે થાક લાગી જતો હોય તેમ ચુસ્તપણે ડીપ્લોમેટિક બની જાય છે અને ટેકનીકલ એનાલિસ્ટો ફન્ડામેન્ટલ બબાલ તો ફન્ડામેન્ટલ એનાલિસ્ટો ટેકનીકલ લેવલોની માયાજાળની રજૂઆતો કરવા લાગી જાય તેવું બને છે. વધુમાં પેલા ચુનંદા ખાસ મલ્ટીબેગર કે ડાર્ક હોર્સ જેવી મીડકેપ અને સ્મોલકેપ કંપનીઓની ભલામણો લઈને આવનારા ખાસ કક્ષાના વિશ્લેષકો તો જાણે વેકેશન પર જ જતા રહે છે. ૧૦૦ રૂપિયામાં અતિ ભાર મૂકીને ઊંચા ઊંચા ટાર્ગેટો આપીને ભલામણ કરેલો શેર ૫૦ ટકા ઘટે છે તો તેમને આ શેર ડબલ / બે ગણો સારો લાગવો જોઈએ તેના સ્થાને તેમને અચાનક સાવચેતી અને ફુગાવા, વૈશ્વિક પરિબળો તેમજ ટેકનીકલ સપોર્ટ અને રેજીસ્ટન્સ લેવલો વધારે અગત્યના લાગે છે. તે જ રીતે વધતા બજારમાં વધુને વધુ ઊંચા ટાર્ગેટો આપનારા ટેકનીકલ એનાલિસ્ટો પણ આડકતરી કે દેખીતી રીતે ફન્ડામેન્ટલ એનાલિસ્ટોનો મુખોટો પહેરીને ફુગાવા, કૌભાંડો વિગેરેને બિન જરુરી રીતે ચર્ચવા લાગે છે. આપણને એવું લાગવા લાગે કે એક ની એક જ વાત. બધા અલગ અલગ ભાષા અને શબ્દો અને વાક્યો વાપરીને કહી રહ્યા છે. અને જેનો કોઈ અગત્યનો નિષ્કર્શ પણ નથી નિકળતો. ખેર, કહેવાનું તાત્પર્ય ટીવી ચેનલો નકામી કે તેના પર આવતા વિશ્લેષકો બેકાર છે તેમ નથી. પરંતુ બજારોમાં આવતા ઉતાર ચઢાવ પ્રમાણે તેઓ શ્રીઓ ના વર્તન કેવા બદલાય છે તે અંગે કહેવાનું છે. આ લખનાર યાદ છે કઈ રીતે સીએનબીસીના ઉદયન મુખર્જીએ સો વાર તેજી તેજી કરીને બજારો કે અમુક કંપનીઓના શેરો ખરીદવાની ભલામણ આપી હશે અને પછી થોડાક મહિનાઓ બાદ જ તે કંપની કે બજારો અંગે અત્યંત ચિંતાનો સૂર દર્શાવી કંપનીઓના શેરોની ઠેકડી ઉડાડી હોય તેવું બન્યું છે. તો અન્ય અવસરો એ બે બાજુ બોલીને એર ટાઈમ ફિલ કર્યો હોય તેમ બન્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે આમ આ ટીવી ચેનલોના વિશ્લેષકો અને રિપોર્ટરો ટ્રેડરોની જેમ સટોડીયાઓ બનીને પોતાનું તેજી, મંદી અને ડીપ્લોમસીના એમ વારંવાર બદલ્યા કરશે તો રોકાણકારોનું તેનાથી વધારે ખરાબ બીજે ક્યાંય નહીં થઈ શકે. અત્રે કહેવાનું તાત્પર્ય એમ પણ નથી કે પોતે પોતાનો વ્યૂહ

> **બજારોમાં કરેક્શન / મંદી આવે છે ત્યારે રોકાણકારોને સારા વેલ્યુએશન પર શેરો ખરીદવાની ભલામણ કરવા અંગે 'મૂડ-લેસ' થઈ જતા ટીવી ચેનલ વિશ્લેષકોને કોઈ ટોનિક આપવું જોઈએ**

અનુસંધાન પા.નં. ૨ ઉપર

## બજારને ટકાવી રાખવા માટે લોકલુભાવન બજેટ કરતાં યથાર્થવાદી બજેટની અપેક્ષા

## મીડલ ઈસ્ટનું જીઓ પોલીટીકલ ટેન્શન બજાર પર દબાણ લાવશે

**તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૧ થી ૦૪ માર્ચ, ૨૦૧૧ બજારનું સાપ્તાહિક વિહંગાવલોકન :**

વિદેશી તેમ જ સ્વદેશીય સંસ્થાકીય રોકાણકારો દ્વારા વેચવાલી ચાલુ જ રહી, જેમાં નાના રોકાણકારોએ નીચા મથાળે પણ વેચવાલી કરીને દબાણમાં ઉમેરો કર્યો.

મીડલ ઈસ્ટ તેમ જ નૅર્થ આફ્રિકાનું જીઓ પોલીટીકલ ટેન્શન બીજા દેશોમાં પણ પ્રસરશે તેવા ભયના કારણે ક્રુડ ઓઈલના ભાવ તા. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૧૧ ના રોજ ૧૦૨ ડોલર પ્રતિ બેરલ થયા. આ બાબતે વૈશ્વિક બજારો પર ભારે દબાણ લાદ્યું અને તિવ્ર ઘટાડાને આકાર આપ્યો.

**બાય એન્ડ સેલ**

રમેશચંદ્ર
મો. ૯૮૯૪૦૪૩૦૯૦
E-Mail:
buysell_india@yahoo.com,
buysell_stocktips@yahoo.com

**આવનાર સપ્તાહે નીચે દર્શાવેલ પરિબળો બજારને દીશા આપશે**

**૧. એફ આઈ આઈ** ૨૦૧૧ની સાલની શરુઆતથી સ્પષ્ટ વેચાણકર્તા જ રહેલ છે, હજુ પણ તેઓ વેચવાલ તરીકે ચાલુ જ રહેશે તેવી અપેક્ષા છે. યુનિયન બજેટમાં વેરા અંગે કોઈ સાનૂકૂળતા અથવા તો સબસીડીની જાહેરાત થાય તો એફ આઈ આઈનો વિશ્વાસ ચોક્કસપણે થોડા ઘણા અંશે પણ વધશે.

૨. શુક્રવારે મજબૂત આર્થિક સર્વે અને રેલવેના લોકલુભાવન બજેટ છતાં આપણે શુક્રવારે બજારમાં મજબૂત વેચવાલી નિહાળી. આ વેચવાલી રેલવેના અવાસ્તવિક આંકડા અને નિરાશાનજક બજેટ દરખાસ્તોને કારણે હતી.

સરકાર એ કબૂલતી નથી કે ખાદ્ય ચિજોના તેમ જ કોમોડીટીના ભાવ નીચે આવવાનું નામ લેતા નથી. આ વખતે તેઓ જીડીપી ગ્રોથ ૯.૨૫ ની આગાહી કરે છે. જયારે ફૂગાવાના દર ટોચ ઉપર બિરાજતો હોય ત્યારે ૯.૨૫ જીડીપીની અપેક્ષા કેવી રીતે રાખી શકાય???

અમે જાણીએ છીએ કે આપણી ૭૦ થી ૭૫ ટકા તેલની જરુરિયાત આયાત દ્વારા સંતોષવામાં આવે છે. જો મીડલ ઈસ્ટમાં હાલ જે અજંપો છે તે ફેલાય અને ચાલુ રહે તો ક્રુડના ભાવ ટૂંક સમયમાં જ ૧૨૦ ડોલર પ્રતિ બેરલ સુધી વધી શકે, અરે, તે ૧૫૦ ડોલર સુધી પણ જઈ શકે.

૩. હવે તો બધાની નજર યુનિયન બજેટ પર જ છે જે સોમવાર તા. ૨૮ મી ફેબ્રુઆરીના રોજ જાહેર થશે. જેમાં આપણે ખાસ નીચેની બાબતો તરફ નજર રાખવા જેવી છે.

(૧) સરકાર હવે સામાજિક પુનરચના માટે તેમ જ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટે કયાં પગલાં લઈ રહી છે.

અનુસંધાન પા.નં. ૭ ઉપર

## ૨૮ ફેબ્રુઆરી થી ૦૪ માર્ચ, ૨૦૧૧ સુધી બજારનો રિવ્યૂ

**નિફ્ટી (૫૩૦૪)**
**સેન્સેક્ષ (૧૭૭૦૧)**
**તા. ૨૫.૨.૨૦૧૧**

**બજારનો રિવ્યૂ**



પ્રકાશ ગાબા
મો. ૯૩૨૨૨૧૦૯૦૭
prakashgaba@hotmail.com
http:// ww.prakashgaba.com

અમોએ જણાવેલ કે "ટેકનીકલ બજાર અપેક્ષા મુજબના પ્રતીભાવ આપી રહેલ છે , તેમ જ બજાર દબાણ હેઠળ જણાય છે અને એવી ખૂબ સારી શકયતાઓ છે કે બજાર હજુ પણ પ્રોફીટ બુકીંગ દર્શાવિશે અને ધીરે ધીરે ૫૩૦૦ ની સપાટી સુધી સરકી જશે. જો કે બજાર ૫૬૭૦ની સપાટીએ મજબૂત પ્રતિકારક સપાટી ધરાવે છે."

બજાર અપેક્ષા મુજબ જ રહ્યું અને બરાબર ૫૩૦૦ની સપાટીએ જ બંધ આપ્યો

ટેકનીકલ બજાર હજુ પણ નબળું છે અને હવે આગળ ઉપર બજેટનું સપ્તાહ છે અને તેથી બજારમાં ખૂબ જ ચંચળતા જોવા મળશે, અને જો આપણને ઉર્ધ્વગતિ જોવા મળે તો પણ ૫૪૫૦ની કઠીન પ્રતિકારક સપાટી પણ છે. પરંતુ જો નબળાઈ ચાલુ જ રહેશે તો નીચે તરફ ૫૧૭૭ ની સપાટી જોવા મળી શકે.

ટ્રેડીંગની દ્રષ્ટિએ જયાં સુધી બજાર ૫૪૫૦ સુધી બજાર આગળ વધે ત્યારે હું પ્રોફીટ બુકીંગ કરવાનું પસંદ કરૂં.

## બજેટ બજાર માટે ટ્રિગર પોઈન્ટ બની શકે ???!!!

**પોઈન્ટ બ્લેન્ક**



શેખ આસિફ
મો. ૯૭૨૫૦૫૦૫૦૭
yooza_143@yahoo.com

નમસ્કાર મિત્રો,

ગયા સપ્તાહે મેં હેડ લાઈનમાં લખ્યું હતું "ચાર દિન કી ચાંદની ફીર અંધેરી રાત જેવો શેર બજારનો ઘાટ" એ વાત તદ્દન સાચી પડી. બજારોમાં ઉછાળે જોરદાર વેચવાલી જોવા મળી હતી. ગત સપ્તાહમાં બજેટના કારણે થોડી રાહત જોવા મળી પરંતુ વૈશ્વિક પરિબળોમાં અરબ દેશોમાં રાજકીય બળવાના કારણે ક્રૂડના ભાવમાં ઉછાળો આવ્યો હતો અને ક્રૂડ ૧૦૦ ડોલરની ઉપર પહોંચતા તથા આંતરિક પરિબળોમાં રાજકીય ગતિવિધિ તથા બજેટના કારણે ઉછાળે જોરદાર વેચવાલી જોવા મળી હતી.

બજારની વાત કરીએતો વિતેલા સપ્તાહ દરમ્યાન આંતરરાષ્ટ્રીય અને રાષ્ટ્રીય પરિબળોએ મળીને એનએસઈ અને બીએસઈમાં પણ લગભગ ૩ ટકા જેવું સાપ્તાહિક ગાબડું પડ્યું હતું. આ સપ્તાહ દરમ્યાન બધા સેક્ટરોમાં ધોવાણ થયું હતું. સીએનએક્સ મિડકેપ ૪.૭ ટકા, બીએસઈ સ્મોલકેપ ૪ક ટકા, ઘટ્યા હતા. જયારે બીજી બાજુ બીએસઈ ઓટો ૫.૩ ટકા, બીએસઈ હેલ્થકેર ૩.૮ ટકા, તો મેટલ અને બેંકેક્ષ ઈન્ડેક્ષો અનુક્રમે ૩ અને ૪.૫ ટકા નીચા રહ્યા હતા. મુખ્ય આંક સેન્સેક્સ અને નિફ્ટી પણ ૩ ટકા ઘટીને અનુક્રમે ૧૭૭૦.૯૧ તેમજ ૫૩૨૮ બંધ રહ્યા હતા.

આવતા સપ્તાહની વાત કરીએ તો આવતા સપ્તાહમાં સોમવારે કેન્દ્રિય નાણામંત્રી પ્રણવ મુખર્જી દ્વારા બજેટ રજૂ કરવામાં આવશે. આ વખતના બજેટમાં કોમન મેન ઉપર ન ધ્યાન આપતા સ્પેશિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, એજ્યુકેશન, એગ્રિકલ્ચર વગેરે સેક્ટરમાં રાહત આપવામાં આવશે તેવી અટકળો ચાલી રહી છે તેથી માર્કેટમાં

અનુસંધાન પા.નં. ૪ ઉપર

## સોમવારે બજેટની અપેક્ષાઓ ઓછી છે તેમ છતાં જો નાણાં મંત્રીશ્રી તરફથી કોઈ સારા પ્રતિભાવ જોવા મળે તો ભારે શોર્ટકવરીંગ જોવા મળે

**માર્કેટ ટ્રેન્ડ**



આસુ કક્કર
મો. ૦૯૯૮૯૬ ૯૩૩૨૦
૦૯૯૮૯૯ ૨૦૯૮૭
Website : www.ashuukakkarr.com
Email ID : ashuu@ashuukakkarr.com / info@ashuukakkarr.com

બજાર ટેકનીકલી અપેક્ષા મુજબ સુધરેલ છે અને મધ્ય પૂર્વના રાષ્ટ્ર, ખાસ કરીને લીબીયાના તનાવને કારણે ૫૬૦૦ થી ૫૨૩૦ સુધીનો તિવ્ર ઘટાડો જોવા મળ્યો. કેશ ફ્યુચર અને ઓપ્શનમાં એફ આઈ આઈ નેટ સેલર રહ્યા તેમ જ એફ એન્ડ ઓ માર્ચ સીરીઝમાં પણ ઘટાડાને કારણે રોલઓવર જોવા મળતાં તે પર પણ દબાણ રહ્યું. સોમવારે બજેટની અપેક્ષાઓ ઓછી છે તેમ છતાં જો નાણાં મંત્રીશ્રી તરફથી કોઈ સારા પ્રતિભાવ જોવા મળે તો ભારે શોર્ટકવરીંગ જોવા મળે અને રેલી પણ ઝડપી અને આવેશમય જોવા મળે. હવે ટેકનીકલી ૫૧૭૫ ટેકાની સપાટી છે, આ નીચે આપણે ૫૦૫૦ અને તે નીચે ૪૭૫૦ની સપાટી પણ જોઈ શકીએ. ઉપર તરફ ૫૬૦૦, અને તે ઉપર ૫૯૫૦ પ્રતિકારક સપાટી છે. માર્ચ સીરીજ માટે ૫૬૦૦ ઉપરની સપાટી અને ૫૦૫૦ નીચેની સપાટી છે, તેમાંથી જે સપાટી તૂટે તે તરફ બજાર દીશા પકડે. આમારા બધા જ શોર્ટ કોલ જેવા કે, ટીસીએસ મોટર્સ, મારૂતી, જે એસ ડબલ્યુ વગેરેએ લક્ષાંક સાધ્ય કરેલ છે. બજેટના દિવસે ઓછું ટ્રેડ થશે અને તે પછી પ્રેરણા મુજબ થશે. એફ આઈ આઈ દ્વારા માત્ર ૨ બિલિયન ડોલરનો સ્ટોક વેચવામાં આવેલ છે, તેઓએ ૩૦ બિલિયન ડોલરનું રોકાણ કરેલ છે.

**૨૮.૨.૨૦૧૧ના રોજ ટ્રેડ કરવા માટે ખરીદવા જેવા શેર**

**૧. ટાટા મોટર્સ ખરીદો** : રૂ. ૧૧૧૦.૭, સ્ટોપ લોસ રૂ. ૧૧૦૦, લક્ષાંક ૧૧૩૮

**૨. એસીસી ખરીદો** : રૂ. ૯૯૪,

અનુસંધાન પા.નં. ૪ ઉપર



## ખટ્ટા-મીઠા સટ્ટા

- નિશેષ જાની (મો) ૦૯૨૨૭૦૬૭૬૬૨

**નમસ્કાર મિત્રો,**

ગત વખતના અંકમાં સ્પષ્ટ પણે લખેલું કે નિફ્ટી ૫૩૪૦-૫૩૩૦ સુધીનો ઘટાડો નોંધાવશે. અને નિફ્ટી અગાઉના અઠવાડીયા કરતા ૨૦૦ પોઈન્ટથી પણ વધારાનો ઘટાડો નોંધાવશે.

હવેની બધી જ નજર બજેટ પર છે. બજેટ શેર બજારના સીધી દિશા આપી શકશે.

ટેકનીકલી - દૈનિક ચાર્ટ પર ઈન્વર્સ હેડ એન્ડ સોલ્ડરની રચના કરેલ છે. આ પેટર્ન પ્રમાણે નિફ્ટીએ હવે કરેક્શન પુરુ કરવું જોઈએ અને હાલના લેવલથી ઉપરની તરફ જવું જોઈએ.

આ ફોર્મેશન પ્રમાણે નિફ્ટી કેશમાં ૫૧૭૫ ના પુટસ જોઈએ અને ૫૬૦૦ ઉપર બંધ આવતા ૫૯૦૦-૫૯૫૦ નું લેવલ આવી શકે.

માર્ચ મહિનાની સ્ટ્રેટેજી બે રીતે નક્કી કરી શકાય.

(૧) બજેટમાં ખરાબ બાબત ન આવે.

(૨) નિફ્ટી - કેશ ૫૧૭૫ ના કૂદાવી જોઈએ.

જે લોકો નિફ્ટીના ફ્યુચર ઓપ્શનમાં ટ્રેડ કરે છે તે લોકોએ ૫૧૭૫નો સ્ટોપલોસ રાખવો અને તે તૂટે તો ૪૯૦૦-૪૮૦૦ ના લેવલો જોવા મળે.

**રેલવે બજેટ પોસ્ટ અને પ્રિ બજેટ બેસ્ટ બાય બીએસઇ ૫૦૪૭૮૬, ઇન્વેસ્ટમેન્ટ એન્ડ પ્રિસીજન કાસ્ટીંગ લી. હાલનો ભાવ ૧૦૭** - અશ્વિન શાહ(કે.પી. કમાલ)

# હોમીંગ પિજન ફોર્મેશન

**તા. ૨૬/૦૨/૨૦૧૧**

**નાણાં મંત્રીશ્રી બાબત**

વર્ષનો આ એ સમય છે કે જયારે બજાર નાણાંમંત્રી બજેટ આપીને અપાનાર કેટલિક સરપ્રાઈઝની રાહ જોઈ રહેલ છે. આ વખતે બજેટની અપેક્ષાઓ અગાઉ કરતાં ઘણી નીચી છે. પ્રથમ ઈજીપ્તમાં અને પછી લીબીયામાં સર્જાએલી રાજકીય અસ્થિરતાને કારણે ક્રુડ ઓઈલના વૈશ્વિકસ્તરના ભાવ ફરી ત્રણ આંકડામાં આવી ગયા છે, ઉંચા ક્રુડના ભાવ આપણાં બજારો જેવાં વિકાસ કરતાં ઉભરતાં બજારો માટે ખરાબ સમાચારો માટેની જાળ ફેલાવે છે. જંગલીયતભરી રીતે ચાલી રહેલ ભ્રષ્ટાચાર અને કૌભાંડો તેમ જ ફૂગાવાની પરિસ્થિતિને સ્થાનિક પરિબળો ઘણાં નબળાં છે, નાણા મંત્રીશ્રીનું કામ કઠીન બનેલ છે, તેઓએ ફૂગાવા પર નિયંત્રણ મેળવવાનું છે અને સાથો સાથ વિકાસને




**ફાયનાન્સિયલ જંગલનો શહેનશાહ રોકાણકારોના હિત માટે સમર્પિત**

પણ લથડવા દેવો નથી, તેમ જ નાણાકીય ખાદ્યને પણ ઓછી કરવા પ્રયત્ન કરવાનો છે, આમ તેઓએ એક કડક દોરડા પર સમતુલન રાખીને ચાલવાનું છે. નિમ્નતર અપેક્ષાઓ સાથેનો આ સમય તેમના માટે ખૂબ જ કપરો છે. નાણા મંત્રીશ્રી

> **નાણા મંત્રીશ્રીનું કામ કઠીન બનેલ છે, તેઓએ ફૂગાવા પર નિયંત્રણ મેળવવાનું છે અને સાથો સાથ વિકાસને પણ લથડવા દેવો નથી, તેમ જ નાણાકીય ખાદ્યને પણ ઓછી કરવા પ્રયત્ન કરવાનો છે**

બજેટમાં કોઈ સુખદ આશ્ચર્યજનક ઉપલબ્ધ કરાવે તેવું કંઈક કરે તે ખૂબ જરૂરી છે. આપણે તો હાલ તેની રાહ જોવાની છે.

**ટેકનીકલ વાત**

ગત સપ્તાહે સેન્સેક્ષની શરુઆત ૧૮૨૩૮ પોઈન્ટથી થઈ, ૧૮૪૫૭ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૧૭૪૬૯ પોઈન્ટની નિમ્ન સપાટી પણ દર્શાવી અને ૧૭૭૦૦ પોઈન્ટ ઉપર સાપ્તાહિક બંધ આપ્યો.આ રીતે સેન્સેક્ષે સાપ્તાહિક ધોરણે ૫૧૧ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

આ જ રીતે નિફ્ટીએ પણ સપ્તાહની શરૂઆત ૫૪૫૬ પોઈન્ટથી કરી, ૫૫૨૬ પોઈન્ટની ઉચ્ચતમ સપાટી દર્શાવી, ૫૨૩૨ પોઈન્ટની ની નિમ્ન સપાટી દર્શાવી અને ૫૩૦૩ ઉપર બંધ આપ્યો. આ રીતે નિફ્ટીએ પણ સાપ્તાહિક ધોરણે ૧૫૫ પોઈન્ટનો ઘટાડો દર્શાવ્યો.

## ઓપ્શન સ્ટ્રેટજી

**કોઈ પણ દીશામાં મજબૂત ચાલની અપેક્ષા છે, ઉપરાંત ચંચળતા પણ વધશે તેમ જણાય છે. આવા સમયે લોંગ સ્ટ્રેડલ (એટીએમ કોલ અને પુટ) અથવા લોંગ સ્ટ્રેડલ (ઓટીએમ કોલ અને પુટ) ઉભી કરવાની સલાહ છે.**

બંને ઈન્ડેક્ષોએ દૈનિક ચાર્ટ પર હોમીંગ પિજન પેટર્નની રચના કરેલ છે, જે બુલીશ રિવર્સલ પેટર્ન છે. આ બુલીશ હરામી પેટર્નનો સ્પેશિયલ કેસ છે. નીચે તરફના લાંબા શેડો સાથે શુક્રવારે રચાએલ આ રચના સૂચવી રહેલ છે કે નીચેની સપાટીએ લેવાલીનો ટેકો સાંપડેલ છે. સાપ્તાહિક ચાર્ટ પર, છેલ્લા ત્રણ સપ્તાહ દરમ્યાન સ્ટીક સેન્ડવીચની રચના જોવા મળેલ છે, તે પણ તેજીમય રિવર્સલ પેટર્ન છે. આ રચનાને આવનાર સપ્તાહમાં સફેદ કેન્ડલના રુપમાં અનુમોદનની જરુર રહેશે.

ગુરૂવારે બંને ઈન્ડેક્ષો ગેપ સાથે તૂટેલ છે. આ ગેપ (સેન્સેક્ષમાં ૧૮૧૫૦-૧૮૧૩૫ અને નિફ્ટીમાં ૫૪૨૭-૫૪૨૩) ફેલીંગ ગેપ તરીકે ગણવામાં આવે છે અને જયારે બંને ઈન્ડેક્ષો ઉપર તરફ ગતિ કરવાની કોશીશ કરે ત્યારે આ ગેપ (ગાબડુ) બંને ઈન્ડેક્ષોને પ્રતિકારક સપાટી પુરી પાડે છે.

મુવીંગ એવરેજ એનાલીસીસ સૂચવે છે કે રુખ બધીજ રીતે નિમ્નમૂખિ ચાલુ રહેલ છે. બજાર ૨૦૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૮૦૦ અને નિફ્ટી ૫૬૪૩) નીચે છે અને પરિણામે લાંબાગાળાની રૂખ નિમ્નમૂખિ છે. બજારે ૫૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૯૯૫ અને નિફ્ટી ૫૬૯૦) અને ૨૦ ડી એમ એ (સેન્સેક્ષ ૧૮૦૬૧ અને નિફ્ટી ૫૪૦૯) નીચે સારૂ એવું ટ્રેડ થવાનું ચાલુ રાખેલ છે, પરિણામે મધ્યમ ગાળાની અને ટૂંકાગાળાની રૂખે નિમ્નગતી ચાલુ જ રાખેલ છે.

જયાં સુધી દૈનિક ચાર્ટ પર નીચે તરફના લાંબા શેડો સાથેની હોમી પીજન તરીકે ઓળખાતી બુલીશ રિવર્સલ પેટર્ન હયાત છે ત્યાં સુધી આપણે એવી એવી ધારણા રાખી શકીએ કે સેન્સેક્ષ ૧૭૪૬૯ અને નિફ્ટી ૫૨૩૨ કદાચ હંગામી રીતે તળિયાની સપાટી બની રહે. જો આમ શકય બને તો આપણે સેન્સેક્ષમાં ૧૮૬૯૦ થી ૧૭૪૬૯ અને નિફ્ટીમાં ૫૫૯૯ થી ૫૨૩૨ના હાલના ઘટાડાની રિટ્રેસમેન્ટ સપાટી વિચારી શકીએ. આ સમયે કરેક્ટિવ સપાટી સેન્સેક્ષમાં ૧૭૯૩૫-૧૮૦૭૯-૧૮૨૨૪ અને નિફ્ટીમાં ૫૩૭૨-૫૪૧૫-૫૪૫૯ હોઈ શકે. જો આપણે ઉંચી સપાટીએથી થયેલ ઘટાડા અંગે વિચારીએ તો એટલે કે સેન્સેક્ષ ૧૯૩૪૦ થી ૧૭૨૯૫ અને નિફ્ટી ૫૮૦૧ થી ૫૧૭૭ તો કરેકશન સપાટી સેન્સેક્ષમાં ૧૮૦૭૬-૧૮૩૧૮-૧૮૫૫૯ અને નિફ્ટીમાં ૫૪૧૫-૫૪૮૯-૫૫૬૩ આવે. આપણે જો નિરીક્ષણ કરીશું તો હાલના ઘટાડાનું (સેન્સેક્ષ ૧૮૦૭૯ અને નિફ્ટી ૫૪૧૫) ૫૦ ટકા ફીબોનેસ્સી રિટ્રેસમેન્ટ હાલ તુરતના ઘટાડાના ૩૮.૨ ટકા થાય છે. આ સાથે જ, ૨૦ ડી એમ એ (સેન્સેક્ષમાં ૧૮૦૬૧ અને નિફ્ટીમાં ૫૪૦૯) અને ફેલીંગ ગેપ (સેન્સેક્ષમાં ૧૮૧૫૦-૧૮૧૩૫ અને નિફ્ટીમાં ૫૪૨૭ થી ૫૪૨૩) પણ પ્રતિકારક સપાટીમાં ઉમેરાયેલ છે. તેથી હવે મજબૂત પ્રતિકારક સપાટીનો સમયગાળો સેન્સેક્ષમાં ૧૮૦૬૧ થી ૧૮૧૫૦ અને નિફ્ટીમાં ૫૪૦૯ થી ૫૪૨૭ નો છે.

એવી શકયતાઓ છે કે બંને ઈન્ડેક્ષો પ્રતિકારક સપાટીને સ્પર્શ્યા પછી નીચે તરફ ગતિ કરી શકે. આ પછી બંને ઈન્ડેક્ષો બે સપ્તાહ પહેલાં બનાવેલ તળિયાની સપાટી સેન્સેક્ષમાં ૧૭૨૯૫ અને નિફ્ટીમાં ૫૧૭૭ ને સ્પર્શી શકે. મંદીમય બજારમાં મોટે ભાગે તળિયાની સપાટી તૂટતી હોય છે અને જો આમ બને તો આપણને વધુ નીચેનો ટેકો સાંપડે. તેથી જો આપણે મધ્યમગાળાની વૃધ્ધિ સેન્સેક્ષમાં ૧૩૨૧૯-૨૧૧૦૮ અને નિફ્ટીમાં ૩૯૧૮ - ૬૩૩૮ નો વિચાર કરીએ તો, રિટ્રેસમેન્ટ સપાટી સેન્સેક્ષમાં ૧૮૦૯૪-૧૭૧૬૩-૧૬૨૩૩ અને નિફ્ટીમાં ૫૪૧૪-૫૧૨૮-૪૮૪૨ આવે. જો આપણે સળંગ વૃદ્ધિ એટલે કે સેન્સેક્ષમાં ૭૬૯૭ થી ૨૧૧૦૮ અને નિફ્ટીમાં ૨૨૫૨ થી ૬૩૩૮નો વિચાર

**અનુસંધાન પા.નં. ૪ ઉપર**

### સૂચકાંકો (ઈન્ડેક્ષ)ની સપાટી

| | S3 | S2 | S1 | CLOSE | R1 | R2 | R3 |
|---|---|---|---|---|---|---|---|
| Nifty | 4961 | 5070 | 5187 | 5303 | 5423 | 5556 | 5690 |
| Sensex | 16684 | 17025 | 17373 | 17700 | 18135 | 18542 | 18954 |

### ગત સપ્તાહની ભલામણો પર એક નજર

**ફરી એક વાર મોટા ભાવના લક્ષાંકો સાધ્ય થયેલ છે, સિવાયકે પટની કે જે આ સપ્તાહે તેના લક્ષાંકે પહોંચી જશે. આ સપ્તાહનો સ્ટાર પર્ફોમર ડી એલ એફ હતો કે જે ૧૦ ટકા ઘટયો હતો.**

| STOCK | Reco. Price | Tgt | Reached | Lot Size | Profit |
|---|---|---|---|---|---|
| Sell HCLTech | 457 | 427 | 425 | 500 | Rs.16,000 |
| Sell PFC | 243 | 235 | 235 | 1000 | Rs.8,000 |
| Sell PetLNG | 112 | 107 | 105 | 2000 | Rs.14,000 |
| Sell Patni | 456 | 442 | 445 | 500 | Rs.5,500 |
| Sell DLF | 232 | 214 | 208 | 1000 | Rs.24,000 |
| | | | | Total | Rs.67,500 |

**સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૮૪૩૩ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૭૩૭૯ છે**

### આગામી સપ્તાહ માટે ભલામણ

**જયાં સુધી બજારમાં ખૂબ જ અચોક્કસતા છે, અમારી સલાહ છે કે તમારી પોઝીશન હેજ કરવી, નિફ્ટી ફયુચરનો ઉપયોગ હેજ માટે કરી શકાય**

| STOCK | CMP | SL | Tgt-1 | Tgt-2 |
|---|---|---|---|---|
| Buy Pantaloon | 277 | 269 | 290 | 305 |
| Buy Educomp | 495 | 486 | 509 | 525 |
| Buy ICICI | 986 | 977 | 1003 | 1023 |
| Buy IVRCL | 68 | 66 | 72 | 77 |
| Buy Triveni | 87 | 85 | 91 | 96 |

**આગામી સપ્તાહે ધ્યાનમાં રાખો**

**Buy Triveni Engg. 87 SL85 Tgt 91-96**



# ક્રુડ રૂપી કાળા વાદળે શેરબજારની દુધ જેવી સફેદ તેજીને ધોઈ નાખી

**બેસ્ટ સ્કીપ ઓફ ધી વીક**
**ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પ્રીસીજન કાસ્ટીંગ લી**
**બીએસઈ કોડ ૫૦૪૭૮૬**
**હાલનો ભાવ રૂ.૧૦૭**

ઉપર જણાવ્યા મુજબગત સપ્તાહમાં ખુબ જ સુંદર રીતે ધીરે ધીરે પરંતુ મક્કમ આશાવાદ સાથે આગળ વધી રહેલ પ્રિબજેટ રેલીને અચાનક ગુરુવારથી આવેલ દુધના ભાવમાં ૭ થી ૮ ડોલરનો વધારો એટલે કે ૧૦૧ ડોલર પ્રતિ બેરલ થઈ જતાં તેની પાછળનુ મુખ્ય કારણ ઈજીપ્તના રાષ્ટ્રપતિ હોસની મુબારકની કડવી વિદાય પછી લીબીયાના રાષ્ટ્રપતિ સાથે શરુ થયેલ બળવાના ભાગ રૂપે ક્રુડઓઈલનો ભાવ વધ્યો અને ૧૦૦ ડોલર પ્રતિ બેરલની ઔતિહાસિક સપાટી વટાવી, જેના લીધે સમગ્ર વિશ્વના

## આવતા સપ્તાહમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમ જ એરલાઈન્સના શેરોમાં આગ ભભૂકતી તેજી

બજારોમાં મંદીનું મોજું ફરી વળ્યું અને ભારતીય શેર બજારમાં પણ ખૂબ જ મોટા પાયે ગભરાટરૂપી વેચવાલી જોવા મળી, અને સપ્તાહના અંતે લગભગ ૫૦૦ પોઈન્ટના સાપ્તાહિક ઘટાડા સાથે મુંબઈ શેર બજાર આંક ૧૭૭૦૦ પોઈન્ટે બંધ આવ્યો.

આવતા સપ્તાહમાં ઓછા જોખમે સારું વતળર આપી શકે તેવા પાંચ લગડી શેરોની અહીં ભલામણ કરૂ છું.

**ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પ્રીસીજન કાસ્ટીંગ લી**
**બીએસઈ કોડ ૫૦૪૭૮૬**
**હાલનો ભાવ રૂ.૧૦૭**

ઓટોમોબાઈલ કંપનીઓ માટેના ઓટોમોટિવ પાર્ટસ તેમ જ હેવી ઈન્ડસ્ટ્રીઝ માટેના વાલ્વ તદ્ઉપરાંત ઈલેકટ્રીકલ એન્જીનીયરીંગ પાર્ટ બનાવવામાં ખૂબ જ મોખરાનું સ્થાન ધરાવતી અને છેલ્લા ૧૦વર્ષથી નફો કરતી તેમ જ છાશવારે બોનસ જાહેર કરતી આ કંપનીને આવનાર દિવસોમાં ઈન્ડિયન રેલવે તરફથી ખૂબ જ મોટો ઓર્ડર મળે તેવું સ્રોત દ્વારા જાણવા મળેલ છે. તો આ કંપનીમાં હાલના ભાવે લાંબા ગાળાનું રોકાણ કરનારને અઢળક નફો મળે તેવી શકયતાઓ છે. ડીલીવરીબેઈઝ રોકાણ ઉત્તમ.

**શ્રેઈ ઈન્ફ્રા લી**
**બીએસઈ કોડ ૫૨૩૭૫૬**
**હાલનો ભાવ રૂ.૪૧**

ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપની જાણીતા બીગબુલ ટ્રેડર રાકેશ ઝૂનઝુનવાલાનું ૧ ટકો હોલ્ડીંગ છે. કંપનીએ તાજેતરમાં જ ૫ શેર ઉપર ૪ શેર બોનસ આપેલ છે. કંપનીનું કામકાજ

> **સર્કિટ ૨ સર્કિટ (અપર)**
>
> 
>
> **અશ્વિન શાહ**
> **મો. ૯૯૨૫૦૦૨૬૧૯**
> **(કે.પી. કમાલ) મુંબઈ**
> www.theeagleinvestor.co.in

જોતાં કંપની આવનાર વર્ષોમાં ખૂબ જ સારો વિકાસ કરે તેવું જણાઈ રહેલ છે. કંપનીના પ્રમોટરો પણ ખૂબ જ અનુભવી છે. તેમ જ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ફાઈનાન્સ કંપનીઓ માટે જાહેર થનાર બજેટમાં ખૂબ જ સારી જાહેરાત આવવાની શકયતા છે, તેથી આ શેરમાં ડીલીવરીબેઈઝ રોકાણ કરવું ઉત્તમ રહેશે.

**કીંગફીશર એરલાઈન્સ લી (કે એફ એ ).**
**બીએસઈ કોડ ૫૩૨૭૪૭**
**હાલનો ભાવ રૂ.૩૯**

જાણીતા ઉદ્યોગપતિ વિજય માલિયા દ્વારા પ્રમોટ કરાયેલ એરલાઈન્સના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીએ તાજેતરમાં જ પ્રથમ વાર ત્રિમાસિક નફો જાહેર કરેલ છે અને વાર્ષિક ધોરણે ગયા વર્ષની ૪૫૩ કરોડની ખોટ સામે માત્ર ૨૫૦ કરોડની ખોટ રહી છે, એટલે કે કંપની ખૂબ જ હરણફાળે પ્રગતિ કરી રહી છે, અને ભારતનું ભવિષ્ય જોતાં એરલાઈન્સ ઉદ્યોગનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવળ છે, તો હાલના ભાવે આ શેરમાં ડીલીવરીબેઈજ રોકાણ કરનારને એક બે વર્ષ પછી ચોક્કસ વિદેશયોગ થશે.

**સ્પાઈસ જેટ લી .).**
**બીએસઈ કોડ ૫૦૦૨૮૫**
**હાલનો ભાવ રૂ.૪૦**

એર લાઈન્સના વ્યવસાય ક્ષેત્રે સંકળાયેલ આ કંપની સમગ્ર વિશ્વમાં માત્ર એવી એક કંપની છે કે જે છેલ્લા એક વર્ષથી નફો કરી રહી છે. કંપની હાલમાં ઘરેલું ઉડાણ ચલાવે છે આવતા વર્ષમાં ઈન્ટરનેશનલ ઉડાણ પણ ચાલુ કરશે. આ કંપનીમાં પણ હાલના ભાવે રોકાણ કરનારને ૬ થી ૮ માસમાં સારું વળતર મળે તેવી પુરેપુરી શકયતાઓ છે.

**એપટેક લી.**
**બીએસઈ કોડ ૫૩૨૪૭૫**
**હાલનો ભાવ રૂ.૧૦૦**

જાણીતા બીગબુલ ટ્રેડર્સ રાકેશ ઝૂનઝૂનવાલા દ્વારા પ્રમોટ કરાયેલ આ કંપનીએ તાજેતરમાં જ વિશ્વની સૌથી ટોચની કોમ્પ્યુટર કંપની માઈક્રોસોફ્ટ સાથે સંયુક્ત કરાર કર્યા છે, એટલે કે માઈક્રોસોફ્ટના કેટલાક કોર્સીસ એપટેકના કોર્સીસ સાથે જોડી દેવામાં આવશે. તો આ કંપનીમાં હાલના ભાવે કરેલ રોકાણ ૨ થી ૩ વર્ષમાં સારું વળતર આપી શકે તેમ છે.

**પુંજ લોઈડ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૬૯૩**
**હાલનો ભાવ રૂ.૬૨**

૧૦૦ વર્ષ જુના જાણીતા પુંજ ગ્રુપ દ્વારા પ્રમોટ કરાએલ એન્જીનીયરીંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીનો શેર તેની ૫૨ સપ્તાહની નીચી સપાટીની આસપાસ ઉપલબ્ધ છે. કામકાજની દ્રષ્ટિએ આ કંપની મીની એલ એન ટી જેવી છે, જેથી આ કંપનીમાં હાલના ભાવે રોકાણ કરી શકાય.

**જે પી એસોસિએટસ લી.**
**બીએસઈ કોડ ૫૩૨૫૩૨**
**હાલનો ભાવ રૂ.૮૨**

જે પી દ્વારા પ્રમોટ કરાયેલ અને સીમેન્ટના વ્યવસાય સાથે સંકળાયેલ આ કંપનીના શેરનો ભાવ પણ હાલ ૫૨ સપ્તાહની નીચી સપાટીએ છે. કંપની પાસે કરોડો રૂપિયાની મિલકતો છે. તો આ શેરમાં હાલના ભાવે રોકાણ કરવામાં ગુમાવવાના ૨ અને કમાવવાના રૂ. ૨૦ છે, તેથી હાલના ભાવે રોકાણ કરવું હિતાવહ છે.

**ઈન્વેસ્ટમેન્ટ પ્રિસીજન કાસ્ટીંગના શેર પોર્ટફોલિયોમાં વસાવો અને બે વર્ષ પછી પોતાની હોન્ડા સીટી ગાડી વસાવો**

# આ સપ્તાહે ફર્ટીલાઈઝર, ફાર્મા, ટેલિકોમ અને ઘડીયાળ ક્ષેત્રને સારો જયોતિષિય સહયોગ

**તા. ૨૮ ફેબ્રુઆરી થી ૪ માર્ચ , ૨૦૧૧**

**સપ્તાહ દરમ્યાન ગ્રહોની સ્થિતિ**

સપ્તાહ દરમ્યાન ચંદ્રમા ધન, મકર અને કુંભ રાશીમાં ભ્રમણ કરશે, રાહુ, અને પ્લુટો ધન રાશીમાં, સૂર્ય, બુધ, મંગળ અને નેપ્ચ્યુન કુંભમાં પરિભ્રમણ કરશે. શુક્ર મકરમાં, કેતુ મિથુન રાશીમાં, શનિ કન્યા રાશીમાં, ગુરુ અને યુરેનસ મીન રાશીમાં પરિભ્રમણ કરશે.

નવી સંવત ૨૦૬૮ (હિન્દુ નવું વર્ષ) ૪ એપ્રિલ, ૨૦૧૧ થી શરુ થશે, જયારે પણ નવી સંવત ચાલુ થાય છે, ગ્રહોકીય સ્થાન, જોડાણ અને દ્રષ્ટિને કારણે કેટલાંક નવાં સેકટર સારો દેખાવ કરવા લાગે છે અને ઘણાં સેકટર કે જે ગત સંવતમાં ગતિ દર્શાવતાં હતાં તેઓ ખરાબ દેખાવ કરવાનો ચાલુ રાખે છે.

ઘણી વખત એવું જોવા મળેલ છે કે રોકાણકાર / ટ્રેડર્સ (આ બાબત જાણતા નથી) આવા સેકટરોમાં રોકાણ કરે છે.(કે જેનો જોતિષિય સહયોગ પૂર્ણ થઈ ગયેલ છે.) પરિણામે નુકશાન કરી બેસે છે.

> **એસ્ટ્રોલોજી અને સ્ટોક માર્કેટ**
>
> 
>
> **સતિષ ગુપ્તા**
> **મો. ૦૯૮૧૧૭૩૮૩૬૬**
> **૦૯૮૧૦૦૧૮૪૩૮**
> http://www.astrostocktips.in
> E-mail : astrostocktips@rediffmail.com

અમારી એવી સલાહ છે કે તમારા જયતિષિય નાણાંકીય સલાહકારનો સંપર્ક કરો અને આવાં સેકટર વિષેની જાણકારી મેળવો.

**ચંચળતા** ચાલુ જ રહેશે, લક્ષાંકની રાહ જોયા વગર પ્રોફીટ બુકીંગ કરો.

અમો બજારની ભ્રામકતા માટે છેલ્લા ૩ માસથી ચેતવણી આપી રહેલ છીએ.

**ગ્રહોકીય** સ્થિતિ સૂચવી રહેલ છે કે હજુ પણ ખલેલ જનક સમાચારોનો પ્રવાહ વહેતો જ રહેશે.

ગ્રહોકીય ગોઠવણી મુજબ શેર બજાર ધ્રુજારીપૂર્ણ રહેશે.

**નીચે જણાવેલ ક્ષેત્ર જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે.**

**ફર્ટિલાઈઝર** : ચંબલ, નાગાર્જુન, જી એન એફ સી અને જી એસ એફ સી વગેરે

**ટેલીકોમ** : ભારતી, ટાટા કોમ્યુનિકેશન, આઈડીયા વગેરે

**ફાર્મા** : ડો રેડ્ડી, સિપલા, સન ફાર્મા અને રેનબક્ષી વગેરે

**ઘડિયાળ સેકટર** પણ જયોતિષિય સહયોગ મેળવી રહેલ છે. દરેક ઘટાડે ટાઈટન ખરીદો.

**જે સેકટર મજબુત એસ્ટ્રો સપોર્ટ મેળવતા હોય તે સામાન્ય રીતે બજારની નિમ્નગતિમાં અસરકૃત થતાં નથી.**

## ન્યૂઝ ટ્રેક

**ગુજરાતના બજેટમાં ૫૨૪ કરોડના વેરા : જનજીવન વધુ મોંઘુ થશે**

ગુજરાત વિધાનસભામાં રજૂ કરેલા વર્ષ ૨૦૧૧-૧૨ના અંદાજ પત્રમાં નાણાંમંત્રી વજુભાઈ વાળાએ તમાકુ અને તેની બનાવટો, મોબાઈલ ફોન હેન્ડસેટ પર વેરો વધાર્યો તેમજ કોલસો, ગેસ અને ઓઈલથી વીજળી પેદા કરતા વીજ ઉત્પાદકો ઉપર પ્રતિ યુનિટ ૨ પૈસા ગ્રીન સેસના નામે રૂા. ૫૨૪ કરોડનો કરબોજ લાદવાની દરખાસ્ત કરી હતી.

વજુભાઈએ અંદાજ પત્રમાં આવક-જાવકના આંકડા રજૂ કરીને ખાધને બદલે કુલ રૂા. ૧૫૯૮.૧૩ કરોડની પુરાંત રહેવાની ગણતરી મુકી છે. આના પરથી સ્પષ્ટ થાય છે કે ટેક્સ ક્રેડીટના રિફંડમાં સરકારને વધારે આવક થઈ છે.

**ગુજરાતને ૧૪ ટ્રેન મળી, અમદાવાદ-મુંબઈ વચ્ચે એસી ડબલડેકર ટ્રેન**

રેલવે મંત્રી મમતા બેનરજીએ વર્ષ ૨૦૧૧-૧૨માં જાહેર કરવામાં આવેલા નવા રેલવે બજેટમાં ની ૫૬ ટ્રેનો શરૂ કરવાની જાહેરાત કરી હતી. જે પૈકી ગુજરાતના ફાળે ૧૪ ટ્રેનોનો સમાવેશ થયો છે. આમ ગુજરાતના મુસાફરોને પ્રથમ વખત બજેટમાં અન્યાય ન થયો હોય તેવું લાગી રહ્યું છે. નોંધનીય છે કે ગત વર્ષના બજેટમાં ગુજરાતના આઠ નવી ટ્રેનો મળી હતી આ ટ્રેનો નવા બજેટ પહેલાં શરુ કરી દેવામાં આવી હતી.

**મોદીએ ગુજરાતના બજેટને વિકાસની હરણફાળ ભરનારું દર્શાવ્યું**

મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના અંદાજપત્રને રાજયની ગતિશીલ વિકાસયાત્રા માટે હરણફાળ

**અનુસંધાન પા.નં. ૫ ઉપર**

**સોનાની ખાણ પૂરવાર થાય તેવી સલાહ માટે વાંચતા રહો : ધી ઈકોનોમિક રેવલ્યૂશન**

ધી ઈકોનોમિક રેવલ્યૂશન

**મિત્રો,** **તંત્રીની કલમે....**

ગત સપ્તાહે ત્રણ ખાસ બાબતો બની. સંસદમાં ૨૦૧૧-૧૨ના વર્ષ માટે આર્થિક સર્વે રજૂ કરવામાં આવ્યો, મમતા બેનરજી દ્વારા રેલવે બજેટની રજૂઆત થઈ અને વજુભાઈ વાળા દ્વારા ગુજરાતના બજેટની પણ રજૂઆત થઈ.

આર્થિક સર્વેની વાત કરીએ તો આર્થિક સર્વેમાં જીડીપી વૃધ્ધિ દર ૮.૭૫ ટકાથી ૯.૨૫ ટકાની આસપાસ નક્કી કર્યો છે. હાલમાં જયારે ખાદ્યચિજોના અને કોમોડીટીના ભાવ નીચે આવવાનું નામ લેતા નથી, ફૂગાવો ટોચ પર બિરાજે છે, મીડલ ઈસ્ટના દેશોમાં અજંપાના કારણે ક્રુડ ઓઈલના ભાવ વધે છે અને તેના ભાવ માટે આખું વિશ્વ ચિંતિત છે, હાલમાં ૭૦ ટકા કરતાં પણ વધુ તેલ આયાત કરવું પડે છે અને સ્વદેશમાં પેટ્રોલ અને ડીઝલ તેમ જ ખાદ્ય પદાર્થોના ભાવ વધ્યા પછી ઘટવાનું નામ પણ લેતા નથી ત્યારે ઔદ્યોગિક ઉત્પાદનોની પડતર પણ વધુ ઉંચે જઈ રહેલ છે ત્યારે આ વૃધ્ધિ દર કેવી રીતે શકય બનશે તે એક સવાલ છે. જો કે સંસદમાં ખાદ્ય ચિજોના અસાધારણ ભાવ વધારા ઉપર તેમ જ યૂરો ઝોનમાં ધીમા સુધારા બાબત ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી છે, આમ છતાં આ સર્વેમાં આર્થિક સુધારા માટે ખાસ ભલામણો કરવામાં આવી છે. વિદેશી રોકાણકારોને આકર્ષવા માટે રોકાણ મર્યાદા વૃધ્ધિની પણ વાત છે, જો આમ બને તો તે બજાર માટે સારી બાબત ગણી શકાય.

મમતા બેનરજી દ્વારા રજૂ થયેલ રેલ બજેટની વાત કરીએ તો આમ આદમીનો બોજો ન વધે તેવું બજેટ આપી મમતા બેનરજીએ લોકપ્રિય રેલવે બજેટ આપવા પ્રયત્ન કરેલ છે. ગુજરાતને થોડી ગાડીઓ આપી, પરંતુ તેમના રાજય બંગાળને ઉદ્યોગોની ભેટ આપવાનું ચૂકયા નથી. નેનો પ્લાન્ટ માટે ચમકેલા સિંગુરમાં એક મેટ્રો કોચની ફેકટરી બનાવવાની જાહેરાત કરી નેનો પ્લાન્ટ ખસી જવાને કારણે સિંગુરવાસીઓની વધેલ સમસ્યાને હળવી કરવા પ્રયત્ન કરેલ છે. આમ જમણો હાથ મોઢા તરફ વળે તે કહેવત સાચી પડી છે. સીનીયર સીટીઝન, મહિલાઓ વગેરેને આ બજેટથી રાહત મળે તેમ કરવામાં આવેલ છે. રેલવેના ૧૪ લાખ કર્મચારીઓ માટે પ્રોત્સાહક યોજનાઓની પણ જાહેરાત કરેલ છે, રેલવેના અકસ્માતોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને એન્ટી એક્સિડન્ટ ડીવાઈસ લગાડવાની પણ જાહેરાત કરી છે આમ છતાં મમતાજીનું બંગાળ માટે ખાસ ખાસ મમત્વ દેખાઈ આવે છે, પરંતુ રેલવેના મુસાફરોની સલામતી માટે તેઓ કોઈ ખાસ જોગવાઈ કરવાનું ભૂલી ગયેલ હોય તેમ જણાય છે. ટ્રેનો સમયસર પહોંચે, પ્લેટફોર્મ પર અને ચાલુ ટ્રેને પણ ફેરિયાઓનો ત્રાસ, ચાલુ ટ્રેને સ્ત્રીઓની અસલામતી, વૃધ્ધો માટે ખાસ સુવિધાઓ, ટ્રેનમાં ઠંડા પાણીની વ્યવસ્થા, વગેરે માટે મમતાજી કોઈ પણ જોગવાઈ કરવાનું ચૂકી ગયાં છે. જો કે આમ છતાં આ બજેટ લોકોને સાનુકૂળ તો છે જ, પરંતુ રેલવેમાં સુરક્ષા અને સુવિધાઓ માટે ખાસ પગલાં લેવામાં આવ્યાં હોત તો આ સારા કહેવાતા બજેટને ચાર ચાંદ લાગી ગયા હોત.

અને હવે વાત કરીએ શુક્રવારે ગુજરાતના નાણાં પ્રધાન શ્રી વજુભાઈ વાળાએ ૧૭ મી વખત રાજયનું અંદાજપત્ર રજૂ કર્યું. આ અંદાજપત્રમાં ગુજરાતની પ્રજા પર રૂ. ૫૨૪ કરોડનો બોજો નાંખાયો, વિજળી દીઠ ૨ પેસા સેસ નાખી વિજળીને વધુ મોંઘી બનાવી, હવે આ બે પેસાનો કરંટ ઉદ્યોગોને, હોટલોને અને બીજાં કેટલાંક ક્ષેત્રને લાગશે, છેવટે આ ૨ પૈસા પણ મોંઘવારીની વૃધ્ધિમાં પોતાનો ફાળો આપશે અને વિકાસશીલ ગણાતા ગુજરાતમાં ગરીબ જનતાના માથે બોજો વધશે. જો કે આ બજેટમાં તેઓશ્રીએ તમાકુ અને તમાકુની બનાવટો પર વેરો વધારી એક સારું પગલું લીધેલ છે પરંતુ હવે સામાન્ય માણસ પણ મોબાઈલ વાપરતો થયેલ છે ત્યારે તે પર વેરો નાખી જનતાના ખિસ્સામાંથી પરસેવાના પૈસા સેરવી લીધેલ છે. ખાસ વાત એ છે કે રૂ. ૫૨૪ કરોડ જનતાના ખિસ્સામાંથી ખંખેરી લીધા પછી રૂ. ૫૭૪.૬૯ કરોડની પુરાંત રહેશે. આ બજેટને પ્રગતિશીલ બજેટ કહી શકાય કે કેમ ? તે એક પ્રશ્ન છે. હાલમાં ગુજરાતના માથે ૧,૧૩,૧૨૫ કરોડ દેવું છે સુધારેલા અંદાજ મુજબ હજુ પણ ૬૬૩ કરોડનું દેવું ઉમેરાવાની ગણતરી છે અને ૨૦૧૩-૧૪માં તો આ દેવામાં ૫૬૬૧૦ કરોડ બીજા ઉમેરાવાના છે. આ રીતે ગુજરાતના બજેટમાં આ દેવું ઘટાડવા માટેના કોઈ ખાસ પગલાં લીધેલ જણાતાં નથી. માત્ર વેરો વધારી પુરાંત દર્શાવવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે, જે જનતા માટે જીવન હજુ વધુ મોંઘું બનાવશે.

હાલમાં હવે સોમવારે આવનાર બજેટ પર સૌની નજર મંડાયેલી છે. અનેક કૌભાંડોથી જેની છબી ખરડાઈ ચૂકી છે તેવી સરકારને હવે લોકલુભાવન બજેટ આપવા સિવાય બીજો કોઈ રસ્તો નથી તેમ સ્પષ્ટ જણાય છે. આ બજેટમાં, ઉદ્યોગોને રાહત થાય તેવાં પગલાં લેવામાં આવશે, ખાસ કરીને મધ્યમવર્ગને રાહત થાય તે રીતે વેરાના માળખામાં અને દરમાં પણ ફેરફાર કરવામાં આવશે તેમ જ યુવાનોને વધુ રોજગારી મળે તે માટે વિદેશી રોકાણોને પણ પ્રોત્સાહન મળે તે માટે જોગવાઈ કરવામાં આવશે. જો કે ફૂગાવો અને રાજવિત્તિય ખાદ્ય આ બજેટમાં સરકાર સમક્ષનો એક પડકાર છે અને કૌભાંડોના કારણે વિરોધપક્ષોના હાથ થોડા મજબૂત બનેલ હોઈ આ બજેટ સત્ર આ સરકાર માટે કપરૂં રહે તેવી પુરી શકયતાઓ છે, અને તેથી જ રહી સહી આબરૂ સાચવવા આ સરકારે આ બજેટને લોકલુભાવન બનાવવું પડશે તેવું સ્પષ્ટ જણાઈ રહેલ છે.

આ સિવાય બીજી ખાસ વાત એ છે કે જનતાના નેતાઓ દ્વારા ચૂસેલા પૈસાનો મોટો જથ્થો વિદેશી બેંકોમાં જમા છે, જે પરત લાવવાની વાતો થાય છે, જો કે તેમાં વાતો સિવાય સક્રિયતા ઓછી જણાય છે, કારણ બધાને ખબર છે, જો આ કહેવાતા દેશ સેવકો આ નાણું પરત લાવી શકે તો કદાચ જનતાની સમસ્યાઓ અને ફૂગાવાનો પ્રશ્ન થોડા ઘણા અંશે હળવો કરી શકાય. કયારે આ થશે તે આ દેશભક્તો જાણે.

**જય હો,** **સર્વેત્રઃ સુખિનઃ સન્તુ,**

**નરેન્દ્ર જોષી, એડીટર**

# ભારતીય શેર બજાર નિર્ણાયક તબક્કામાં

વાંચક મિત્રો,

વૈશ્વિક બજારોના નકારાત્મક સંકેતો, ફેબ્રુઆરી સિરીઝની એક્સપાયરી અને દિગ્ગજ ફોરેન ફંડની આક્રમક વેચવાલી થકી ગત સપ્તાહે ભારતીય શેર બજારમાં ફરીથી મંદીનું તીવ્ર મોજું ફરી વળ્યું હતું. જયાં ઈન્ડેક્ષે ફયુચરની એક્સપાયરીના દિવસે જ ૫૪૬ પોઈન્ટનો કડાકો બતાવેલ. ગત

**રોકિંગ ટીપ્સ મેકર્સ**



**આશિષ નાયક**
**મો.**
**૯૩૭૬૯૮૮૭૬૫,**
**૯૯૨૪૨૭૯૮૨૫**
rosenayak.1984@yahoo.com

સપ્તાહના અંકમાં સ્પષ્ટ શબ્દોમાં જણાવેલ કે, સેન્સેક્સમાં એક મુખ્ય સપોર્ટ એટલે કે ૧૮૦૫૭ તૂટતા ઉછાળે તીવ્ર વેચવાલી જોવા મળે અને તે મુજબ જ ઈન્ડેક્સમાં ૧૮૦૫૭ તૂટતા ૧૭૪૮૬ ના ઘટાડા સાતે ૫૦૦ પોઈન્ટ ઉપરનો કડાકો બતાવેલ. સાપ્તાહિક ચાર્ટ ઉપર સેન્સેક્સ રાઈઝીંગ વીડ્થ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે સેન્સેકસમાં એક મુખ્ય અવરોધ નીચે ઉછાળે વેચવાલીના સંકેતો આપે છે. સેન્સેકસમાં ૧૭૯૯૭ ઉપર મંદીમાં ઊભા રહેવું નહીં. આગામી સપ્તાહની શરુઆતમાં કેન્દ્રીય નાણામંત્રી પ્રણવ મુખર્જી સંસદમાં બજેટ રજૂ કરશે જેના ઉપર બજાર અને બજારના પંડીતોની ચાતક નજર રહેશે. જેના વડે બજારમાં અતિ ટૂંકાગાળાની ચાલ નક્કી થતી જોવા મળે.

**નિફ્ટી ટેકનીકલ્સ**
**(૫૩૦૩.૫૫) :**

સાપ્તાહિક ચાર્ટ ઉપર નિફ્ટી રિક્ટેંગલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેડની રચના બનાવે છે જે નિફ્ટીમાં મુખ્ય અવરોધ ઉપર બંધ ન આપે ત્યાં સુધી ઉછાળે આક્રમક વેચવાલીના સંકેતો આપે છે. ગત સપ્તાહના અંકમાં જણાવેલ કે નિફ્ટીમાં જયાં સુધી એક મુખ્ય અવરોધ એટલે કે ૫૫૫૬ પાર ન કરે ત્યાં સુધી વેચવાલી જોવા મળે અને તે મુજબ જ નિફ્ટી એ ૫૪૮૦ નો મુખ્ય સપોર્ટ ફરીથી તોડી તેના અંદર બંધ આપતા ૨૪૩ પોઈન્ટથી વધારેની કમાણી કરાવી આપેલ. આગામી સપ્તાહે નિફ્ટીમાં એક મુખ્ય સપોર્ટ તૂટતા ૧૫૦ પોઈન્ટની કમાણી કરવાની તક દેખાય છે.

**<u>લાંબાગાળાના રોકાણકારો માટે</u>**
**આર્ચિસ લિમિટેડ**
**(બીએસઈ કોડ ૫૩૨૨૧૨)**
**(૩૭.૨૫) :**

ન્યુ દિલ્હી સ્થિત કંપની ગ્રીટીગ્સ, ગિફ્ટ વર્ક્સ અને ફેશન એસેસરીઝના વ્યવસાય સાથે સંકળાયેલી છે. કંપની વાઈન્ડ પેપર ઓફ કાર્ડસ, સ્ટેશનરી અને ગિફ્ટ આઈટમ્સનું ઉત્પાદન અને વેચાણ કરે છે. કંપનીની સ્થાપના શ્રી અનિલ મુલચંદાની દ્વારા ૧૯૭૯માં કરવામાં આવી હતી. કંપનીએ ૧૯૯૫માં ભારતીય મૂડી બજારમાં પ્રવેશ કરેલ. કૃત્રિમ ઝવેરાત, ક્રિસ્ટલ વેર, ચોકલેટ અને પરફ્યુમનું ઉત્પાદન અને વેચાણ કરે છે. ભારતીય ગિફ્ટ માર્કેટમાં કંપની ૫૦ ટકા ઉપર હિસ્સો ધરાવે છે. ૨૦૦૦ આઉટ લેટ્સ અને ફ્રેન્ચાઈઝીસ આર્ચિસ ગેલેરીના નામથી ૧૨૦ ભારતીય શહેરો અને ૬ જેટલા દેશોમાં લોકપ્રિય છે. છેલ્લે કંપનીએ આર્ચિસ પરફ્યુમ ને વેપન ગિફ્ટ પેકિંગમાં લોન્ચ કરેલ જેનો સારો પ્રતિસાદ પણ મળેલ છે. કંપની વર્તમાન સમયગાળામાં દૈનિક ધોરણે ૩ લાખ ઉપર કાર્ડ્સનું ઉત્પાદન કરે છે. કંપનીએ વિદેશમાં પોતાની બ્રાન્ડનો વ્યાપ વધારવા માટે કેટલીક વિદેશી કંપનીઓ જેવી કે ડેનીશ ધ મેનેશ અને ડીઝની કેરેક્ટર સાથે જોડાણ પણ કરેલ છે.

કંપનીએ પોતાની નવી ડીઝાઈન બજારમાં મુકવા માટે પેરામાઉન્ટ કાર્ડસ ઈન્ક, એન્ની ક્રેડેટ્સ, અને અમેરિકન ગ્રિટીગ્સ જેવી કંપનીઓ સાથે કરાર કરેલ છે.

શેરની વર્તમાન બુકવેલ્યુ રૂા. ૨૫.૭૨ છે જયારે ફેસવેલ્યુ રૂા. ૨ છે. શેરનો વર્તમાન પીઈ રેશિયો ૧૨.૫૪ ટકા છે જે ઈન્ડસ્ટ્રીયલ પીઈ રેશિયો ૨૦.૬૧ ટકાથી નીચે છે. ચાલુ સમયગાળા માટે કંપનીએ ૨.૯૬ ટકાના દરે ઈપીએસ પણ દર્શાવેલ છે. આ શેર લેવાની ભલામણ અમોએ સ્ટોક સ્પ્લિટ થયો તે પહેલાં એટલે કે રૂા. ૩૩ આસપાસ તારીખ ૨ ઓક્ટોબર૨૦૧૦ના અંકમાં કરેલ સાથે એ પણ જણાવેલ કે ત્રિમાસિક પોર્ટફોલિયોમાં રાખવો. જેણે માત્ર એક જ માસમાં રૂા. ૩૩ થી ૪૮ ટકાના ઉછાળા સાથે ૪૫ ટકા ઉપર બમ્પર વળતર આપેલ છે. કંપનીના વાર્ષિક પરિણામો ટર્ન એરાઉન્ડ જયારે ત્રિમાસિક ગાળાના પરિણામો મધ્યમ આવેલ છે. કંપનીએ વર્ષ ૨૦૦૯માં રૂા. ૧૩૯.૧૯ કરોડના વેચાણો ઉપર રૂા. ૧.૦૯ કરોડની ખોટ દર્શાવેલ જે વર્ષ ૨૦૧૦માં ૧૫૬.૫૮ કરોડના વેચાણ ઉપર ૮.૮૦ કરોડના નફો બતાવેલ છે.તદ્ ઉપરાંત કંપનીના ઓપરેટિંગ નફામાં પણ સુધારો જોવા મળેલ છે. વાર્ષિક દ્રષ્ટિએ ઓપરેટિંગ પ્રોફીટ રૂા. ૧૧.૮૭ કરોડથી વધીને રૂા. ૧૭.૫૧ કરોડ નોંધાયેલ છે.

**ટેકનીકલી (આર્ચિસ) :**

સપ્તાહના અંતે શેર બુલ ફલેગ ઈન અપ ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં મુખ્ય સપોર્ટથી આકસ્મિક તેજીના સંકેતો આપે છે. સાપ્તાહિક અને માસિક ચાર્ટ ઉપર શેર સાયમેટ્રિકલ ટ્રાયેંગલ ઈન ડાઉન ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં મુખ્ય અવરોધ પાર કરતા તેજીના નવા તબક્કામાં પ્રવેશવાના સંકેતો આપે છે. લાંબાગાળાના ચાર્ટ ઉપર શેર સાયમેટ્રીકલ ટ્રાયેંગલ ઈન અપ ટ્રેન્ડની રચના બનાવે છે જે શેરમાં ૨૦૦ ડીએમએ આસપાસ રોકાણ કરવાના સંકેતો આપે છે. ટેકનીકલી લાંબાગાળાના ચાર્ટનું બારીકાઈથી નિરીક્ષણ કરતા શેરમાં મુખ્ય સપોર્ટ આસપાસ રોકાણ કરનારને ૮૨ ટકા ઉપર મજબૂત વળતર મળી શકે છે. બાકી ગત સપ્તાહની તદ્દન ખરાબ પરિસ્થિતિમાં પણ અમે આપેલ ભલામણ કરેલ નિલકમલે રૂા. ૨૮૫ થી ૨૯૮નો ઉછાળો નોંધાવેલ. નિલકમલ એક મુખ્ય અવરોધ પાર કરી તેના ઉપર બંધ આ પે તો ૨૮ ટકા ઉપર વળતર મધ્યમગાળામાં આપી શકે છે. આર્ચિસમાં લાંબાગાળાના રોકાણકારોએ ઘટાડે મર્યાદીત માત્રામાં રોકાણ કરવું.

# નિફ્ટીનો ટેકો ૫૧૬૫ અને ૫૦૦૦, મહત્વની સપાટી ૫૩૮૦

**૨૫ ફેબ્રુઆરી ૨૦૧૧**
**શુક્રવાર**

નિફ્ટીનો ટેકો ૫૧૬૫ અને ૫૦૦૦ છે. ૫૩૮૦ મહત્વની સપાટી છે. માસિક તેમ જ સાપ્તાહિક ચાર્ટ મુજબ નિફ્ટી નબળો જણાય છે. બજાર પણ ખૂબ નબળું છે. ૫૩૫૦ અથવા ૫૪૦૦ ની આસપાસ પેનિક સેલીંગ જોવા મળી શકે.

રોકાણકારોએ આ સપાટીએ સાવચેત રહેવું, કારણ કે આ સપાટીએ બજાર એકાએક તૂટી શકે. જો સોમવારે બજાર રેન્જબાઉન્ડ રહે તો રોકાણકારોએ સાવચેતી રાખવી.

આ સપ્તાહે સામાન્ય ટ્રેડર્સે બજારથી દૂર રહેવુ. રોકાણકારોએ નીચે જણાવેલ શેરો ઘટાડે ખરીદવા

**ટેકનીકલ ટ્રેન્ડ**



**સંજય લાડ**
**મો.**
**૯૮૨૦૯૨૦૫૩૦**
**WEBSITE :**
**www.stockacademy.co.in**

## ડીલીવરી બેઈઝ ખરીદવા જેવા કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| PATEL ENG | 142 | - | 200 |
| UNITECH | 30 | - | 42 |
| HDIL | 120 | - | 180 |
| DABAR IND | 99 | 97 | 104 |
| INDIA INFOLINE | 73 | 72 | 78 |

## શોર્ટ સેલીંગ કરવા જેવા કેટલાક શેર

| SCRIPT | SUP. | S L | TGT |
|---|---|---|---|
| ADANIENT | 600 | 610 | 575 |
| ALLAHABAD BANK | 200 | 204 | 190 |

# બજારો યુનિયન બજેટ પરથી રૂખ લેશે

**વિતેલા સપ્તાહે** બીએસઈ સેન્સેક્ષ (૧૭૭૦૦.૯૦) અને નિફ્ટી (૫૩૦૩.૫૫) બંન્ને ૨.૮૧ ટકા અને ૨.૦૮ ટકા ઘટીને બંધ આવ્યા હતા.

**બુલેટ**



**નરેન્દ્ર નયનાની**
**મો.**
**૯૮૯૮૧૬૨૭૭૦**
nainaninarendra@Hotmail.com
Yahoo Messanger Id-narendranainani
www.narendranainani.blogspot.com

નિફ્ટી ફ્યુચર માર્ચ ૧૦.૨૫ પોઈન્ટના પ્રિમિયમ માં હતો. નિફ્ટી માર્ચ ૫૫૦૦ ના કોલ ઓપ્શનમાં ભારે રસ જોવાયો હતો.

**સેન્સેક્ષમાં સપોર્ટ** ૧૭૨૯૫ **તથા રેજીસ્ટન્સ** ૧૮૨૮૦ જયારે **નિફ્ટીમાં સપોર્ટ** ૫૧૮૦ અને **રેજીસ્ટન્સ** ૫૪૭૫ નો છે.

આવનાર સપ્તાહે ૨૮ ફેબ્રુઆરી ૨૦૧૧ના રોજ યુનિયન બજેટ પ્રણવ મુખર્જી દ્વારા રજૂ થશે. આ બજેટમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટને વધારે ફાયદો થશે.

એસબીઆઈ અને ટાટા મોટર્સ ના ઓપન ઈન્ટરેસ્ટમાં માર્ચ સિરીઝમાં રસ જોવાયો હતો. રિલાયન્સ ના માર્ચ ના કોલ ઓપ્શનમાં સ્ટ્રાઈક પ્રાઈઝ ૧૦૦૦ માં સારી પોઝીશન લેવાતી જોવા મળી છે. આઈએફસીઆઈ નાં કોલ ઓપ્શનમાં ફેબ્રુઆરી માસના સ્ટ્રાઈક પ્રાઈઝ ૫૫ પણ જોવા મળેલ છે.

**ફ્યુચર ઓપ્શનના ખેલાડીઓ માટે**

**૧. આઈસીઆઈસીઆઈ બેંક (૯૮૬.૨૫)** લોટ સાઈઝ ૨૫૦ શેર

- માર્ચ માસના સ્ટ્રાઈક ભાવ ૯૮૦ થી ૫૨.૬૫ રૂા. ના ભાવે એક કોલ ઓપ્શન ખરીદો.
- માર્ચ માસના ૧૦૨૦.૦૦ ના સ્ટ્રાઈક પ્રાઈસથી રૂ. ૩૪.૧૦ ના ભાવે એક કોલ ઓપ્શન વેચો.

**ચુકવેલ પ્રિમિયમ** = ૫૨.૬૫ ★ ૨૫૦ = ૧૩૧૬૨.૦૦ રૂ.

**મેળવેલ પ્રિમિયમ** = ૩૪.૧૦ ★ ૨૫૦ = ૮૫૨૫.૦૦ રૂા.

**ચોખ્ખું ચુકવેલ પ્રિમિયમ** = ૧૩૧૬૨.૫૦ - ૮૫૨૫.૦૦ = ૪૬૩૭.૫૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૦૨૦ - ૯૮૦ = ૪૦ ★ ૨૫૦ = ૧૦૦૦૦ - ૪૬૩૭.૫૦ = ૫૩૬૨.૫૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : = ૫૩૬૨.૫૦ રૂ.

**બ્રેક ઈવન પોઈન્ટ** : = ૯૯૮.૫૫

**૨. આઈએફસીઆઈ (૧૪૦.૨૦) :** માર્ચ માસ ફયુચર લોટ સાઈઝ ૨૦૦૦ શેર

- રૂ. ૧૪૦.૨૦ ના ભાવથી માર્ચ માસ ફયુચરનો એક લોટ ખરીદો.
- **વેચો એક કોલ ઓપ્શન** : માર્ચ માસ સ્ટ્રાઈક ભાવ ૧૫૦ થી રૂ.૪.૧૫ ના ભાવે

**મેળવેલ પ્રિમિયમ** : = ૪.૧૫ ★ ૨૦૦૦ = ૮૩૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નફો** : = ૧૫૦ - ૧૪૦.૨૦ = ૯.૮૦ ★ ૨૦૦૦ = ૧૯૬૦૦.૦૦ + ૮૩૦૦.૦૦ = ૨૭૯૦૦.૦૦ રૂ.

**વધારેમાં વધારે નુકશાન** : અસિમિત

**૧. સિન્ડીકેટ બેંક** (૧૧૩.૮૦) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**૨. કેનરા બેંક** (૫૮૮.૬૫) ઘટાડે આ સ્ટોક ખરીદીને વેપાર કરો.

**લાયન્સ રોર પા.નં. 3 નું ચાલુ**

કરીએ તો, કરેકશન સપાટી સેન્સેક્ષમાં ૧૫૯૮૫-૧૪૪૦૨-૧૨૮૨૦ અને નિફ્ટીમાં ૪૭૭૭-૪૨૯૫-૩૮૧૩ આવી શકે. આ રીતે, જો સેન્સેક્ષની ૧૭૨૯૫ અને નિફ્ટીની ૫૧૭૭ ની નીચેની સપાટી તૂટે તો સેન્સેક્ષ તેની ટેકાની સપાટીનો ગાળો ૧૬૨૩૩-૧૫૯૮૫ અને નિફ્ટી તેની ટેકાની સપાટીનો ગાળો ૪૮૪૨-૪૭૭૭ ને સ્પર્શી શકે.

સંકેતકો મિશ્ર ચિત્ર ઉભું કરી રહેલ છે. એમ એ સી ડી નકારાત્મક ટેરીટરીમાં હોવા છતાં વેચવાલીના સંકેત આપવાનું ચાલુ જ રાખેલ છે. આર ઓ સી હકારાત્મક છે અને તેથી તે બાય મોડમાં છે. આર ઓ સીએ ૩૮ સુધી તૂટેલ છે અને સેલ મોડમાં ચાલુ જ છે. સ્ટોકેસ્ટિક ઓસીલેટરે પણ સેલ સિગ્નલ આપેલ છે અને % કે દ્વારા % ડી ઉપરથી કપાયેલ છે, %કે પણ ઓવરબોટ ટેરીટરીમાં દાખલ થયેલ છે. મની ફલો ઈન્ડેક્ષ ૩૭ પર છે અને સેલમોડ ચાલુ જ રાખેલ છે. ઓબીવી એ લીડ ઈન્ડીકેટર છે અને તેણે હાણમાં જ બાય સિગ્નલ આપેલ છે. એડીએક્ષ ૨૨ સુધી ઘટીને સૂચવી રહેલ છે કે નિમ્નગતિએ તેણે કેટલિક મજબૂતાઈ ગુમાવી છે. જે રીતે +ડીઆઈ - ડી આઈ થી નીચે છે તે જોતા દીશાસૂચક સૂચકાંકો પણ 'સેલ મોડ'માં છે.

માર્ચ સીરીઝ માટે ૫૫૦૦ ના સ્ટ્રાઈક ભાવે કોલ રાઈટીંગ અને ૫૦૦૦ના સ્ટ્રાઈક ભાવે પુટ રાઈટીંગ જોવા મળેલ છે, આ સૂચવે છે કે નીચે તરફ ૫૦૦૦ ટેકાની સપાટી તરીકે અને ઉપર તરફ ૫૫૦૦ પ્રતિકારક સપાટી તરીકે કાર્ય કરશે. સેન્સેક્ષ માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૧૮૪૩૩ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૧૭૩૭૯ છે.

નિફ્ટી માટેની ટ્રેન્ડલાઈન પ્રતિકારક સપાટી ૫૫૨૩ છે જયારે ટ્રેન્ડલાઈન ટેકાની સપાટી ૫૨૦૧ છે. આવનાર સપ્તાહે સેન્સેક્ષ માટેનો ટેકો ૧૭૩૭૩-૧૭૦૨૫-૧૬૬૮૪ અને પ્રતિકારક સપાટી ૧૮૧૩૫-૧૮૫૪૨-૧૮૯૫૪ રહેશે. આવનાર સપ્તાહે નિફ્ટી માટેનો ટેકો ૫૧૮૭-૫૦૭૦-૪૯૬૧ અને પ્રતિકારક સપાટી ૫૪૨૩-૫૫૫૬-૫૬૯૦ રહેશે.

**પોઈન્ટ બ્લેન્ક પા.નં. ૧ નું ચાલુ**

સોમવારે વધારે વધઘટ તથા સ્ટોક સ્પેસિફીક મુવમેન્ટ જોવા મળી શકે છે. રોકાણકારોએ આ સપ્તાહે વધુ ટ્રેડ ન કરી તથા જેમાં ટ્રેડ કરે તેમાં મળતો નફો બુક કરી બેસી રહેવામાં શાણપણ રહેશે. સોમવારે વધુ વધઘટ વાળો દિવસ હોવાથી સ્ટોક સ્પેસિફીક એપ્રોચ રાખવો હિતાવહ રહેશે. અહીં આપેલી ભલામણોમાં ઘટાડે અથવા માર્કેટનો ટ્રેન્ડ જોઈને રોકાણ કરવું.

**હેક્ષાવેર : બંધ ભાવ (૫૪.૧૫) –**

આ શેરે એક પર એક બોનસ જાહેર કર્યો છે. તેથી આ સ્ટોક સ્પ્લિટ થઈને ૧૧૭ થી ૫૪ સુધી આવી ગયો છે. શુક્રવારે ૫૨.૨૦નો લો બનાવ્યો છે. હવે આ શેરમાં ઘટાડે રોકાણ કરી શકાય. ફન્ડામેન્ટલી મજબૂત શેર છે. તથા બોનસ જાહેર કર્યા પછી ઘણો ઘટી ગયો છે. આ શેરમાં ૫૦ નો સ્ટોપલોસ રાખીને ૫૮-૬૨નો ટાર્ગેટ રાખી શકાય.

**અરવિંદો ફાર્મા બંધ ભાવ (૧૬૫.૬૦) –** ફાર્મા સેક્ટર સાથે સંકળાયેલ આ શેર છેલ્લા સપ્તાહમાં લગભગ સ્પ્લિટ થયા પછી ૨૫-૩૫ ટકા ઘટી ગયો છે. તથા શુક્રવારના રોજ ૧૫૭.૨૫ની બાવન સપ્તાહની તળિયાની સપાટી બનાવીને ૧૬૫ બંધ આપ્યો છે. હવે આ સ્ટોકમાં વધુ ઘટાડાની જગ્યા દેખાતી નથી. રોકાણકારોએ આ સ્ટોકમાં ૧૫૫નો સ્ટોપલોસ રાખીને ઘટાડે લેણ કરી શકાય. તથા ઉપરમાં ૧૮૫-૧૯૦-૧૯૫નો ટાર્ગેટ રાખી શકાય.

**જૈન ઈરિગેશન બંધ ભાવ (૧૯૭.૫૫) –** ફન્ડામેન્ટલી મજબૂત આ સ્ટોકમાં ઘટાડે રોકાણ કરી શકાય. ૧૮૮નો સ્ટોપલોસ રાખીને ૨૦૦ ઉપર ૨૧૦-૨૨૦ નો ટાર્ગેટ રાખી શકાય.

**એજ્યુકોમ બંધ ભાવ (૪૯૫) –** એજ્યુકેશન ક્ષેત્ર સાથે સંકળાયેલ આ સ્ટોકમાં આવનાર બજેટમાં સરકાર તરફથી એજ્યુકેશન સેક્ટરને ઘણી રાહતો આપવામાં આવશે તેથી આ સેક્ટરમાં વધુ મુવમેન્ટ રહેશે. તેથી રોકાણકારોએ દરેક લેવલે એન્ટ્રી અને એક્ષિટમાં સાવચેતી રાખવી જોઈએ. આ સ્ટોકમાં ૪૮૫નો સ્ટોપલોસ રાખીને ઉપરમાં ૫૧૦-૫૨૫નો ટાર્ગેટ રાખી શકાય.

**રુચિ સોયા બંધ ભાવ (૧૦૧.૧૦) –** એગ્રિ બિઝનેસ સાથે સંકળાયેલ કંપનીમાં સરકાર દ્વારા આવનાર બજેટમાં એગ્રિ બિઝનેસને સારું પ્રોત્સાહન આપવામાં આવશે તેથી આ સ્ટોકમાં પણ વધુ મુવમેન્ટ જોવા મળી શકે છે. રોકાણકારોએ ૧૦૦ના ઉપર સ્ટોક ટકી રહે તો જ બાય પોઝીશન બનાવવી. તથા નીચેમાં ૯૫નો સ્ટોપલોસ રાખવો. ૯૫ની નીચે જતા વધુ ઘટાડો દર્શાવે તથા ૧૦૦ની ઉપર ૧૧૦-૧૨૦ ભાવ જોવા મળી શકે છે.

**માર્કેટ ટ્રેન્ડ પા.નં. ૧ નું ચાલુ**

સ્ટોપ લોસ રૂ. ૯૯૧, લક્ષાંક ૧૦૨૦

**૩. એસ બી આઈ ખરીદો :** રૂ. ૨૫૮૨.૬૫, સ્ટોપ લોસ રૂ. ૨૫૮૦, લક્ષાંક ૨૬૧૦

**૪. આઈ સી આઈ સી આઈ ખરીદો :** રૂ.૯૮૬.૨૫, સ્ટોપ લોસ રૂ. ૯૮૪, લક્ષાંક ૧૦૦૫

**૫. એક્ષીસ ખરીદો :** રૂ.૧૨૩૨.૫૦, સ્ટોપ લોસ રૂ.૧૨૩૦, લક્ષાંક ૧૨૫૫

**૬. બજાજ ઓટો ખરીદો :** રૂ.૧૨૮૨.૦૫, સ્ટોપ લોસ રૂ.૧૨૭૯, લક્ષાંક ૧૩૦૫

**૭. હીરો હોન્ડા ખરીદો :** રૂ.૧૫૦૦.૫૫, સ્ટોપ લોસ રૂ.૧૪૯૭, લક્ષાંક ૧૫૩૦

# ૨૮ ફેબ્રુ. થી ૦૪ માર્ચ ૫૨૫૦ નીચે બજેટ મંદીમયતાને અનુમોદન આપશે

**તા. ૨૮ ફેબ્રુ. થી ૦૪ માર્ચ ફેબ્રુઆરી**
**નિફ્ટી સાપ્તાહિક બંધ : ૫૩૦૪**
**(ગત સપ્તાહે ૫૪૫૯)**

સોમવારે બજારની શરૂઆત મજબૂતાઈથી થઈ અને પછીના ત્રણ દિવસ પણ બજાર હકારાત્મક રહ્યું, અને આપણા સાપ્તાહિક ટ્રેન્ડ પોઈન્ટ ૫૪૪૦ ઉપર ટ્રેડ થયું. ગુરુવારની ડેરિવેટિવ એક્ષપાયરીમાં ખૂબ વેચવાલી જોવા મળી અને નવું શોર્ટ થતું પણ જોવાયું. બજારે ૫૨૩૦ની નવી નીચી સપાટીને સ્પર્શ કર્યા પછી શુક્રવારે બજારે આપણા વાર્ષિક સ્ટોપલોસ ૫૩૦૦ ઉપર બંધ આપ્યો. સપ્તાહનો અંત ૧૫૫ પોઈન્ટના ઘટાડા સાથે આવ્યો.

અમારી વન ટુ કા ફોર ફોર્મ્યુલા મુજબ ૫૨૩૩ની નજીકની તળિયાની સપાટી સાથે, ૨%, ૪% સ્ટોપલોસ ૫૩૪૦, અને ૫૪૫૦ છે. તેથી લાંબા સમયનો સ્ટોપલોસ ૫૪૦૦ છે. તેથી નિમ્નગતિ માટેનો છેલ્લો સ્ટોપલોસ ૫૪૫૦ છે. આ નીચે અમારો વાર્ષિક સ્ટોપલોસ ૫૨૮૦ મહત્વનો ટેકો છે. આ નીચે મંદીમય તબક્કો શરુ થાય અને માત્ર અમારા વાર્ષિક સ્ટોપલોસ ઉપર જ બુલરેલીમાં ફેરવાય. નિફ્ટી ૨૦૦ એમ એ પણ બીજી ભરોસાપાત્ર રૂખ નિર્ણાયક છે જે હાલ ૫૬૦૦ છે. બજેટ ૫૩૦૦ - ૫૫૦૦ વચ્ચે બ્રેકઆઉટનો નિર્ણય કરશે.

હવે અમારી ટ્રેડર્સ અને ઈન્વેસ્ટર માટેની ૧૫ વિવિધ હીન્ટમાંથી ૧૩ હીન્ટ મંદી મય છે ૫૦માંથી ૪૬ નિફ્ટીના શેર તેમના મધ્યમગાળાના ટેકા નીચે નકારાત્મક ટ્રેડ થઈ રહેલ છે. ૨૩ નિફ્ટી શેર તેના ૫૦૦ ડી એમ એના લાંબા ગાળાના ટેકા ઉપર છે. વાચકો નિફ્ટીના ઈન્ટ્રાડે, ઈ ઓ ડી ટેકનીકલ ચાર્ટ અને એન એસ ઈ / બી એસ ઈ સ્ટોક્સ મોબાઈલ પર અને મારી સાઈટ પર જોઈ શકે છે. ભારતમાં સૌ પ્રથમવાર વિનામૂલ્યે.

**નિફ્ટી સ્ટોક્સ માટેની ટૂંકા ગાળાની રૂખ અને રિવર્સલ લેવલ નીચે મુજબ છે.** તેનો ઉપયોગ વ્યાપારમાં દાખલ થવા અથવા બહાર નિકળવા બે તબક્કામાં કરો.

**નિફ્ટી સૂત્ર**



દિનેશ એ. ઠાકુર
મો. ૯૮૨૨૦૫૦૯૪૯
dinuthakur@gmail.com
blog site– http://dinuthakur.blogspot.com

| STOCK | Trend | Trend Reversal |
|---|---|---|
| ACC | DOWN* | 1010,1030 |
| Ambuja Cem | DOWN* | 130,140 |
| Axis Bank | DOWN* | 1280,1320 |
| Bajaj Auto | DOWN* | 1320,1360 |
| Bharti Airtel | DOWN- | 335,336 |
| BHEL | DOWN- | 2150,2250 |
| BPCL | DOWN- | 610,670 |
| Cairn | UP* | 328,325 |
| Cipla | DOWN- | 330,335 |
| DLF | DOWN- | 240,270 |
| Dr. Reddy | DOWN* | 1640,1650 |
| GAIL | DOWN* | 470,480 |
| HCL Tech | DOWN* | 450, 470 |
| HDFC | DOWN* | 650,680 |
| HDFC Bank | DOWN* | 2120,2160 |
| Hero | DOWN- | 1760,1780 |
| Hindalco | DOWN* | 225,230 |
| HUL | DOWN* | 285,295 |
| ICICI Bank | DOWN* | 1010,1030 |
| IDFC | DOWN- | 145,170 |
| Infosys Tech | DOWN* | 3160,3240 |
| ITC | DOWN* | 160,165 |
| Jindal S&P | DOWN* | 670,690 |
| JPAssociate | DOWN- | 90,105 |
| Kotak Bank | DOWN* | 410,420 |

| STOCK | Trend | Trend Reversal |
|---|---|---|
| LT | DOWN- | 1670,1800 |
| Mah & Mah | DOWN* | 670,700 |
| Maruti | DOWN* | 1300,1330 |
| NTPC | DOWN- | 185,190 |
| ONGC | DOWN- | 295,310 |
| PNB | DOWN* | 1120,1150 |
| Power Grid | UP- | 98,99 |
| Ranbaxy | DOWN- | 510,530 |
| RCom | DOWN- | 115,120 |
| Reliance | DOWN- | 970,1000 |
| RIL Capital | DOWN- | 500,600 |
| RIL Infra | DOWN- | 670,720 |
| RPower | DOWN- | 130,150 |
| SAIL | DOWN- | 170,180 |
| SBIN | DOWN* | 2640,2720 |
| Sesa Goa | DOWN- | 320,325 |
| Siemens | UP* | 830,820 |
| Sterlite | DOWN- | 170,175 |
| Sun Pharma | DOWN* | 440,450 |
| Suzlon | DOWN- | 51,52 |
| Tata Motors | DOWN* | 1200,1220 |
| Tata Power | DOWN- | 1290,1300 |
| Tata Steel | DOWN* | 630,640 |
| TCS | UP* | 1100,940 |
| Wipro | DOWN* | 450,460 |

* ૫૦૦ એમ એ ઉપરના શેર

**આગામી સપ્તાહ :** આ સપ્તાહે માર્કેટ ટ્રેડીંગ રેન્જ (રોજીંદા બંધના ધોરણે) ૫૦૩૦ – ૫૬૩૦, વચ્ચે રહેશે. એટલે કે ટ્રેન્ડ પોઈન્ટ ૫૩૩૦ (જેમાં સપ્તાહ દરમ્યાન ટ્રેન્ડ પોઈન્ટને અપડેટ કરવા માટે સાપ્તાહિક આવક / નુકશાનના ૨૫ ટકા વધારો અથવા ઘટાડો ધ્યાનમાં લો.) તેમ જ અને સાપ્તાહિક રેન્જ +/- ૩૦૦ રહેશે.

નિફ્ટી માટેનો ૨૦, ૫૦, ૧૦૦, ૨૦૦ દિવસની ઈ એમ એ સપાટી ૫૪૪૦(-૬૦), ૫૬૦૦(-૬૦), ૫૬૯૦(-૩૦), ૫૬૦૦(-૨૦).

ઘટાડા સમયે ટ્રેડર્સે ટ્રીગર લેવલ પર તેમની લોંગ પોઝીશનમાંથી નિકળી જવું જોઈએ. આ પછી ફરી ટ્રીગર સપાટીએ અથવા તો નીચેની સપાટીએ વ્યાપારમાં દાખલ થવું જોઈએ. આ રીતે, ટ્રીગર તમારું રક્ષણ કરવામાં, વધુમાં વધુ નફો કરવામાં અને તમારી પોઝીશન જાળવી રાખવામાં મદદરૂપ નિવડશે.

**નિફ્ટી** જુદા જુદા ચાર્ટ પર ૨૦ એસ એમ એ લાઈન મુજબ નિફ્ટીની શરુઆત અને રૂખ નીચે મુજબ છે. ૩૦ મીનીટ -સમ, ૫૫૦૦, ૯૦ મીનીટ - નીચે, ૫૫૦૦, દૈનિક - નીચે ૬૧૦૦, સાપ્તાહિક - નીચે ૬૦૦૦,

## દિનુનું સપોર્ટ એન્ડ રેજીસ્ટન્સ, નિફ્ટી ટ્રેન્ડ અને સ્ટોપલોસ પત્રક

| Investor | Chart type | trade% Beta | Trend | From | Stop-loss | Gain |
|---|---|---|---|---|---|---|
| Derivative | Daily | 20 (+1.2) | DOWN | 5480 | 5330* | +180 |
| Swing trade | Weekly | 20 (1-1.2) | DOWN | 5470 | 5370* | +170 |
| Short term | Bi-weekly | 20 (1) | DOWN | 6060 | 5400* | +760 |
| Medium term | Monthly | 20 (1-0.8) | DOWN | 6000 | 5470* | +700 |
| Mutual Fund | Quarterly | 10 (-0.8) | DOWN | 5850 | 5700* | +550 |
| Long Term | Yearly | 10 (-0.8) | Neutral | 3670 | 5260/5700** | +2000 |

**નિફ્ટી માટે (રોજીંદો સ્ટોપલોસ + બંધ )/ ૨** ટ્રેડર્સને નિફ્ટી માટેની પછીના દિવસની રૂખ તેમ જ સ્ટોપલોસ દર્શાવશે. ટ્રેડર્સે ટ્રીગર પોઈન્ટ નીચે વ્યાપારમાંથી બહાર નિકળી જવું અથવા તો નીચેના ટ્રીગર પોઈન્ટે વ્યાપારમાં દાખલ થવું. જો બજાર રોજીંદા સ્ટોપલોસ કરતાં ૩૦ મીનીટ સુધી નીચેની સપાટીએ ટ્રેડ થાય તો રિવર્સ ટ્રેન્ડ ગણવો.

# ઈન્ફર્મેશન પુરતા સ્ટોક ધ્યાનમાં રાખો

નમસ્કાર મિત્રો,

આવનારા દિવસોમાં બજેટ સારું આવે તો ઉછાળો આટલે કે પુલ બેકની ગણતરી રાખી શકાય પરંતુ આ ઉછાળો પુલબેક ૬૦૦૦ ના લેવલ સુધી સીમિત રહે તેવું લાગે છે. અને આવનારા દિવસોમાં ૪૯૦૦-૪૮૦૦ ના લેવલ જોવા મળશે.

હાલના લેખમાં હું તમને રાકેશ ઝૂનઝૂનવાલા અને અનામ ગ્રુપ ના રોકડાનું લિસ્ટ આપી રહ્યો છું જે ઈન્વેસ્ટરો તે લોકોના આમારે રોકાણ કરતા હોય તેઓ માટે માત્ર ઈન્ફોર્મેશન પુરતું છે નહીં કે ઈન્વેસ્ટમેન્ટ કરવા માટે.

**(એ) રાકેશ ઝૂનઝૂન વાલા**

(૧) વાઈસ રોય હોટલ, (૨) ક્રિસીલ, (૩) પ્રાજ ઈન્ડ. (૪) આયોન એક્ષચેન્જ (૫) જીઓમેટ્રીક, (૬) આદીનાથ એક્ષીમ (૭) જેન ટેકનોલોજી (૮) એગ્રોટેક (૯) ઓટોલાઈન ઈન્ડ. (૧૦) ડેલ્ટા કોર્પ, (૧૧) રાલિસ ઈન્ડિયા (૧૨) ઓર્ચિડ ફાર્મા (૧૩) આલ્ફા નુવો (૧૪) ટાઈટન (૧૫) રિલાયન્સ બ્રોડકાસ્ટ (૧૬) નાગાર્જુન કન્સ્ટ્રક્શન (૧૭) એ ટુ ઝેડ મેઈન્ટેનન્સ (૧૮) લ્યુપીન (૧૯) પૂંજ લોઈડ (૨૦) આઈએફસીઆઈ

**(બી) એ નામ ગ્રુપ**

**પેનિક એન્ડ પ્રોફીટ**



નિશેષ એમ. જાની
મો. ૯૩૭૬૮૫૮૨૮૪

(૧) વા ટેક વાબાગ (૨) કનેક્ષ માઈક્રો (૩) આઈપી રિંગ (૪) મુંજાલ સોવા (૫) એમ આર એફ (૬) રાણે એન્જિનિયરિંગ (૭) એલ્ડર હેલ્થકેર

લાંબાગાળાના રોકાણકારો કે જેઓનો ઈન્વેસ્ટમેન્ટ ટાઈમ પાચં વર્ષથી ૧૦ વર્ષનો હોય તેઓ નીચે મુજબની કંપનીમાં રોકાણ કરી શકે છે.

(૧) આઈએલ એન્ડ એફએસ ઈન્વેસ્ટમેન્ટ (૨) નોઈડા ટોલ (૩) એમ્ફાસીસ (૪) ક્રિસીલ (૫) સ્ટાન્ડર્ડ ચાર્ટર્ડ (૬) નોવાર્ટિસ

રોકાણકાર મિત્રો હાલના તબક્કે બજાર અતિ ખરાબ થાય તો ૧૬૦૦૦ થી ૧૩૦૦૦ ની વચ્ચે આવશે અને તેમાં પસંદગીના સારા શેરોમાં ખરીદી કરી શકાય. ભારતના બજારો લાંબાગાળા માટે સારા રહેવાના અને આવનારા વર્ષમાં ૭૫૦૦૦ અને ૫૦૦૦૦ ના લેવલ સેન્સેક્સમાં બતાવશે માટે ઘટાડાનો એટલે કે કરેક્શનનો લાભ લઈ ને સારી કંપનીના શેર ખરીદીને રાખી મૂકો. અથવા તો મ્યુચ્યુઅલ ફંડમાં એસઆઈપી કરો. લાંબાગાળે વળતર મળશે.

ન્યૂઝ ટ્રેક પા.નં. ૩ નું ચાલુ

ભરનારું ગણાવ્યું છે. ગુજરાતમાં હાલની મહેસુલી પ્રાંત કચેરીઓની સંખ્યા બમણી કરીને નવા ૫૫ પ્રાંત સ્થાપવા અને આપણો તાલુકો વાઈબ્રન્ટ તાલુકો યોજનાના નિર્ણયને મુ. મંત્રીએ વિકેન્દ્રીત વહીવટી વ્યવસ્થાપનના ઐતિહાસિક નિર્ણયો ગણાવ્યા હતા. શ્રી મોદીએ વધુમાં જણાવ્યું હતું કે ડે - ટાઈમ સ્કૂલ ગ્રામીણ ગરીબ બાળકોને ઉત્તમ શિક્ષણની સુવિધા મળશે

**સરકારે ખાનગી કંપનીઓ પાસેથી ૩૮૦૦ કરોડની વીજળી ખરીદી**

વિધાનસભામાં પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન ઊર્જામંત્રી સૌરભ પટેલે જણાવ્યું હતું કે સરકારે જાન્યુઆરીથી ડીસેમ્બર ૨૦૧૦ દરમ્યાન ખાનગી કંપનીઓ પાસેથી કુલ ૧૧૧૪૮ મિલિયન યુનિટ વીજળી ખરીદ કરી હતી. જેના માટે ૩૮૦૦ કરોડ ચૂકવવામાં આવ્યા હતા.

## ( દીપનું દર્પણ ) – દીપેશ ગોહીલ



મો. ૯૭૨૭૯૯૦૯૮૦ veenmoney@gmail.com

| NAME | : NIFTY |
|---|---|
| BUY ABOVE | : 5313 |
| RES-1 | : 5380 |
| RES-2 | : 5420 |
| RES-3 | : 5480 |
| SELL BELOW | : 5313 |
| SUP-1 | : 5280 |
| SUP-2 | : 5210 |
| SUP-3 | : 5150 |



| NAME | : RELCAPITAL |
|---|---|
| BUY ABOVE | : 454 |
| RES-1 | : 463 |
| RES-2 | : 474 |
| RES-3 | : 483 |
| SELL BELOW | : 454 |
| SUP-1 | : 440 |
| SUP-2 | : 432 |
| SUP-3 | : 420 |



| NAME | : BANK NIFTY |
|---|---|
| BUY ABOVE | : 10454 |
| RES-1 | : 10530 |
| RES-2 | : 10620 |
| RES-3 | : 11000 |
| SELL BELOW | : 10454 |
| SUP-1 | : 10300 |
| SUP-2 | : 10110 |
| SUP-3 | : 9958 |



| NAME | : ONGC |
|---|---|
| BUY ABOVE | : 262 |
| RES-1 | : 269 |
| RES-2 | : 276 |
| RES-3 | : 283 |
| SELL BELOW | : 262 |
| SUP-1 | : 253 |
| SUP-2 | : 246 |
| SUP-3 | : 239 |



| NAME | : BHARTIARTL |
|---|---|
| BUY ABOVE | : 329 |
| RES-1 | : 337 |
| RES-2 | : 345 |
| RES-3 | : 352 |
| SELL BELOW | : 329 |
| SUP-1 | : 321 |
| SUP-2 | : 314 |
| SUP-3 | : 304 |



| NAME | : HINDALCO |
|---|---|
| BUY ABOVE | : 200 |
| RES-1 | : 211 |
| RES-2 | : 220 |
| RES-3 | : 231 |
| SELL BELOW | : 200 |
| SUP-1 | : 194 |
| SUP-2 | : 188 |
| SUP-3 | : 170 |



### OUR PERFORMANCE

| STOCKS | REC.HIGH/LOW PRICE | | TARGET |
|---|---|---|---|
| NIFTY | 5453 | 5232 | 1 TARGET ACHIEV. |
| BANKNIFTY | 10925 | 10170 | 2 TARGET ACHIEV. |
| JINDALSAW | 207 | 188 | 1 TARGET ACHIEV. |
| JKCEM | 137 | 122 | 2 TARGET ACHIEV. |
| BALARAM. | 73 | 65.75 | 1 TARGET ACHIEV. |
| BHARAT.. | 318 | 298 | 2 TARGET ACHIEV. |

ATTENTION

The material contained in the Economic Revolution is based on Fundamental and Technical analysis & other scientific methods and also the knowledge and belief of author. Error can not to be rulled out. The information given is of advisory nature only. The Editor, the Publisher and the Author does not take any consequences arising out of it. All rights reserved. Reproducing to whole or in part of any matter including featurs without permision is not permitted. Letgal jurisdiction is Ahmedabad only. The material given in the Economic Revolution is the views of author only, it not means that Editor is agree with it, so Editor, the Publisher and the printer is not resposible for the contains in writers article.

Narendra Joshi, Editor,
The Economic Revolution.

# માર્કેટ ટ્રેન્ડ

માર્કેટ લાંબાગાળે તેમજ મધ્યમગાળા અને શોર્ટ ટર્મ માટે મંદીમાં છે. પણ હવે પ્રશ્ન થાય છે હજુ મંદી રહેશે કે ટર્ન થશે. ટર્નિંગનો સિગ્નલ તો હવે બજેટ પછી જ નક્કી થશે. સેન્ટીમેન્ટ વધારે નબળું છે. તેથી વોલ્યુમ સ્ટ્રેન્થ આવતા ટાઈમ લાગશે. પણ ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ સ્ટોક ધીરે ધીરે આવા સમયમાં સંગ્રહ થતા હોય છે. એવા કયા કયા સ્ટોક છે તેની ઉપર વોચ રાખવી પડે. માર્કેટ ટર્ન થવાની તૈયારીમાં હતું પણ એ ઈજીપ્ત અને લિબિયાની રાજનીતિ તે ઓઈલમાં બુમ આવતા ડહોળાયું છે. તેથી સ્ટ્રોંગ કારણો આવે કે સ્ટ્રોંગ ફન્ડામેન્ટલ લાગે તો આવશે જો આવા સંજોગોમાં જો માર્કેટ નવું ટોપ બનાવે તો તે ખૂબ જ સ્ટ્રેન્થ છે તેમ સમજી જલદી વેચાણ કરવું નહીં.

**ટેકનીકલ એનાલીસીસ ફોર ફ્યુચર ટ્રેન્ડ**



ડો. ચંદ્ર વનવારી
મો. ૯૮૨૫૯૦૦૮૪૯
www.vccfuturetrading.com

**મિડીયા ટ્રેડીંગ :**

મિડીયા ટ્રેડીંગ મને લાગે છે કે તે ટેકનીકલ એનાલિસીસના ઈન્ડિકેટર કરતા વધારે સારું છે. તેમાં કોઈ બે મત નથી. તમે જોશો કે મોટા ભાગના મેજર ટ્રેન્ડ રિવર્સલ હંમેશા અખબારો (પ્રિન્ટ મિડીયા) નો હેડ લાઈનમાં આવ્યા પછી થાય છે. જ્યોર મિડીયા કહે કે હવે ઈન્વેસ્ટ કરવામાં સાવચેતી રાખવી માર્કેટ ખૂબ જ ઓવર બોટ થઈ ગયું છે તો સમજવું કે હજુ ટોપ કે બોટમ દૂર છે. મોટાભાગની તેમની આગાહીઓ ખોટી પડતી હોય છે. પણ શોર્ટ ટર્મ માટે તેમના કોઈ ન્યુઝ કોઈ પ્રસંગ ભયંકર લાલચ કે ડર ઘુસી જતાં ત્રણ દિવસ સુધી તો તેનો અસર થાય છે. જો ન્યૂઝ કે ઈવેન્ટ સ્ટ્રોંગ હોય તો ત્રણથી ચાર અઠવાડીયા સુધી તેની અસર થયા કરે છે. તેથી મિડીયાની આગાહીના અને મંતવ્યોનો જો રેકોર્ડ રાખો અને તે પ્રમાણે વર્તો તો મને લાગે છે તમને કોઈ કોમ્પ્યુટર કે ટેકનીકલ એનાલિસીસની જરુર ના પડે.

પહેલા મારું મંતવ્ય હતું કે ફક્ત ટેકનીકલ ઉપર જ વધારે ધ્યાન આપવું પણ મને અત્યારે લાગે છે તે ખોટું છે કારણ કે માર્કેટ ઈમોશનથી ચાલે છે અને ઈમોશન મિડીયાથી થાય છે. વધુ આવતા અંકે. હેપ્પી ટ્રેડીંગ.....

# કેન્દ્રીય બજેટમાં થનારી પોઝીટીવ જાહેરાતો થકી તોફાની ઉછાળો નોંધાય તેવી સ્ક્રિપ્ટો

સોમવારે રજૂ થનારા કેન્દ્રિય બજેટમાં થનારી પોઝીટીવ જાહેરાતો થકી તોફાની ઉછાળો નોંધાવે તેવી સ્ક્રિપ્ટો અત્રે દર્શાવેલ છે....... સ્વનિર્ણયે વેપાર ગોઠવવો.

**(૧) આરઈઆઈ એગ્રો (૫૩૨૧૦૬) (૨૮.૪૫) :** નજીકમાં જ ૩૦ ઉપર ૩૨ થી ૩૬.

**(૨) આઈએફસીઆઈ (૫૦૦૧૦૬) (૫૦.૩૫) :** નજીકમાં જ ૫૫ થી ૫૯.

**(૩) આઈઆરબી ઈન્ફ્રા. (૫૩૨૯૪૭) (૧૮૦.૭૦) :** નજીકમાં જ ૧૯૦ થી ૧૯૭.

**(૪) આરઈસી (૫૩૨૯૫૫) (૨૩૦.૨૫) :** નજીકમાં જ ૨૩૭ થી ૨૪૩.

**(૫) ડીએલએફ (૫૩૨૮૬૮) (૨૧૨.૮૫) :** નજીકમાં જ ૨૨૬ થી ૨૪૮.

**(૬) ઈન્ડસ ઈન્ડ બેંક (૫૩૨૧૮૭) (૨૧૬.૧૫) :** નજીકમાં જ ૨૨૩ થી ૨૩૦.

**(૭) એચડીઆઈએલ (૫૩૨૮૭૩) (૧૫૧.૪૫) :** નજીકમાં જ ૧૬૨ થી ૧૭૨.

**(૮) આરબીએન (૫૩૩૧૪૩) (૬૬.૪૦) :** નજીકમાં જ ૭૫ થી ૮૬.

**(૯) યુનિટેક (૫૦૭૮૭૮) (૩૩.૪૦) :** નજીકમાં જ ૪૧ થી ૪૮.

**(૧૦) નાગાર્જુન ફર્ટી. (૫૦૦૦૭૫) (૨૭) :** નજીકમાં જ ૩૨ થી ૩૬.

**(૧૧) સેસાગોવા (૫૦૦૨૯૫) (૨૮૩) :** નજીકમાં જ ૨૯૩ થી ૩૦૬.

**(૧૨) હિંદ ઓઈલ (૫૦૦૧૮૬) (૧૬૦.૮૦) :** નજીકમાં જ ૧૬૯ થી ૧૮૦.

**(૧૩) મારુતિ (૫૩૨૫૦૦) (૧૧૭૦.૭૫) :** નજીકમાં જ ૧૨૦૨ થી ૧૨૫૧.

**હોટ કેક**



પારસ ઘેલાણી
મો. ૯૦૯૯૦૧૦૮૨૭
ghelani.paras@gmail.com
parasghelani@rediffmail.com
http://letusgrowtogether111.blogspot.com

**(૧૪) સુપર સ્પિનિંગ (૫૨૧૧૮૦) (૧૧.૧૭) :** નજીકમાં જ ૧૪ થી ૧૮.

**(૧૫) એચઓસીએલ (૫૦૦૪૪૯) (૩૦.૬૦) :** નજીકમાં જ ૩૪ થી ૪૧.

**(૧૬) આલોક (૫૨૧૦૭૦) (૨૦.૬૫) :** નજીકમાં જ ૨૩ થી ૨૬.

**(૧૭) કરુતુરી (૫૩૧૬૮૭) (૫૪.૭૦) :** નજીકમાં જ ૧૮ થી ૨૧.

**(૧૮) હિંદ કોપર (૫૧૩૫૯૯) (૨૮૮.૮૫) :** નજીકમાં જ ૩૪૦ ઉપર ૩૭૪ થી ૪૦૬.

**(૧૯) એસ. કુમાર (૫૧૪૩૦૪) (૫૫.૯૦) :** નજીકમાં જ ૬૫ ઉપર ૭૩ થી ૮૧.

**(૨૦) ઉષર એગ્રો. (૫૩૨૭૬૫) (૯૨.૧૫) :** નજીકમાં જ ૧૦૨ થી ૧૧૮.

**(૨૧) ચંબલ ફર્ટી. (૫૦૦૦૮૫) (૬૮.૫૦) :** નજીકમાં જ ૭૫ થી ૮૨.

**(૨૨) આઈડીએફસી (૫૩૨૬૫૯) (૧૩૮.૨૫) :** નજીકમાં જ ૧૪૫ થી ૧૫૪.

**(૨૩) જીએમઆર ઈન્ફ્રા. (૫૩૨૭૫૪) (૩૯.૯૦) :** નજીકમાં જ ૪૫ થી ૫૨.

**(૨૪) એલઆઈટીએલ (૫૩૨૭૭૮) (૩૭.૨૦) :** નજીકમાં જ ૪૩ થી ૫૦.

**(૨૫) એસઈએલ એમસીએલ (૫૩૨૮૮૬) (૧૮.૩૫) :** નજીકમાં જ ૨૩ થી ૨૭.

**(૨૬) એનટીપીસી (૫૩૨૫૫૫) (૧૭૦.૪૫) :** નજીકમાં જ ૧૭૬ થી ૧૮૧. **(૨૭) રિલા. ઈન્ફ્રા. (૫૦૦૩૯૦) (૨૯૮) :** નજીકમાં જ ૬૮૦ થી ૭૧૨.

ફ્રી ઈંગ્લીશ ઈ-પેપર વાંચવા માટે વિઝીટ કરો www.theeconomicrevolution.com

# બજારની હાલની પરિસ્થિતિ ભર્યા નાળિયેર જેવી અનિશ્ચિત છે : કેન્દ્રીય બજેટની દરખાસ્તો ખુલ્લી થતાં ક્લીયર થઇ જશો

**બીએસઈ સેન્સેક્સ**
**બંધ : ૧૭૭૦૦.૯૧**

વાચક મિત્રો, સોમવારે સંસદમાં આપણા નાણામંત્રી શ્રી પ્રણવ મુખરજી ૨૦૧૧-૧૨ માટેનું બજેટ રજું કરશે. આજે રેલ્વે મંત્રી કુમારી મમતા બેનરજીએ રેલ્વે બજેટ સંસદમાં રજુ કર્યુ જેને કોર્પોરેટ જગતે અને સીનીયર સીટીઝનોએ ખાસ વધાવ્યું છે. અમો અગાઉથી અત્રે લખતા આવ્યા છીએ કે દેશના ઘણા રાજયોમાં વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે. જેને ધ્યાનમાં રાખીને અને લીમીટમાં છૂટછાટ રોકાણકારો માટે અનેક ટેક્ષ ફ્રી બોન્ડોનું રોકાણ અને લક્ષ્યમાં ૧૦ ઉપરનો જીડીપીનો લક્ષ્યાંક સાથે કામ કરી રહેલી સરકાર લોકોની - બજારની અને કોર્પોરેટ જગતની અપેક્ષાએ સારું આવવાની ઘણી જ શક્યતા દેખાય છે.

સરકાર તેનો વિકાસ પ્રોગ્રામ દેવા સાધનોથી પણ ચાલુ રાખશે.

૨૦૧૦માં બજારના મુખ્ય ચાલક પરિબળ એવી એફઆઈઆઈએ ૧.૧૨૬૨૨ કરોડનો માલ ઈન્ડિયાના શેરબજારમાંથી ખરીદ્યો.

## STOCK MARKET ON BUDGET DAY AND ONE WEEK AFTER BUDGET IN LAST DECADE




વર્તમાન પરિસ્થિતિમાં બહાર આવેલાં અનેક સ્કેન્ડલોનો ઢાંક પીછોડો કરવા તેમજ પ્રજા ચારે બાજુથી આફરીન પોકારે તેવું બજેટ રજુ કરવાનો આ

> **નિફ્ટી ૫૧૭૭ તૂટે તો ૫૦૮૮, ૪૭૦૦, ૪૬૬૦, ૩૪૦૦ અને સારા બજેટ થકી ૫૬૫૦ ક્રોસ કરે તો ૫૬૯૦, ૫૮૬૦ જોવા મળે.**

વખતે ૧૦૦ નહિ ૧૧૦ ટકા પ્રયત્ન થશે. મીડલ ક્લાસ લોકો માટે આઈટી

જોકે એફઆઈઆઈના ઈક્વિટી અને દેવા સાધનોના રોકાણથી ૨૦૧૧ના વર્ષમાં ૧.૪૨ લાખ કરોડથી ૧.૩૭ કરોડ આવેલ છે. એટલે કે ૨૦૧૧ની શરૂઆતના મહિનામાં એફઆઈઆઈ વેચવાલ રહી છે.

આ વર્ષના ૨૦૧૧માં હજુ સરકારનો અનેક પીએસયુનું ડીસઈન્વેસ્ટમેન્ટ કરવાનું હોઈ સરકારનું બજેટ બજારને વેગ મળે તેવું આવવાની ગણતરી રખાય. ખાસ કરીને બંધ પડેલ યુરીયાના કારખાના ફરી ચાલુ થાય અને ખેતી ક્ષેત્ર વધુ રોકાણ અને ખેત ઉત્પાદન વધે તે માટે બનતા પ્રયત્ન સરકારના હશે.

અને ખાસ કરીને ફુગાવો કાબુમાં લેવા સાથે ટેક્ષ રીફોર્મસ ઉપર ધ્યાન હશે. બાકી હાલમાં બજાર જ્યા આવીને ઊભું છે ત્યાંથી બજેટ થકી શું થશે તે કહેવું અતિ મુશ્કેલ કામ છે.

> **બજેટ ગમે તેવું આવે અતિ પેનીકમાં વેચવું નહીં તેમજ અતિ ઉત્સાહમાં ઉછાળામાં ભરાવું નહીં.**

માટે આપણે હાલમાં આજ સુધીની બજારની ચાલ ઉપરથી ટેકનીકલી બજારમાં શું શક્યતાઓ છે તે તપાસવી રહી. પ્રથમ આજ સુધીના બજારની ગતિવિધિ અને બાદમાં બજારની રૂખ જે ટેકનીકલ રૂખ છે જે બજેટની પ્રપોઝલો થકી ચેઈન્જ થઈ શકે છે.

પ્રથમ ગત સપ્તાહની સેન્સેક્સની ચાલ જોઈ લઈએ.

આપણા સેન્સેક્સ રાજાએ સપ્તાહ દરમિયાન ૯૮૭.૯૩ના નેગેટીવ ઉછળ-કુદ બાદ સાપ્તાહિક ઓપનથી -૫૩૭.૬૩ અને આગલા સાપ્તાહિક બંધ કરતાં - ૫૧૦.૬૧નો નેગેટીવ ક્લોઝ આપેલ છે.

અત્રે એક રસપ્રદ અવલોકન આપેલ છે. છેલ્લા દશકામાં બજાર બજેટના દિવસે તેજી કે મંદી જે હોય તેનાથી પછીના સપ્તાહમાં જુદુ જ ચાલતું જોવા મળેલ છે. જેથી બંધ પાઘડી પહેરી લેવી નહીં. મીન્સ અગાઉના દશકામાં થયું હોય તેવું આ દશકામાં થાય એવું જરૂરી નથી. છતાં અત્રે એક ગ્રાફિક્લ કોઠો આપેલ છે.

હવે આવતા સપ્તાહ માટેના સેન્સેક્સના સપોર્ટ અને રેઝીસ્ટન્સ જોઈ લઈએ.

હાલના તબક્કે પહેલાં સપોર્ટનું મહત્ત્વ છે. આમેય અમો કહેતાં આવ્યા છીએ કે ''ટેકાઓ તૂટવા માટે છે અને અવરોધો રોંધવા માટે.'' બાકી બાજી બધી પ્રણવદાના પટારામાં છે. સોમવારે ખ્યાલ આવી જશે કે બજારનું શું થશે.

**બજાર માટેના સપોર્ટ :**
**સેન્સેક્સ ૧૭૭૦૦.૯૧**

(૧) ૧૭૫૨૦ (૨) ૧૭૪૭૫ (૩) ૧૭૨૯૫ (૪) ૧૬૯૧૦★ (૫) ૧૬૭૮૦★ (૬) ૧૫૭૩૦.

**અવરોધો :**

(૧) ૧૮૨૩૮ (૨) ૧૮૪૫૮ (૩) ૧૮૫૪૩ (૪) ૧૮૬૭૭ (૫) ૧૯૦૯૫ (૬) ૧૯૩૮૭ (૭) ૧૯૪૧૯.

> **સોમવારની ગતિવિધિ ઉપર માર્જીન કોલ બજારનું મુખ્ય ચાલકબળ હશે.**

ડેઈલી અને મંથલી ચાર્ટ મંદીની વધુ શક્યતા બતાવે છે. બાકી સ્પષ્ટ કરેલા લેવલો તૂટે તો ઝડપથી ૧૫૭૩૦ જોવા મળે.

બાકી ચાર્ટમાં જાડી લાઇનથી બનાવેલ ટ્રેકની જે બાજુ નીકળશે તે બાજુ બજાર ખેંચાશે. આવતા સપ્તાહમાં સોમવાર બજાર માટે બધી જ રીતે અગત્યનો સાબિત થશે. મહિનાનો છેલ્લો દિવસ છે અને બજેટનો પણ દિવસ છે. અત્રે દોરેલી જાડી બે લાઈન નીચે તરફની ટેસ્ટ કરી સોમવારના ખુલતા ઉપર બજાર બંધ આવશે તો માર્ચ - એપ્રિલ - મે તેજી થશે જેની શક્યતા ફક્ત અને ફક્ત સાપ્તાહિક ચાર્ટ ઉપર જોવા મળે છે. બાકી ડેઈલી અને માસિક ચાર્ટના મોતીયા મરી ગયા જેવો ખેલ છે.

હવે જોઈએ નિફ્ટીની ગતિવિધિ અને આવતા સપ્તાહ માટેની શક્યતાઓ.

સપ્તાહ દરમિયાન આપણી નિફ્ટી રાણીએ ૨૯૩.૫૦ પોઈન્ટના ઠુમકા માર્યા બાદ સાપ્તાહિક ઓપનથી -૧૫૩.૧૦ અને આગલા સાપ્તાહિક બંધથી -૧૫૫.૪૦ નરમ બંધ આપેલ છે.

ડેઈલી અને માસિક ચાર્ટ નરમાઇ બતાવે છે. સાપ્તાહિક ચાર્ટ ક્યાંક સપોર્ટ લેવાના ચાન્સ બતાવે છે. છતાં ૫૧૭૭ નીચે ૪૭૦૫ની શક્યતા દેખાડે છે. તો ૫૫૭૦ ઉપર ફરીને ૬૦૦૦ કે ૬૩૦૦ની શક્યતા દેખાડે છે. ૫૧૭૦ નીચે તેજીમાં રહેનારને ૫૦૦ ગુમાવવાના છે. ૫૫૬૦ ઉપર પણ અવરોધ ઘણાં આવશે. જો નીચેના ટ્રેન્ડનો સપોર્ટ કરે તો અને ઉપરના ટ્રેન્ડનું રેઝીસ્ટન્સ પાર કરે તો બજાર ૪ થી ૬ માસમાં નવો હાઈ બનાવે જે ફક્ત વીકલી ચાર્ટના હિસાબે શક્ય લાગે છે. બાકી ચાર્ટ લલ્લુ થઈ ગયા છે. ૫૨૦૦ નીચે તેજીમાં ના રહેવાય તેવું અમારું માનવું છે. હવે ૫૧૭૦ તૂટે તો ૨૦૦૮નું ફરી પુનરાવર્તન થાય અને નિફ્ટીની ગતિ ૩૪૦૦ તરફ થઈ જાય.

હવે આપણે નિફ્ટીના ટેકા અને અવરોધો જોઈ લઈએ.

**નિફ્ટી**
**બંધ : ૫૩૦૩.૫૫**
**સપોર્ટ :**

(૧) ૫૨૩૩ (૨) ૫૨૦૧ (૩) ૫૧૭૮ (૪) ૫૦૯૦ (૫) ૪૭૦૦ (૬) ૪૬૬૦ (૭) ૩૪૦૦.

**રેઝીસ્ટન્સ :**

(૧) ૫૪૫૬ (૨) ૫૫૨૫ (૩) ૫૫૬૩ (૪) ૫૫૯૫ (૫) ૫૬૪૪★ (૬) ૫૭૨૨ (૭) ૫૮૨૪ (૮) ૫૮૬૪

> **સેન્સેક્સ ૧૭૨૯૫ તોડે તો ૧૬૯૮૮, ૧૫૭૩૦, ૧૫૬૧૯, ૧૧૩૧૫★, ૭૫૦૧ સારા બજેટ થકી ઉપરમાં ૧૮૮૦૦ ઉપર ૧૯૦૩૦ થી ૧૯૦૭૦, ૧૯૫૬૦ થી ૯૫૮૮.**

૫૬૪૪ ઉપર જ બજારની જાનમાં જાન આવે. હાલમાં વર્તમાન મંદીના માર્જીન કોલને લઈને બજારમાં કેશના સ્મોલકેપ અને મીડકેપના અનેક ગોલ્ડમાઈન જેવા શેરો ફૂંકાતા જોવા મળે જે સીલેક્ટીવ ભેગા કરનારને અવશ્ય લાભ થાય. બાકી અમોએ ભવિષ્યમાં બોનસ આવી શકે તેવી ૫૦૦ થી ૧૦૦૦ સ્ક્રિપ્ટ શોધી કાઢી છે. જેમાં ઘટાડામાં રોકાણ કરનારને જરૂરથી ફાયદો થાય એવું અમારું માનવું છે.

MARVELLOUS SMS CLUB MEMBERSHIP

| PERIOD | EQUITY FEES (In Rs.) | F&O FEES (In Rs.) | COMBO FEES (In Rs.) |
|---|---|---|---|
| 1 Month | 10000 | 30000 | 35000 |
| 6 Month | 50000 | 150000 | 175000 |
| 12 Month | 90000 | 270000 | 315000 |

Contact : Mr. LALIT SHAH (Mobile : 098250 56396)
Marvellous Global, Inc.

રૂબરૂ મુલાકાત માટે ફોન કરીને આવવું.

## પ્રાઈમરી માર્કેટના તાણા-વાણા

### પીટીસી ઈન્ડિયા તેના ફાઈનાન્સ યુનિયન આઈપીઓ માર્ચમાં લાવશે

પાવર ટ્રેડર્સ પી ટી સી (ઈન્ડિયા) તેની નાણાકીય સેવાઓ આપતા એકમ માટે આવનાર માસના મધ્યમાં આઈપીઓ ભરણા માટે ખુલ્લો મુકવા માટે વિચારી રહેલ છે. આ કંપનીનો હાલમાં આ નાણાકીય એકમમાં ૭૭.૬ ટકા જેટલો હિસ્સો છે જે આ આઈપીઓ પછી ઘટીને ૬૦ ટકા જેટલો થઈ જશે. ગોલ્ડમેનં શેસનો હિસ્સો જી એસ સ્ટ્રેટેજિક અને મેકક્વેરી ગ્રુપ લી. નો એક હિસ્સો મેકક્વેરી ઈન્ડિયા આ કંપનીમાં ૧૧.૨૦ ટકા હિસ્સો ધરાવે છે. આ ઈસ્યુ દ્વારા તેમનું યુનિટ લીસ્ટ કરાવીને પી ટી સી રૂ. ૬ બિલિયન એકત્રિત કરશે. એવન્યુ કેપિટલ, એસ બી આઈ કેપિટલ માર્કેટસ, જે એમ ફાઈનાન્સિઅલ સર્વિસીસ, આઈ સી આઈ સી આઈ સિકયુરીટીઝ અને આલમન્ડસ ગ્લોબલ સિકયુરીટીસ આ ઈસ્યુ માટે પોતાની સેવાઓ આપશે.

### લવેબલ લીગ્નેરીએ પ્રિ આઈપીઓ પ્લેસમેન્ટ દ્વારા રૂ. ૨૦ કરોડ એકત્રિત કર્યા

મુંબઈ સ્થિત લવેબલ લીગ્નેરીએ પ્રિઆઈપીઓ પ્લેસમેન્ટ દ્વારા રૂ. ૨૦ કરોડ એકત્રિત કરેલ છે. આ અનુસાર આ કંપનીએ રૂ. ૨૦૦ ના ભાવે ૧૦ લાખ શેર એસ સી આઈ ગ્રોથ ઈન્વેસ્ટમેન્ટને આપેલ છે. આ પ્રિ આઈપીઓ પ્લેસમેન્ટ પૂર્ણ ભરપાઈ થયેલ મૂડીના ૫.૯૫ ટકા જેટલા છે. આ કંપનીએ તેનો રૂ. ૧૦ નો એક એવા ૪૫,૫૦,૦૦૦ શેરનો આઈપીઓ લાવવા વિચારી રહેલ છે. આનંદ રાઠી એડવાઈઝર્સ લી. આ આઈપીઓના લીડ મેનેજર તરીકે કાર્ય કરશે. આ દરખાસ્તિત ઈસ્યુને કેર દ્વારા સરાસરી ફન્ડામેન્ટલના પ્રતિકરૂપ ગ્રેડ ૩ ફાળવવામાં આવેલ છે. આ કંપનીની બ્રાન્ડ લવેબલ, ડેઈઝી ડી અને કોલેજ સ્ટાઈલ ભારતમાં ૧૦૩ ડીસ્ટ્રીબ્યુટર્સ દ્વારા પુરી પાડવામાં આવે છે.

### ફીચ દ્વારા અન્જાનીયા લાઈફ કેરના આઈપીઓને ગ્રેડ-૨ ફાળવવામાં આવ્યો.

ફીચ રેટીંગ દ્વારા તેના તા. ૨૩ ફેબ્રુઆરીના અહેવાલ મુજબ અન્જાનીયા લાઈફકેરના દરખાસ્તિત ૫૦,૦૦,૦૦૦ ઈકવીટી શેરને ગ્રેડ -૨ આપવામાં આવેલ છે એટલે કે ફીચ દ્વારા આ કંપનીને સરાસરી કરતાં નબળા ફન્ડામેન્ટલવાળી ઠરાવવામાં આવેલ છે.

આ કંપની સુગ્રથિત ફાર્માસ્યુટિકલ કંપની છે જે એક્ટીવ ફાર્માસ્યુટિકલ ઈન્ગ્રેડીયન્ટના ઉત્પાદન અને વ્યાપાર સાથે સંકળાયેલ છે.

### માઈલસ્ટોન કેપિટલે આઈપીઓ આયોજન મુલતવી રાખ્યું

પ્રાઈવેટ ઈક્વીટી ફાર્મા માઈલસ્ટોન કેપિટલે સેબી સમક્ષ રજૂ કરેલ તેનું ડ્રાફ્ટ રેડ હેરીંગ પ્રોસ્પેક્ટસ પરત ખેંચેલ છે. જો કે સેબીનો એક અહેવાલ જણાવે છે કે આ કંપનીનો આઈપીઓ નાના રોકાણકારોને નુકશાનકારક થઈ શકે તે રીતનો હતો. તેથી આ આઈપીઓ પાછો ખેંચવામાં આવેલ છે, તેમ કહેવું તે કરતાં પાછો ખેંચવાની ફરજ પડેલ છે તેમ કહેવું વધારે યોગ્ય ગણાશે.

આ કંપની ૩૦ ટકા પોસ્ટ ઈસ્યુ પ્રિપેઈડ કેપિટલ સાથે ૪૨.૮૫ લાખ શેર સાથે બજારમાં પ્રવેશવા ઈચ્છુક હતી અને આઈડીએફસી, એડલવીસ કેપિટલ અને આઈ સી આઈ સી આઈ સિકયુરટીઝ તેના બુક રનીંગ મેનેજર તરીકે કાર્ય કરનાર હતા.

### સ્કીલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રૂ. ૧૦૦૦ કરોડ એકત્રિત કરવા મૂડી બજારમાં પ્રવેશશે

સ્કીલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ પ્લેસમેન્ટ તેમ જ આઈપીઓ દ્વારા રૂ. ૧૮૦૦ થી રૂ. ૨૦૦ કરોડ એકત્રિત કરશે. આ કંપની ચાલુ વર્ષમાં રૂ. ૧૦૦૦ કરોડથી રૂ. ૧૨૦૦ કરોડ આઈપીઓ દ્વારા એકત્રિત કરવા ધારણા રાખે છે. આ ઉપરાંતા બાકીના રુ. ૮૦૦ થી ૧૦૦૦ પ્રાઈવેટ પ્લેસમેન્ટ દ્વારા એકત્રિત કરવા માટે પણ આયોજન કરી રહેલ છે. આ કંપનીના આયોજન મુજબ તેમનો આઈપીઓ ચાલુ વર્ષના સપ્ટેમ્બરમાસમાં આવે તેવી શકયતાઓ છે. જયારે પ્રિ આઈપીઓ પ્લેસમેન્ટ આવનાર થોડા સપ્તાહોમાં જ આકાર લેશે. આ આઈપીઓ દ્વારા આ કંપની પીપાવાવ શીપયાર્ડમાં હાલમાં તેમનો હિસ્સો ૪૮ ટકા છે જે વધારીને ૫૧ ટકા કરવા માગે છે. આ ઉપરાંત પરદેશની કેટલિક કંપનીઓ હસ્તગત કરવા સાથે સંયુક્ત સાહસો રચવા પણ ધારે છે. આ માટે આ કંપની યુરોપ સાથે સ્કેન્ડીનેવીઆ અને દક્ષિણ અમેરિકા પર નજર નાખી રહેલ છે.

### ઓ એન જી સી એફપીઓમાં નાના રોકાણકારોને ૫ ટકા ડીસ્કાઉન્ટ મળશે

નાના રોકાણકારો જે આવનાર ઓ એન જી સી એફ પી ઓમાં રોકાણ કરવા ઈચ્છે છે તેમના માટે સારા સમાચાર છે કે તેમને ૫ ટકા ડીસ્કાઉન્ટ આપવામાં આવશે. આ કંપની નાના રોકાણકારોને વધુને વધુ ડીસ્કાન્ટ આપવા તેમ જ તેના કર્મચારીઓ માટે પણ શેર અનામત રાખવા હિમાયત કરી રહેલ છે.

સરકાર દ્વારા ઓ એન જી સીનો ૫ ટકા સ્ટેક ડીવેસ્ટ કરવામાં આવશે અને એફ પી ઓ દ્વારા રૂ. ૧૦,૮૦૦ કરોડ એકત્રિત કરવાની અપેક્ષા છે. આ એફ પી ઓ નાનાા રોકાણકારોને વધુ આકર્ષશે તેમ ચર્ચાઈ રહેલ છે. ઓ એન જી સી એ તેનો શેર વિભાજીત કરેલ છે એટલે કે આ કંપની તેનો રૂ. ૧૦ નો એક શેર રૂ. ૫ ના બે શેરમાં પરિવર્તિત કરેલ છે. આ ઉપરાંત આ કંપની ૧:૧ના પ્રમાણમાં બોનસ પણ આપેલ છે.

### ફાઈનોટેક્ષ કેમિકલનો આઈપીઓ ૧.૫૭ ગણો ભરાયો

ફાઈનોટેક્ષ કેમિકલ લી. નો આઈપીઓ ૨૩ ફેબ્રુઆરી, ૨૦૧૧ના રોજ જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવેલ જે તા. ૨૫ ફેબ્રુઆરીના રોજ રહેલ હતો, જે તેના અંતિમ દિવસ સુધીમાં ૧.૫૭ ગણો ભરાયેલ છે. આ કંપનીને તેના પ્રસ્તુત કરેલ ૪૨,૧૧,૧૬૦ શેર સામે ૬૬,૦૧,૧૪૦ શેર માટે અરજીઓ મળેલ છે જેમાં કયુ આઈ પી નો હિસ્સો બિલકૂલ ભરાયેલ નથી. બિન સંસ્થાકીય રોકાણકારો દ્વારા આ ઈસ્યુ ૦.૨૨ ગણો ભરાયેલ છે જયારે નાના રોકાણકારો દ્વારા તેમનો હિસ્સો ૪.૩૮ ગણો ભરાયેલ છે

### એક્રોપેટલ ટેકનોલોજીસનો આઈપીઓ ૧.૨૮ ગણો ભરાયો

એક્રોપેટલ ટેકનોલોજીસ લી. નો આઈપીઓ તેના બંધ થવાના દિવસ સુધી ૧.૨૮ ગણો ભરાયેલ છે. આ કંપનીને તેના પ્રસ્તુત કરેલ ૧,૯૩,૧૮,૧૮૧ શેર

અનુસંધાન પા.નં. ૭ ઉપર

બજેટ ૨૦૧૧-૧૨ પા.નં. ૭ નું ચાલુ

કરવામાં આવે તેમ જ ખેત વિષયક ચિજ વસ્તુઓ અને ઓજારો ખરીદવામાં ખાસ રાહતો આપવામાં આવે.

૧૮. ખેતિ વિષયક સાધન સરંજામ અને ઓજારો ખરીદવા માટે નાના ખેડૂતોને ખાસ લોન માટેની જાહેરાત

૧૯. નાના ખેડૂતો પાસે એક અથવા બે હેકટર જમીન હોય તેઓને શીડયુલ્ડ કોમર્શિયલ બેંક, પ્રાદેશિક ગ્રામ્ય બેંકો તરફથી ઓછા વ્યાજે ખેત વિષયક લોનની જોગવાઈ.

૨૦. બેંકીંગ અને વીમા ક્ષેત્ર માટે ખાસ જાહેરાતો.

**બજેટ પછીની અપેક્ષાઓ**

૧. નાણાકીય જયોતિષ મુજબ ફૂગાવાનો દર વધશે.

૨. ૨૦૧૧-૧૨ માં જી ડી પી વિકાસ ૮.૫ ટકાથી ૯ ટકાની વચ્ચે રહેશે.

૩. ૨ થી ૩ વર્ષના સમયગાળામાં ભારતમાં વિજની અછત જોવા મળશે નહીં.

૪. ભારત ૨ થી ૩ વર્ષના ગાળામાં ક્રુડ અને ઓઈલ ક્ષેત્રમાં સારી એવી બચત કરશે.

૫. ભારતીય ઔદ્યોગિક વિકાસ દર પણ વધશે.

૬. બજેટમાં ખૂબ જોરદાર ચર્ચા થશે.

૭. ખાદ્ય ચિજો તથા શાકભાજીના ભાવને કોઈ અસર થશે નહીં.

૮. આવક વેરામાં રાહત પૂરતી નહીં હોય.

૯. બેંકીંગ પોલીસીથી મોટા ઔદ્યોગિક ગૃહોને કોઈ સંતોષ નહીં થાય

૧૦. ઉચ્ચ આવક જૂથને કોઈ ફાયદો નહીં થાય.

૧૧. ઓછી આવક ધરાવનારાઓ માટે હાઉસીંગ લોન નીચી આવે.

૧૨. સ્ટોક અને કોમોડીટી ફયુચર ટ્રેડર્સ બજેટને આવકારશે.

મોટે ભાગે ખેડૂતો, યુવાનો, કરદાતા મધ્યમવર્ગ વગેરેને આ બજેટમાં ફાયદો થશે. જે સેકટરોને ફાયદો મળી શકે તેમાં પાવર, રિઅલ એસ્ટેટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઓઈલ અને ગેસ, હાયર એજયુકેશન્સ, એવીએશન્સ, ટુરિઝમ, હેલ્થ, ફર્ટિલાઈઝર્સ, ટેક્ષટાઈલ્સ, માઈનીંગ, બેંકીંગ અને ઈન્સ્યોરન્સ તેમ જ ટેકનીકલ એજયુકેસનનો સમાવેશ થાય છે. આ આવનાર બજેટમાં પ્રત્યક્ષ વેરામાં કોઈ ખાસ વૃધ્ધિ અપેક્ષીત નથી. ખાસ કરીને ઓછી આવક ધરાવનાર અને સિનિયર સીટીઝનને મદદરૂપ થવા તેમ જ મધ્યમ આવક જૂથના લોકોને મદદરૂપ થવા પ્રયત્ન થશે. તે માટે ટ્રાન્સપોર્ટ ખર્ચમાં ઘટાડો તેમ જ ટેક્ષ અને યુટીલીટી બીલ તેમનો બોજો ઓછો કરી શકે.

# પથ્થરનું એક સત્ય કે એને શિલ્પી સારા મળ્યા

જ્યારે આ આર્ટિકલ લખી રહ્યો છું ત્યારે રેલવે મિનિસ્ટરે રેલવે બજેટ જાહેર કરી દીધું છે જે કંઈ ખાસ નથી કે માર્કેટ ઉપર અસર કરે. આ બજેટને હું બંગાળી બજેટ જરુર કહીશ. હવે બધા સેન્ટ્રલ બજેટની રાહ જોઈ રહ્યા છે, કે સેન્ટ્રલ બજેટ કેવું હશે અને આની માર્કેટ ઉપર શું અસર થશે. માર્કેટ ઉપર જશે કે નીચે જશે. જે રીતે માર્કેટમાં બહુ જ ચડ-ઉતર થાય છે, ફેબ્રુઆરી અને જાન્યુઆરીમાં તે ઉપરથી માર્કેટ ની દિશા નક્કી કરવી -

**બાજ દ્રષ્ટિ**

**રાજુ વ્યાસ**

**ટેકનીકલ એનાલિસ્ટ**

વિહારવી પણ ખૂબ જ અઘરી છે. નિફ્ટી શુક્રવારે ૫૩૦૩.૫૫ નો બંધ આવ્યો. ફેબ્રુઆરી મહિનામાં નિફ્ટી ૫૫૯૯.૨૫ નો હાઈ ૧૮ ફેબ્રુઆરી અને ૫૧૭૭.૦૫નો લો ૧૧ ફેબ્રુઆરીના રોજ દર્શાવ્યો. અને આપણે જાન્યુઆરી અને ફેબ્રુઆરીની સરખામણી કરીએ તો નિફ્ટી ૬૧૮૧.૦૫નો હાઈ અને ૫૧૭૭.૭૦નો લો દર્શાવ્યો. આના પરથી હું એટલું કહી શકું કે માર્કેટ સમાચારોને ખૂબ જ વોલેટાઈલ છે અને નજીકના ભવિષ્યમાં વોલેટાઈલ રહેશે. કારણ કે બે મહિનામાં નિફ્ટી એ ૧૦૦૩.૨૧ (હાઈ - લો) ની વચ્ચે ટ્રેડ કર્યું છે, જેવું બહુ ઓછું જોવા મળે છે. આના કારણો ઘણા બધા છે. ગવર્નમેન્ટ પોલિસી, ૨-જી સ્પેક્ટ્રમ, બજેટની આશાઓ, એફઆઈઆઈની વેચવાલી, આ બધી અફવાઓ અને સમાચારોને કારણે બજાર ખૂબ જ વોલેટાઈલ રહ્યું. અને રિટેઈલ ઈન્વેસ્ટર્સ અને ટ્રેડર્સ ને મોટા પ્રમાણમાં નુકસાન થયું કે જે લોકો માર્કેટની ચડ ઉતર સમજી ના શક્યા અને પેનીક માં લોસ બુક કરવો પડ્યો. હાઈ પ્રાઈજ પર તેમને એવું લાગ્યું કે હવે માર્કેટ ઉપર જશે તેથી તેમને માલ ખરીદવો અને લો ઉપર એમ લાગ્યું કે માર્કેટ નીચે જશે તેથી તેમણે માલ વેચ્યો.

માર્કેટમાં કોઈપણ ના ફાવ્યું, મંદીવાળા પણ અને તેજી વાળા પણ. આવા માર્કેટમાં હું તમને શું સલાહ આપું છું કે ઈન્ટ્રાડે ટ્રેડર્સ માર્ચ મહિના માટે ટ્રેડ ના કરે અથવા તો થોડો સમય ઊભા રહેવાની તૈયારી રાખવી. અને મંદી ના ખેલાડીઓ માર્કેટથી દૂર રહે કારણ કે માર્કેટ ઘણું જ તુટી ગયું છે. અને બજેટ પછી થોડો બાઉન્સ બેક આવવાની પૂરી સંભાવના છે. માર્કેટ બંને તરફ ટ્રેડ કરશે. પણ એકંદરે તેની દિશા ઉપર તરફની હશે. કોઈ મોટું કરેક્શન આવે તો તમે વીક કે વધારે સમય માટે માલ લઈ શકો. જો માર્કેટમાં થોડો અથવા બહું મોટો ઘટાડો આવે તો બીજા એક બે વધારે દિવસમાં માર્કેટ ચોક્કસપણે થોડું બાઉન્સ બેક થશે. પણ આનો લાભ કોને થશે કે જે લોકો ઈન્ટ્રા ડે નહીં કરતા હોય તેને. માર્કેટ તમને હમેશા પ્રવેશ દ્વાર અને બહાર નીકળવાનો દ્વાર એટલે કે મોકો આપે જ છે. પણ થોડો પ્રોફીટ કે લોસ બુક કરીને તમને એક્ષિટ કરવા આવડવું જોઈએ. હમેશા લોકો વધારે મેળવવાની આશાએ જે મળ્યું હોય છે તે પણ ગુમાવી બેસે છે અને પરિણામે બહુ મોટો લોસ કરે છે. તમે કોઈ ખોટા ભાવે એન્ટર થઈ ગયા હો તો પણ માર્કેટ તમને બહાર નીકળવા માટે મોકો આપશે પણ તમને બહાર નીકળતા આવડે છે કે નહીં એ તમારા ઉપર છે.

જો લોકો આ સ્ટ્રેટેજી અપનાવે અને પ્રોફીટ-લોસ બુક કરે તથા સ્ટોપલોસ થી કામ કરે તેજ લોકો માર્કેટમાં કમાય છે. માર્ચ મહિનામાં નિફ્ટી ૫૩૦૩.૫૫ (શુક્રવારની બંધ) થી ઉપર ૫૩૩૭-૫૩૫૩-૫૩૭૧, -૫૩૯૯ અને જો તે ૫૩૯૯ ક્રોસ કરે તો ૫૬૯૯ ચોક્કસપણે દર્શાવશે. આ કોઈ પ્રિન્ટીંગ મિસ્ટેક નથી. ૫૬૯૯ ઉપર તે ચોક્કસ પણે ૫૭૯૯ દેખાડશે (એક્ષપાયરી સુધી), અને નીચેમાં તે ૫૨૭૪-૫૨૩૮-૫૨૮૧-૫૧૧૧-૫૦૬૬ બ્રેક કરે તો ૪૮૫૦ સુધી જઈ શકે. નિફ્ટી માર્ચમાં બંને તરફ ટ્રેડ કરશે. જે રીતના અહીં અપ અને હાઈ સાઈડ દર્શાવેલી છે. ૫૫૯૯ પહોંચે ત્યાં ખુબ જ સેલિંગ જોવા મળે છે અને ત્યાંથી નિફ્ટી નીચે તરફ આવે છે પણ જો તે ૫૬૦૦ ટચ કરીને અને અડધી કલાક જ માટે ટ્રેડ કરે તો તે ચોક્કસ તેજીના સંકેત દર્શાવે છે. ટૂંકમાં તે ૪૮૫૦ થી ૫૫૯૯ની વચ્ચે જોવા મળશે. હવે થોડું બજેટ વિશે, બજેટ વિશે હું નીચેના મુદ્દા ટૂંકમાં જણાવીશ.

**ઓટોમોબાઈલ :**

એક્ષાઈઝ ડ્યુટી વધશે = પ્રાઈઝ ઘટશે

**બેંકિંગ :** બેંકોને થોડી રાહતો મળશે = પ્રાઈઝ વધશે

**સીમેન્ટ :** સીમેન્ટ કંપનીને રાહત મળશે = પ્રાઈઝ વધશે

**આઈટી :** આઈટીને ઘણી બધી રાહતો = પ્રાઈઝ વધશે.

**શેર ટીપ્સ :**

રોકાણકાર માટે અને ટ્રેડર માટે કે જે સપ્તાહ સુધી રોકાણ જાળવી શકે છે.

| SCRIP Name | CMP Close prize | TGT | Stop loss |
|---|---|---|---|
| Zensartech | 159.55 | 164-171-175 | 151 |
| Rel. Infra | 637.55 | 666-679-696-712 | 608 |
| R.com | 87.45 | 92-95-98-103 | 81 |
| TCS | 1110.05 | 1133-1149-1166-1189 | 1081 |
| Reliance | 966.25 | 981-999-1014-1082 | 942 |
| Auro. Phar. | 165.50 | 172-179-188 | 157 |
| Aban | 543.95 | 586 | 519 |

# કોમોડીટીઝ માર્કેટમાં નીચા મથાળે ગોલ્ડમાં લેણ કરવું યોગ્ય અને કોપરમાં ઉપર સેલ કરવું

ગયા સપ્તાહમાં કોમોડીટીઝ બજારોએ નીચા મથાળેથી સુધારાની ચાલ આગળ વધારી છે. કોમોડીટીઝ માર્કેટોમાં ધીરે ધીરે માંગમાં વધારાને કારણે ભાવમાં વધારો બતાવ્યો છે. આમે મેટલ સેક્ટરમાં નબળાઈ બતાવી રહ્યું હતું. પરંતુ સિલ્વર, ગોલ્ડમાં માંગમાં વધારાને કારણે ભાવમાં સુધારો જળવાઈ રહ્યો હતો. ગયા સપ્તાહમાં છેલ્લા દિવસમાં ઉપરના મથાળાથી નફારુપી વેચવાલી આવી હતી. ક્રૂડમાં ભાવમાં સતત વધારાને કારણે બીજા સેક્ટરમાં નબળાઈ આવી હતી. ડોલરની મજબૂતાઈને કારણે આપણા ઈક્વિટી માર્કેટોમાં વેચવાલી આવી રહી છે.

કોમોડીટીઝ માર્કેટોમાં ચાર્ટ પ્રમાણે અલગ અલગ સેક્ટરોમાં તેજી મંદીની ચાલ વિરુદ્ધ ચાલી રહી છે. ચાર્ટનું મહત્ત્વ વધી રહ્યું હોવાના કારણે વધઘટ પણ વધારે આવી રહી છે.

**સોનાની ચમક**

**જીજ્ઞેશ**

**૯૭૨૪૫૨૮૮૯૮**

**ગોલ્ડ (૧૪૧૦) :** કોમોડીટીઝ માર્કેટમાં ગોલ્ડ ખૂબ જ મહત્ત્વનો રહ્યો છે. નીચામાં ૧૩૭૯ ના સપોર્ટ બાઈંગની પોઝીશન રાખવી. ઉપરમાં ૧૪૨૪ તેના ઉપર બે બંધ આવતા ૧૪૩૯ ડોલર આવવાની શક્યતા છે.

**સિલ્વર (૩૩૫૦) :**

સિલ્વરની વધઘટ ખૂબ મોટી છે. તેના કારણે નીચામાં ૩૧૪૫ની ખૂબ મહત્ત્વનો સપોર્ટ છે. અને ઉપરમાં ૩૪૦૦ પ્રતિકારક સપાટી છે.

**કોપર (૪૪૫૦) :** કોપરના ચાર્ટ મુજબ ઉપરના મથાળે રડવા થવાનું સૂચવે છે. ઉપરના મથાળે કોલ કરીને વેપાર કરવો યોગ્ય છે. નીચામાં ૪૩૨ અને ૪૨૫ આવવાની શક્યતા છે. ઉપરમાં સ્ટોપલોસ પેટે ૪૫૬.૫૦ રહે છે. બેસ્ટ ઓફ લક

# બજેટ ૨૦૧૧-૧૨ સામાન્ય માણસ માટે ડ્રીમ બજેટ હશે

આગામી કેન્દ્ર સરકારનું બજેટ આવનાર વર્ષ માટે ખૂબ મહત્વનો દસ્તાવેજ છે. આ બજેટ આગામી સમયની વ્યુહરચના સમજાવશે, વિવિધ વેરા અંગેની આગાહી કરશે, વિવિધ ક્ષેત્રો માટેની નાણાકીય ફાળવણી સૂચવશે અને અને વિવિધ ક્ષેત્રના વિસ્તૃતિકરણ માટેનું આયોજન દર્શાવશે. બજેટ એ સરકારી નાણાકીય પરિસ્થિતિની માહિતિ માટેનો અગત્યનો દસ્તાવેજ છે કે હવે તે આગળ ઉપર કેવી હશે. દર વર્ષે બજેટ પ્રસ્તુત થાય તે પહેલાં દેશ, ઉદ્યોગો અને લોકસમૂહ અમૂક અપેક્ષાઓ રાખતો હોય છે. જો કે આ વખતે ખાદ્ય પદાર્થો અને તેલ તરફથી ફૂગાવાનું દબાણ તે એક પડકાર અને જોખમ પણ છે.

૨૮મી ફેબ્રુઆરી, ૨૦૧૧ ના રોજ ૨૦૧૧ની સાલના બજેટની જાહેરાત સમયે કોંગ્રેસ દ્વારા સંચાલિત કેન્દ્ર સરકાર અર્થતંત્રનું વિહંગાવલોકન કરાવશે અને અર્થતંત્રની સિધ્ધિઓને આગળ કરશે તેવું જણાય છે. ૨૭મા નાણા પ્રધાન પ્રણવ મુખરજી આ બજેટ જાહેર કરી રહેલ છે. ભારત માટે વૈશ્વિક આર્થિક કટોકટીમાં સુરક્ષિત રહેવું કઠીન તો છે જ. બીજી બાજુ, બજેટ પણ જી ડી પી ગ્રોથ જાળવી રાખવાનું લક્ષ રાખશે. નાણાકીય જયોતિષ મુજબ વર્ષ ૨૦૧૧-૧૨ નું પ્રતિનિધિત્વ '૪' નો આંકડો કરે છે અને દિવસનું પ્રતિનિધિત્વ સૂર્ય કરે છે. તેથી રાહુ અને સૂર્યનું મેળાપીપણું રાજકીય નેતાઓની સ્થિતિમાં ગુંચવાડો પેદા કરશે. બજેટ દરમ્યાન ત્રણ ગ્રહો ખૂબ સારી સ્થિતિમાં છે અને તે છે બુધ, સૂર્ય અને મંગળ કે જે કુંભ રાશીમાં હશે. જે ભારતની કુંડળીના ૧૧મા ગૃહમાં છે. આ બધા ગ્રહોની રચના વિજ ઉર્જા, ઉચ્ચ શિક્ષણ, સ્ત્રી શિક્ષણ, રિઅલ એસ્ટેટ, મિડિયા, બેંકીંગ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર સેકટર માટે ખૂબ સાનુકૂળ છે. તેલ ક્ષેત્ર માટે પણ ખાસ વિચારણા અપેક્ષીત છે. એવું પ્રથમ વખત બની રહેલ છે કે જયારે આર્થિક વિકાસ અંગે ચર્ચા થઈ રહેલ હોય ત્યારે ગુરુ અને શુક્ર એક બિજાની સામ સામે હોય. ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્વાસ્થ્ય અને શિક્ષણ વધુ કેન્દ્રસ્થાને હશે. ખેત વિકાસ અને હાઉસીંગમાં ઘટાડો પણ બજેટની ચર્ચામાં અપેક્ષિત છે. આ અજોડ કોમ્બીનેશન બેંકીંગ, વીમો, મિડિયા, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હાયર ટેકનીકલ એજયુકેશન વગેરે ક્ષેત્રોને હકારાત્મક દોરવણી આપશે. આ ક્ષેત્રમાં સારા એવા પ્રમાણમાં ડાયરેકટ વિદેશી રોકાણ પણ આવી શકે.

બજેટ ૨૮મી ફેબ્રુઆરી ૨૦૧૧ ના રોજ રજૂ થશે અને સૂર્યને જે આંકડા અર્પિત છે તે મેટલ, માઈનીંગ, ખેતી, તેલ અને ગેસ, સિમેન્ટ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કેમિકલ, હાયર ટેકનીકલ એજયુકેશન, ટુરિઝમ, આર્ટ એન્ડ કલ્ચર વગેરેનું પ્રતિનિધિત્વ કરે છે. આ ઉપરાંત તે એમ પણ સૂચવે છે કે સરકાર લશ્કર, બેંકીંગ અને વીમા

**બજેટ ૨૦૧૧-૧૨**

**જયોતિષની દ્રષ્ટિએ**



**કર્નલ અજય**

**મો.**

**09414056705**

www.astromoneyguru.com

ક્ષેત્રના સુધારા માટે પણ ખાસ ધ્યાન આપશે. ભારતીય અર્થતંત્ર આવનાર ૩ થી ૫ વર્ષમાં જોરદાર વિકાસ દર્શાવશે તેથી તે માટે મજબૂત નાણાકીય માળખાની ખાસ જરુર છે, તેથી વિકસતા વૈશ્વિક અર્થતંત્ર સાથે તાલ મિલાવવા બેંકીગ સેકટરનો વિકાસ થાય તે ખુબ જરૂરી છે. ભારતીય ચલણ રૂપિયો પણ ખાસ માન્યતા મેળવી વિદેશી નાણા સામે ટર્નીંગ પોઈન્ટ ઉપર ઉભો છે અને તે માટે પણ મજબૂત વૈશ્વિક સ્તરનાબેંકીંગ માળખાની જરૂર છે, જે બેંકિંગ, ટેલીકોમ્યુનિકેશન્સ, વીમો, ઈર્જા, ઓટો, ડાયરેકટ ઈન્વેસ્ટમેન્ટને ખાસ તક પુરી પાડશે. યુવાનોને રોજગારીની વધુ તકો મળે તે માટે વૈશ્વિક સ્તરેથી ખાસ હાઈ ટેક એજયુકેશન સંસથાનોને તેમની શાખાઓ ભારતમાં ખોલવા માટે નિયંત્રણ આપવામાં આવે.

નાણાકીય જયોતિષ મુજબ બજેટ ૨૦૧૧ની અપેક્ષાઓ નીચે મુજબ છે.

૧. ખાસ ધ્યાન યુવાનો અને મધ્યમવર્ગની આવકો પર કેન્દ્રિત કરવામાં આવશે, તેમના માટે ઈન્કમટેક્ષમાં રાહત, વળતર, ઈન્કમટેક્ષ એકઝેપ્શનમાં રૂ. ૨ લાખ સુધીની વૃધ્ધિ, અને સ્ત્રીની વેરા પાત્ર આવક પણ બે લાખથી બે લાખ પચીસહજાર કરવામાં આવે જેવી રાહતો આપવામાં આવશે. સીનીયર સીટીઝન્સ માટે પણ ખાસ ટેક્ષફ્રી આવકમાં વાર્ષિક રૂ. ૨.૫ લાખ જેટલી આવક સુધી છૂટ આપવા જેવી રાહત આપવામાં આવશે.

૨. સીધા કરવેરામાં રાહત

૩. શિક્ષણ અને ઉચ્ચ ટેકનીકલ શિક્ષણ માટે તેમ જ દેશના વિવિધ સ્થળે આવી શૈક્ષણિક સંસ્થાઓ માટે ખાસ જાહેરાત.

૪. હોસ્પિટલનું આધુનિકરણ અને દેશના અનેક સ્થળે ખાસ સુવિધા ઉપલબ્ધ કરાવતી હોસ્પિટલો શરુ કરવી. સરકાર દેશમાં અને ખાસ કરીને પછાત વિસ્તારોમાં મોટી માત્રામાં પ્રાયમરી હેલ્થ સેન્ટર માટે પણ જાહેરાત કરી શકે.

૫. ગ્રામ્ય વિસ્તારમાં સ્ત્રી શિક્ષણ અને પ્રૌઢ શિક્ષણ માટે ખાસ જાહેરાત

૬. ખેત વીમા અને ખેત સરંજામ માટે ખાસ જાહેરાત

૭.હાઉસીંગ ક્ષેત્ર માટે પણ ખાસ જાહેરાત, જેમ કે હાઉસીંગ લોનમાં બીજી રાહતો. હાઉસીંગ સ્કીમ માટે ઈન્કમ ગ્રુપની ખાસ જાહેરાત.

૮. ઈલેકટ્રોનિક અને પ્રિન્ટ મિડિયા સેકટર માટે તેમ જ નવા વિદેશી રોકાણની મર્યાદા માટે તેમ જ તેમની મર્યાદામાં રાહતો માટે પણ જાહેરાત અપેક્ષિત.

૯. ૧૦૦ ટકા ગ્રામ્ય વિસ્તારોને અને ઉદ્યોગોને વિજળી મળે તે માટે પાવર પ્લાન્ટ અને બીજા વિજ આનુસંગિક ઉદ્યોગો સ્થાપવા માટે મદદગારી મળે તે માટે પાવર સેકટરને પણ સૌથી વધુ ફાયદો થઈ શકે. ગ્રામ્યવિસ્તાર અને ઉદ્યોગોના વિકાસ માટે શકય તેટલાં વધુ પગલાં લેવામાં આવે.

૧૦. વીન્ડ પાવર, વોટર પાવર વગેરે ઉર્જા પર્યાયને પણ ફાયદો થાય.

૧૧. તેલ અને વાયુ સેકટરને પણ કેટલોક ફાયદો થઈ શકે.

૧૨. સ્વાસ્થ્ય વીમા માટે પણ પ્રોત્સાહક પગલાં લેવામાં આવે.

૧૩. શિક્ષણના બજેટમાં વૃધ્ધિ થાય

૧૪. લશ્કરના સૈનિકો માટે ખાસ જાહેરાત થઈ શકે.

૧૫. અનુસુચિત જાતિ અને જનજાતિના યુવાનો તેમ જ લઘુમતિના યુવાનો માટે ખાસ પ્રોત્સાહક સ્કીમની જાહેરાત.

૧૬. લગુતમ વેતનની મર્યાદા પણ ઉપર લઈ જવામાં આવે.

૧૭. નાના ખેતમજૂરોનું દેવું માફ

**અનુસંધાન પા.નં. ૬ ઉપર**

**બાય એન્ડ સેલ પા.નં. ૧ નું ચાલુ**

(૨) હવે સરકાર ઉદ્યોગોના નફાને કેવી રીતે મુલવી રહી છે. બધા અપેક્ષા રાખી રહેલ છે કે બજેટમાં સાનૂકૂળ વેરો અને સબસીડીની જાહેરાત થશે કે જેથી ચાવીરૂપ કંપનીઓ જેવી કે કેપિટલ માર્કેટ, બેંકીંગ, ઓટો, ટેક્ષટાઈલ, ફર્ટિલાઈઝર્સ, ઓઈલ અને ગેસ, રિઆલીટી અને ઈન્ફ્રા વગેરેને ફાયદો થાય. જે સરકાર દ્વારા પુનઃરચનાની જાહેરાત થાય તે પર આધારિત છે, આગામી સપ્તાહમાં આપણને મજબૂત સેકટરમાં ખાસ હલચલ જોવા મળશે.

આપણે અપેક્ષા રાખી શકીએ કે ભારતીય બજારોમાં નાના રોકાણકારો અનો એફ આઈ આઈના વિશ્વાસને ટકાવી રાખવા વેરાના માળખાની પુનઃરચના કરશે જેમ કે એસ ટી ટી માં ઘટાડો અથવા તો તેઓ હાલની કેપિટલ ગેઈન માળખું પણ બદલી શકે.

(૩) ખાસ બાબત એ છે કે આ બધા સાથે આગળ વધવા માટે આપણે ફૂગાવાને નાથવો પડશે અને નીચે જ રહે તે જોવું પડશે. તેથી આ બાબતે સરકાર શું પગલાં લેશે તે જ આ બજેટની મહત્વની અપેક્ષા છે.

**૪.છેલ્લું પરંતુ અંતિમ નહીં**

મિડિયાને સંબોધન કરતી વખતે આપણા વડાપ્રધાને એ બાબતે સંકેત આપેલ કે તેઓ યુનિયન બજેટ પછી કેબિનેટની પુનરચના કરવા વિચારી રહેલ છે, જે તરફ નિષ્ણાતો નજર માડીને બેઠા છે, કારણ કે હાલમાં સત્તાધિન પક્ષ તેમના સહયોગીઓથી ખૂબ જ દબાણ હેઠળ છે, હવે તેઓ પુનઃરચના કરવા માગે છે તેનો અર્થ એ કે તેઓ હાલના ભ્રષ્ટાચારમાંથી પોતાની જાતને છૂપાવવા માગે છે અથવા તો પોતે આ ભ્રષ્ટાચારના આરોપમાંથી છટકી જવા માગે છે. અને બીજી પણ એક વાત બજારમાં ચર્ચાઈ રહી છે અને તે એ છે કે કોંગ્રેસ સંચાલિત આ સરકાર માત્ર કેબિનેટની પુનઃરચના કરવા જઈ રહી નથી, તેઓ વડાપ્રધાનને બદલવા પણ આયોજન કરી રહેલ છે. જો આમ બનશે તો, ૨૦૧૧નું વર્ષ બજાર માટે ખૂબ જ ખરાબ નિવડશે.

**આખરી સારાંશ**

**હાલની સરકાર 'કરો અથવા મરો' પરિસ્થિતિમાં છે.**

જો યુનિયન બજેટમાં કોઈ હકારાત્મક સરપ્રાઈઝ જોવા નહીં મળે તો ...

એફ આઈ આઈ વેચવાલ બની રહેશે

જો મીડલ ઈસ્ટમાં અજંપો ચાલુ રહેશે તો તે બજારને કચડી નાખશે, અગાઉની જેમ જ. આ સમયે બજારના ઘટાડા સમયે તેમ જ ઉપરના પાસાંઓ - વાસ્તવિકતા સાથે સરખામણી કરતાં જણાય છે કે આપણને સરકાર તરફથી કોઈ ટેકારુપ પગલાં લેવાયેલ જોવા મળેલ નથી. આપણે માત્ર એમ જ કહી શકીએ કે હવે આપણે ૨૦૦૮ તરફ પાછા વળી રહેલ છીએ.

ટેકનીકલી આપણે બજારમાં હજુ બીજો ૭ થી ૯ ટકા ઘટાડો જોઈ શકીશું એટલે કે ૪૯૫૦-૪૮૭૦ની સપાટી સુધી. જો નિફ્ટી ૫૨૨૦-૫૧૭૦ની સપાટી પસાર કરે અને તે ટકાવી રાખે તો ઉપર તરફ યુનિયન બજેટ કંઈક સારું થતું દર્શાવી શકે. તો પછી બજાર સહેલાઈથી ૫૫૮૦-૫૬૩૦ની સપાટી હાંસલ કરી શકે.

**જો કે બજાર વધુ લાગણીપ્રદ રહેલ છે, પુરવાર થયેલ હકિકત એ છે કે તેને મજબૂત ફન્ડામેન્ટલ અને ટેકનીકલ લાંબી જીંદગી આપશે જ.**

**સેન્સેક્ષ ૧૭૭૦૦**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૧ થી ૦૪ માર્ચ, ૨૦૧૧)**

આ સપ્તાહે ૧૭૮૫૬ અને ૧૭૫૨૩ અગત્યની સપાટીઓ તરીકે કાર્ય કરશે, આગામી સપ્તાહે જો સેન્સેક્ષ ૧૭૮૫૬ ઉપર ટકી રહે અથવા તો ૧૭૫૨૩ નીચે ટકી રહે તો તે મુજબ બજારની આગામી રુખ નક્કી થશે.

**ટેકાની સપાટી :** ૧૭૫૨૩, ૧૭૨૭૬, ૧૭૦૩૭ અને ૧૬૭૯૦

**પ્રતિકારક સપાટી :** ૧૭૮૫૬, ૧૮૦૬૩, ૧૮૩૦૬ અને ૧૮૫૨૭

**તા.૨૮ ફેબ્રુઆરીના રોજ સેન્સેક્ષની પરિસ્થિતિ**

આજે, જો સેન્સેક્ષ ૧૭૭૮૯ થી ઉપરની સ્થિતિ જાળવી રાખશે તો ઉપર તરફનો લક્ષાંક ૧૭૯૭૮-૧૮૦૬૩ રહેશે. નહીંતર તે ૧૭૪૨૦-૧૭૨૭૬ ની સપાટી સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી :** ૧૭૫૯૧, ૧૭૫૨૩, ૧૭૪૨૦ અને ૧૭૨૭૬

**પ્રતિકારક સપાટી :** ૧૭૭૮૯, ૧૭૮૫૬, ૧૭૯૭૮ અને ૧૮૦૬૩

**નિફ્ટી ૫૩૦૪**

**ટેકનીકલ દ્રષ્ટિકોણ (તા.૨૮ ફેબ્રુઆરી, ૨૦૧૧ થી ૦૪ માર્ચ, ૨૦૧૧)**

આ સપ્તાહે ૫૩૫૧ અને ૫૨૪૮ ની સપાટી અગત્યની રહેશે. જો નિફ્ટી ૫૩૫૧ ઉપર અથવા તો ૫૨૪૮ નીચે ટકી રહે તો તે આગામી બજાર માટેની રુખ નક્કી કરશે.

**ટેકાની સપાટી -** ૫૨૪૮, ૫૧૭૫, ૫૧૦૩ અને ૫૦૨૮

**પ્રતિકારક સપાટી -** ૫૩૫૧, ૫૪૧૪, ૫૪૮૬ અને ૫૫૫૩

**તા.૨૮ ફેબ્રુઆરીના રોજ નિફ્ટીની પરિસ્થિતિ**

આજે, જો નિફ્ટી ૫૩૩૪ ની સપાટી જાળવી શકે તો પછી તેનો ઉપર તરફનો લક્ષાંક ૫૩૮૭-૫૪૧૪ દર્શાવી શકે. નહીંતર નિફ્ટી ૫૨૨૦-૫૧૭૫ સુધી નીચે તરફ સરકી શકે.

**ટેકાની સપાટી -** ૫૨૭૧, ૫૨૪૮, ૫૨૨૦ અને ૫૧૭૫

**પ્રતિકારક સપાટી -** ૫૩૩૪, ૫૩૫૧, ૫૩૮૭ અને ૫૪૧૪

**ડીલીવરી પેક**

યાદ રાખો કે આપણે નીચે તરફ **૪૯૫૦-૪૮૭૦** ની રાહ જોઈ રહેલ છીએ. (૫૨૨૦-૫૧૭૦ની સપાટી નીચે, તેથી હાલની સપાટીએ કુલ રોકાણના ૨૦ થી ૨૫ ટકા રોકાણ કરવું જોઈએ.

**ટૂંકા ગાળામાં ૩૦ થી ૬૦ ટકા વૃધ્ધિની અપેક્ષાએ અમે નીચે દર્શાવેલ શેરની ભલામણ કરીએ છીએ.**

**બેલ, ફેગ બેરીંગ, ગુજરાત ફ્લુરો, ઈન્ડ-સ્વીફ્ટ લેબ, કાલીન્દી રેઈલ, કરનેક્ષ માઈક્રો, નવીન ફ્લુરો, એસ એમ એલ, ઈઝુઝુ (સ્વરાજ મઝદા) અને એસ આર એફ.**

**સાપ્તાહિક દ્રષ્ટિકોણથી ખરીદી**

**૨૮ ફેબ્રુઆરી થી ૦૪ માર્ચ ૨૦૧૧**

| SCRIP | CLOSE | SUP. | RESIS. |
|---|---|---|---|
| ABGSHIP | 344 | 340,335 | 351,360 |
| AMBUJACEM | 124 | 123,120 | 128,133 |
| BHARTI | 329 | 326,321 | 337,344 |
| CIPLA | 302 | 297,292 | 310,315 |
| CROMPTON | 243 | 238,227 | 257,268 |
| DLF | 213 | 209,202 | 224,231 |
| HDFCBANK | 2046 | 2020,1981 | 2101,2134 |
| HINDALCO | 201 | 197,194 | 208,217 |
| HINDOILEXP | 161 | 158,155 | 167,174 |
| ICICIBANK | 990 | 967,954 | 1020,1041 |
| INFOSYSTCH | 3020 | 3002,2973 | 3083,3128 |
| ITC | 156 | 153,150 | 160,165 |
| LIC | 186 | 182,177 | 195,204 |
| MARUTI | 1170 | 1161,1144 | 1206,1239 |
| POLARIS | 185 | 180,177 | 193,202 |
| RELCAPITAL | 456 | 445,432 | 474,489 |
| RELIANCE | 970 | 954,937 | 1009,1036 |
| SAIL | 154 | 153,150 | 160,163 |
| SBIN | 2580 | 2552,2515 | 2637,2688 |
| SIEMENS | 838 | 835,824 | 856,885 |
| STER | 159 | 158,153 | 167,174 |
| SUNTV | 399 | 393,384 | 414,429 |
| TATAMOTORS | 1104 | 1086,1057 | 1135,1162 |
| TATAPOWER | 1173 | 1167,1152 | 1209,1234 |
| TATASTEEL | 608 | 600,593 | 622,641 |
| TCS | 1110 | 1095,1080 | 1125,1148 |
| WIPRO | 432 | 427,422 | 442,459 |

**પ્રાઈમરી માર્કેટ પા.નં. ૬ નું ચાલુ**

સામે ૨,૪૮,૧૬,૨૪૦ શેર માટે અરજીઓ મળેલ છે જેમાં કયુ આઈ પી નો હિસ્સો૧.૧૨ ગણો ભરાયેલ છે. બિન સંસ્થાકીય રોકાણકારો દ્વારા આ ઈસ્યુ ૨ ગણો ભરાયેલ છે જયારે નાના રોકાણકારો દ્વારા તેમનો હિસ્સો ૧.૨૧ ગણો ભરાયેલ છે

## સુદર ગારમેન્ટનો આઈપીઓ ૧.૫૫ ગણો ભરાયો

સુદર ગારમેન્ટ લી. નો આઈપીઓ તેના બંધ થવાના દિવસ સુધી ૧.૫૫ ગણો ભરાયેલ છે. આ કંપનીને તેના પ્રસ્તુત કરેલ ૬૭,૪૫,૭૬૧ શેર સામે ૯૦,૮૮,૦૦૦ શેર માટે અરજીઓ મળેલ છે જેમાં કયુ આઈ પી નો હિસ્સો૦.૧૭ ગણો ભરાયેલ છે. બિન સંસ્થાકીય રોકાણકારો દ્વારા આ ઈસ્યુ ૪.૪૭ ગણો ભરાયેલ છે જયારે નાના રોકાણકારો દ્વારા તેમનો હિસ્સો ૨.૨૭ ગણો ભરાયેલ છે.

## આઈપીઓ કૌભાંડ કરનાર રૂપલ પંચાલ સહિત ૬ ડિફોલ્ટરોને ૩૬ કરોડનો દંડ ફટકારતી સેબી

શેર બજારનું નિયમન કરતી સેબીએ રૂપલ પંચાલ સહિત ૬ ડીફોલ્ટરોને વિવિધ આઈપીઓમાં મેનિપ્યુલેશનના આરોપસર રૂા. ૩૬.૦૯ કરોડનો આકરો દંડ ફટકાર્યો છે. અને તેમને ત્રણ મહિના સુધી બજારમાં કોઈપણ પ્રકારના કામકાજ ઉપર પ્રતિબંધ મુક્યો છે. સેબીએ આદેશમાં કહ્યું હતું કે રુપલ પંચાલ, દેવાંગી પંચાલ, દીપક જશવંતલાલ, હીના ભાર્ગવ, ભાર્ગવ રણછોડલાલ અને આર્જવ નરેશભાઈ પંચાલ ત્રણ મહિના સુધી સિક્યોરિટ ખરીદ કે વેચાણ કરી નહીં શકે. સેબીએ વધુમાં જણાવ્યું હતું કે ૪૫ દિવસમાં દંડની રકમ નહીં મળે તો તમામને શેર બજારમાં ૯ વર્ષ સુધી કામ કરવા દેવામાં નહીં આવે. પંચાલ એન્ડ કંપનીએ ૨૦૦૩-૦૫માં ૧૮ કંપનીના આઈપીઓમાં ગેરરીતિ આચરી હતી.

# બજેટ ટૂંકાગાળા માટે પોઝીટીવ ટ્રિગર બની શકે

મિત્રો,

જય જલારામ,

ગઈકાલનું મમતા બેનર્જીનું રેલ બજેટ જોઈને મનમાં એક પ્રશ્ન થયો કે આપણા રાષ્ટ્રીય નેતાઓ કેટલા ટૂંકા પાનાના થઈ ગયા છે. ઈન્ડિયન રેલ્વે બજેટ નામ લેવામાં પણ શરમ આવે તેવું છે. સાદી ભાષામાં આ રેલવે બજેટ ઈન્ડિયન રેલવે બજેટ કરતા બંગાલ રેલવે બજેટ કહેવામાં કંઈ ઔચિત્યનો ભંગ થયો નહીં ગણાય. લાલુ યાદવ હતા ત્યારે પણ એ માણસ જોતો કે વધુમાં વધુ નવી ટ્રેનો બિહારને કેમ મળે કે નવા પ્રોજેક્ટો બિહાર તરફ કેમ થઈ. પ્રજાને બહુ સહેલાઈથી ભોળવી શકાય છે કે મુર્ખ બનાવી શકાય છે. તેવું આ ભોથા રાજકીય નેતાઓ સમજતા હોય તો તેમની ભૂલ થાય છે. આ લાલુ ગયા ઈલેક્શનમાં લાલુમાંથી લલ્લુ થી ગયો અને કદ પ્રમાણે પ્રજાએ વેંતરી નાંખ્યો. શંભુ મેળાની સરકારમાં એકાદ મોકોક મળી ગયો તો હવામાં ઉડતો હતો. મુફલીસ અને સરકારનાં જોકર ટાઈપ

**કલમ કોટકની**



શરદ કોટક

મો. ૯૮૨૫૦૬૮૨૧૧

Skotak@KI-TRADE.com

WWW.KI-TRADE.COM

સ્ટેટમેન્ટો આપતા નેતાઓને ગામડાની કે ઓછી ભણેલી પણ આ જોકરો કરતા વધુ ગણેલી પ્રજાએ ગયા ઈલેક્શનમાં ટાઈપ ઘણાને કદ પ્રમાણે વેંતરી દીધા.

હવે જરુર છે બધા જ મવાલી નેતાઓ અને પ્રજાનું લોહી ચૂંસતા પક્ષો અને ઉમેદવારોને કાયમ માટે ઈતિહાસના કાળા પાનાઓમાં દફનાવી દે. સુપ્રિમ કોર્ટના જજમેન્ટ ભલે વર્ષો પછી આવતા હોય પરંતુ જયારે આવે છે ત્યારે બધી કસર એક સાથે નીકળી જતી હોય છે. તેવું જ પ્રજાએ સુપ્રિમ કોર્ટના જજ જેવો ન્યાયી અને નિષ્પક્ષ વલણ અપનાવવાની જરુર છે. હવે ઉમેદવાર આપણી જ્ઞાતિનો છે કે કોમનો છે તે ભૂલી જવાની જરુર છે. કોમનો છે કે ફળિયાનો છે તે વિચારો દફનાવી દો. દોસ્ત છે કે દુશ્મન તે વાતને મનમાંથી સળગાવી દો. સગો બાપ છે કે પુત્ર તે ભૂલી જાઓ. ફક્ત ઉમેદવાર જ જુઓ અને પક્ષ જૂઓ. દરેક પક્ષની છાપેલા કાંટલા ટાઈપ ઈમેજ છે માટે તમે ઈતિહાસ બદલવા માંગતા હો કે નવો ઈતિહાસ રચવા માંગતા હો તો સૌ પ્રથમ દેશના હિતમાં તમારે તમારી ભાવનાઓ, તમારી લાગણીઓ અને તમારા સંબંધોનો ભોગ આપવો પડશે. ફક્ત વોટ મત આપવાથી કામ નહીં ચાલે. પ્રજાનું લોહી પીતા બેશરમ રાજકારણીઓ સામે દરેક ક્ષેત્રે ધર્મયુદ્ધ ખેડવું પડશે. લીલા સાથે સુકું બળતું હોય તો ભલે બળે. સમગ્ર પક્ષને દંડીત કરો. જે સરકાર લાખો કરોડના કૌભાંડ કરી અથવા કરાવી શકતી હોય તે પક્ષનો નાનાથી માંડી મોટા નેતા, મેમ્બર, સભ્ય દરેક ગુનેગાર છે. સરકારના એક પણ પ્રધાને, એક પણ મેમ્બર ઓફ પાર્લામેન્ટે રાજીનામું આપ્યું નથી. નાનાથી મોટા ગજા સુધીનાં કોઈપણ હોદ્દા ઉપર બેઠેલાએ પ્રજાના માનમાં અને કૌભાંડોની વિરુદ્ધમા પ્રજા પ્રત્યેની, દેશ પ્રત્યેની, સમાજ પ્રત્યેની મતદારો પ્રત્યેની નૈતિક જવાબદારી સમજીને પણ રાજીનામું નથી આપ્યું. અરે રાજીનામું તો ઠીક વિરોધનો સૂર પણ નથી ઉચ્ચાર્યો. આ બધાને બ્લેક લીસ્ટમાં મૂકી દો. અને મોકો મળે ત્યારે પાઠ ભણાવો. સમાજ ધારે તો ગમે તેવો ચમરબંધી હોય તેને સીધો કરી શકે. હજાર રસ્તા છે આપ સૌ જાણો છો.

આપણો વડો પ્રધાન બોલે છે કે શંભુ મેળાની સરકારમાં પ્રજાના પૈસા લુંટાતા અટકાવવા તે લાચાર છે. તેની મજબૂરી છે. અમારે જણાવવાનું કે અરે ભોથા, તું ખુરશીને ચોંટી રહેવા માટે મજબૂર છે અને જાણીએ છીએ અને મુર્ખ નથી. દેશની સરકારનો દરેક પ્રધાન સંયુક્ત રીતે અંગત રીતે જવાબદાર હોય છે. ''જોઈન્ટલી એન્ડ સેવેરલી'' આ સરકારનો વડો કહે હું લાચાર છું તો તે તેની માટે શરમની બાબત ગણાય. આ લાચારી માટે સુયોગ્ય શબ્દ પ્રયોગ અત્રે ન કરી શકાય. કોઈ એમ કહે કે હું લાચાર છું. મારી પત્ની કે મારી દીકરી કે મારો દિકરો કહ્યામાં નથી. તો સમજી શકાય છે, પરંતુ અહીં તો ભઈલા અમે કહીએ કે મેલ પડતું અને તું જો ખરેખર પેટ બાળતો હોય તો ઘર ભેગો થઈ જા. એમાં તારી કઈ મજબૂરી છે? રાજીનામું આપો હળવા થવામાં કયા ગાંધીને તારે પૂછવા જવાનું છે?

પરંતુ કોઈએ એમ કરવું નથી. ખુટલ માણસો છે. મત લેવા જ તમારી પાછળ ફરશે બાકી મત મળી ગયા બાદ તું કોણ ને હું કોણ. હવે પ્રજાએ આ બુડથલો ઉપર વેર વાળવાનો સમય આવી ગયો છે. સમય આવે એમને ઘર ભેગા કરી દો. સંબંધ, લાભ-ગેરલાભ, સગાઈ, ભાવના, મમતા બધાને સળગાવી દો. પ્રજાની તાકાત દેખાડી દો. જે ઈજિપ્તમાં થઈ શકે છે, તે પ્રજાનો પ્રકોપ અહીં પણ થઈ શકે છે. પ્રજા સહન કરે છે. તેને પ્રજાની મજબૂરી ન સમજવામાં આવે. તમે કૌભાંડીઓ શૂરા છો અને પ્રજા નિર્માલ્ય કે નપૂંસક છે તેવો ભ્રમ રાખનારા ભીંત ભૂલે છે. પ્રજાનો પ્રકોપ દેશે ''નવ નિર્માણ'' વખતે જોઈ લીધો છે. આ જ નેતાઓ ધોતીયાનો છેડો પકડીને ભાગતા જોવાયા હતા. માટે ભ્રમમાં ન રહે. નહીંતકર ભોં ભારે પડી જશે. મહાત્મા ગાંધીએ ''ના કર'' નો ટેક્ષ અને ''ક્વીટ ઈન્ડિયા'' ''ભારત છોડો'' નો નારો આપી અંગ્રેજોને ઊભી પૂંછડીએ ભગાવેલા. આ એ જ દેશ છે અને એ જ સમાજ છે જે ફરીથી ગાંધી અને સરદાર પેદા કરી શકે છે. સ્મશાનની રાખમાંથી ફીરીથી ''ફિનિક્સ'' પેદા કરી શકે છે. દેશની દરેક માતા ફરીથી દેશને બચાવવા એક નવો સુભાષચંદ્ર બોઝ પેદા કરી શકે છે.

પ્રજાની સહનશીલતા જયારે પુરી થાય છે ત્યારે તે ''સંભવામી યુગે યુગે''ની પણ વાટ જોતી નથી અને ઈશ્વરને પણ કહી દે છે કે તને સમય ન હોય તો કાંઈ વાંધો નહીં. અમે આતતાયીના સંહારની જવાબદારી ખૂદ ઉપાડી લેશું. દેશને હવે રાહ દેખાડે તેવા એક મહા માનવની જરુર છે. પ્રજાને એક ચિનગારીની જરુર છે. સમાજને એક મુઠી ઊંચેરા માનવીની જરુર છે. જે આપણામાંથી જ આવશે. ઈશ્વર અવતાર લેવાનો નથી. જરુર પડે સમાજે મહામાનવ ના રુપમાં ઈશ્વર સમકક્ષ હસ્તી પેદા કરવી પડશે. તેને સત્તા અને સપોર્ટ આપવા પડશે અને જરુર પડે બલિદાન આપવા માટે તૈયાર રહેવું પડશે.

રેલવે બજેટની વાત કરીએક તો કંઈ વાત કરવા જેવું મમતા મેડમે કર્યું નથી. ભૂવો ધૂણે તો નાળિયેર ઘર તરફ જ ફેંકે. આપણે નાળિયેર ગુમાવવા તૈયાર રહેવું પડશે કારણ આપણે ભૂવાને છોડી શકતા નથી. ત્રણ ફેક્ટરીઓ વેસ્ટ બેંગાલને ચરણે ધરવામાં આવી છે. ટીવી. વાળા કહેશે આ આમ આદમી લક્ષી રેલ્વે બજેટ છે અમે કહીએ છીએ આ બંગાળ લક્ષી અને બંગાળની આવનારી ચૂંટણીઓલક્ષી બજેટ છે. હવે ગુજરાતના અને ખાસ કરીને કચ્છ સૌરાષ્ટ્ર ગજા વાળા નેતાને રેલ્વે પ્રધાન બનાવવાની જરુર છે. બધી રીતે યોગ્ય હોવા છતાં આઝાદી બાદ સૌરાષ્ટ્ર અને કચ્છનો રેલ્વે ટ્રેકની દ્રષ્ટિએ ઓછામાં ઓછો વિકાસ થયો છે. દેશમાં હવે પછીની બધી નવી રેલ્વે લાઈનોમાંથી ૫૦ ટકા ગુજરાત અને તેમાં પણ કચ્છ સૌરાષ્ટ્રને ફાળવવાની જરુર છે. જે લૂંટાઈ ગયું છે તેને સમતોલ કરવાની જરુર છે.

દશમાંથી નવ મોટા ઉદ્યોગો, મોટી બેંકો, મોટા કોર્પોરેટ હાઉસો, મોટી વિદેશી બેંકોની કોર્પોરેટ ઓફિસો મુંબઈમાં છે. ગુજરાતમાં પોતાનું મોટાભાગનું કામકાજ કરતી કંપનીઓ કોર્પોરેટ ઓફિસો મુંબઈમાં શા માટે રાખે છે? ટેક્સ મહારાષ્ટ્ર સરકારને જાય છે. એમ્પ્લોયમેન્ટ - રોજગારી મહારાષ્ટ્રમાં જાય છે. ગાંધીનગરમાં શું સગવડો નથી? પ્રજાએ આ બાબતે પોતાનો પ્રકોપ જાહેર કરવો જોઈએ. બધાં જ રાજ્યો સંકુચિત વલણ અપનાવતા હોય ત્યારે સમય પ્રમાણે આપણે ગુજરાતીઓએ પણ પોતાના લાભો જતા કરવા ન જોઈએ. સહિષ્ણુતાની પણ એક હદ હોય છે. રિફાઈનરી સૌરાષ્ટ્રમાં રાખે. ટેક્સના લાભ ગુજરાતમાથી મેળવે અને ૫૦૦૦ કરોડના ઘરો મુંબઈમાં બાંધે જ્યાં તેમનો કોઈ ભાવ પણ પૂછતો નથી. આ નરી મુર્ખાઈ અને ફેઝ છે. આપણે ભલે મુંબઈ ખોયું પણ ગુજરાતના પાટનગરને પ્રભાષ પાટણનો દરજ્જો આપવામાં અને અપાવવામાં પાછી પાની ન કરવી જોઈએ. મુંબઈ એરપોર્ટ પરથી અમેરિકા અને ઈંગ્લેન્ડ જતા દર દશ માણસોમાંથી પાંચ ગુજરાતીઓ હોવા છતાં વરસો સુધી એરપોર્ટ મામલે ગુજરાતને અન્યાય થતો રહ્યો. મુંબઈ બંદરને કારણે કંડલાને ૩૫ વરસ ઓરમાયું વર્તન સહન કરવું પડ્યું અને ના છૂટકે મુંબઈ બંદરનું ભારણ કેપેસિટી બહારનું થઈ ગયું ત્યાર બાદ જ કંડલા ઉપર ધ્યાન અપાયું. આ લેખના પ્રથમ ફકરામાં અમે જણાવ્યું તે વાત એ કે મમતા મામીનું રેલવે બજેટ જોયા બાદ ગુજરાતમાં પનોતા પુત્ર શ્રી મોરારજીભાઈ દેસાઈનું એક વાક્ય અમને યાદ આવી ગયું. તેઓ દિલ્હીમાં બેસતાં ત્યારે ગુજરાત વિદ્યાપીઠમાં ગીતા ઉપરના પ્રવચન દરમ્યાન કોઈકે તેમને પૂછેલું કે હવે ગુજરાતના વડાપ્રધાન દિલ્હીમાં બેસતા હોય તો ગુજરાતને જરુર ફાયદો થવાની આશા રાખીએ. ત્યારે શ્રી મોરારજીભાઈ દેસાઈએ કહેલું કે હું કોઈ એક પ્રાંત કે એક રાજ્યનો વડા પ્રધાન નથી. હું સમગ્ર દેશનો વડાપ્રધાન છું. આ વાક્ય મમતા મામીને અમે અર્પણ કરીએ છીએ કે થોડુંક સમજે. ઈન્દિરાબેન કહેતા ''મૈં ગુજરાત કી બહું હું મુઝે વોટ કીજીએ'' ત્યારે લોકો તેમને સાડી ભેટ આપતા તેઓ ગમે તેવા ખેલાડી હતા પરંતુ મોટા ગજાના નેતા હતા અને અમેરિકાના પ્રેસીડેન્ટની પણ શેહ શરમમાં આવતા. બાહોશ અને દેશના

**આગામી બજેટમાં મોટા કરવેરા ઝીંકવાથી સરકાર દૂર રહેશે**

મોટાગજાના નેતા હતા. વૈશ્વિક ફલક ઉપર તેમની વાતનું વજન પડતું અને ન પડે તો વજન પડાવવાની તેઓ તાકાત રાખતા હતા. અત્યારના વડા પ્રધાનને તેમનાં પ્રધાનો પણ ગાંઠતા નથી. ત્યારે ઈન્દિરાજી સામે કોઈ ''ચૂં કે ચાં'' ન કરી શકતું. આટલો ફરક છે. ખેર, ઈન્દિરાજીને પ્રજા સાડી ભેટ આપતી. હવે આ મમતા મામી ગુજરાત આવે તો તેમને શું ભેટ પ્રજા આપે? વિચારી લેજો.

દેશનું શેર બજાર જ નહીં તમારું રસોડું તમારી નોકરી ધંધો તમારો પરિવાર અને સમાજ બધું જ રાજકારણ સાથે જોડાયેલું છે. અને તેનાથી પ્રભાવિત થતું

**આગામી બજેટ ચૂંટણી લક્ષી હશે**

હોય છે. શેર બજાર પણ વૈશ્વિક બજારો અને વૈશ્વિક કારણો થકી પ્રભાવિત થતું હોય છે. અને સારા નરસા કારણોનો પ્રતિભાવ આપતો હોય છે. માટે શેર બજાર પૂરતા મર્યાદિત થી જાવ અને શેરના કે નિફ્ટી- સેન્સેક્સના ભાવ પૂરતુ તમારું જ્ઞાન સિમીત કરી દો તે અત્યારના વૈશ્વિક માહોલમાં ચાલે તેમ નથી. ઘણું જાણો, બધું સમજો તે જરુરી છે. બજારની અત્યારની ઉથલ પાથલ સીધી રીતે સરકારી કારનામાઓ થકી પ્રભાવિત છે. અર્થતંત્રથી નહીં. પરંતુ કૌભાંડો થકી પ્રભાવિત છે. વિદેશી ફંડો વેચવાલ છે તેના કારણો અર્થતંત્રથી અલગ છે તે સમજવાની જરુર છે. ફક્ત જીડીપીની પીપુડી વગાડ્યા કરવાથી અર્થ નહીં સરે. જીડીપી ગ્રોથ પ્રજા અને પ્રજાના બાહોશ ઉદ્યોગપતિઓને લીધે છે. સરકારનો ફાળો કેટલો અને સરકારે શ્રેય લેવા જેવું કેટલું તે વિવાદનો પ્રશ્ન છે. આ તો તમારે ત્યાં બાળક આવે અને સરકાર શ્રેય લે તેવી વાત છે. ખેર, જવા દઈએ એ બધી વાતો...

આ વખતનું બજેટ પણ આમ આદમીનું નહીં પરંતુ પાંચ રાજ્યોમાં આવનારી ચૂંટણીઓ લક્ષી હશે. આમ આદમીનું લોહી ચૂંસવામાં સરકારે કંઈ બાકી રાખ્યું નથી. ફન્ડામેન્ટલી ઊંધા રસ્તે જઈ રહી છે. આવક પર કર હોય યા જાવક પર. સરકાર તો જ્યાંથી ખાવા મળે ત્યાં ઝાવા નાખી રહી છે. મોબાઈલ બિલ ઉપર પણ ટેક્સ અને હોટલ બિલ ઉપર પણ ટેક્સ. આવું જ કરવું હોય તો ઓછામાં ઓછું પાંચ લાખની આવક સુધી આ મોંઘવારીના જમાનામાં કોઈ કર ન જોઈએ. છે કોઈ મરદ ભાયડો જે પ્રજાને જણાવે કે અમે જીતશું તો ઈન્કમ ટેક્સની લિમીટ પાંચ લાખની કરી દેશું? લોકસભામાં ચૂંટાયા બાદ જીવનભર સાલીયાણા પેટે પેન્શન પાકું કરી લેવું છે. હવે જરુર છે નવા પક્ષની, નવી સરકારની જે વચન આપે કે અમે ચૂંટાશું તો પ્રથમ બધા ફતુરો બંધ કરીશું. લોક સેવકને વળી પગાર કેવા? ભથ્થા કેવા? મફત વિમાનોમાં ફરે અને પ્રજાના પૈસાને કૌભાંડો કરી ફોલી ખાય? પ્રધાન કૌભાંડ કરે તો તે સૌથી મોટો ગુનો ગણાય, કારણ તે પ્રજાનો પ્રતિનિધિ છે. પ્રજા એ દિકરી અને પ્રધાન એ બાપ. તે બદમાશી કરે તો શું સજા હોય? લોકસભાની બહાર એક વડનું ઝાડવાળું ચબુતરું ત્યાં ખુલ્લામાં કોર્ટ ચાલે અને ગુનો સાબિત થાય તો જાહેરમાં લટકાવી દેવાનો. આ ભલે અતિરેક લાગે પણ તો જ પ્રધાનો કૌભાંડો કરતા ધ્રૂજશે. જ્યાં કેસોની વણઝાર હોય ત્યાં કાયદા પણ કઠોર જોઈએ જેથી કોઈ ગૂનો કરતા પહેલાં સો વાર વિચારે અને સજાની યાદ આવતા કંપી જાય. ગલ્ફમાં ક્યાંક ચોરી કરે તેના કાંડા કાપી નંખાય આ ડરથી જ નમાજ વખતે ફેરિયો બધો સામાન ફૂટપાથ ઉપર રેઢો મુકીને નમાજ પઢવા જતો રહે છે. સરવાલે કાયદો કોને છે? સમાજને આપણા રેઢીયાલ કાયદાઓ સરવાળે ચોરને ફાયદો કરાવનારા છે. આપણાં કાયદાઓ અંગ્રેજોના કાયદાઓને મહદઅંશે અનુસરે છે. અને તેમાં પ્રજાનું ધ્યાન કેટલું રખાય અને પ્રધાનનું કેટલું તે બધા જાણે છે. વિશેષ છણાવટની જરુર નથી. કાયદાકીય પ્રક્રિયા સરળ, ઝડપી, કડક અને પ્રજા લક્ષી બનાવવાની જરુર છે.

અત્યારે કંઈક આકાર લઈ રહ્યું છે. આવતી ચૂંટણી સુધીમાં તમને જરુરથી સારો વિકલ્પ મળશે તેવી અમને આશા છે. બાકી પ્રજાનં હિત જૂએ તેવો પક્ષ અને નેતા દેશને મળે તેવી ઈશ્વરને આપણે સૌ પ્રાર્થના કરીએ.

આવનારો બજેટ સોમવારે પેશ થશે. નવા કરવેરાનો ડોઝ આવવાની ઓછી શક્યતા છે. બજારની - સ્ટ્રેટ ટોક શેરીની વાત ઉપર વિશ્વાસ મુકીએ તો ૫૦૦ પોઈન્ટ આવનારા સપ્તાહના શરુઆતમાં બે દિવસોમાં બજાર ઉપર હોઈ શકે. હવે બજેટ સમજ્યા વગર મંદી ન કરશો તેવી અમારી સલાહ છે. પંદર દિવસ તમારી ચાલ અને સ્ટ્રેટેજી બદલી નાખો. પૂર નહીં ગયા બાદ બધું ફરી સામાન્ય થઈ જશે પરંતુ પુર માં તમે તણાઈ ન જાવ તેનું ધ્યાન રાખજો. હવે મંદી થશે તો તમને ટ્રેડ કરવાનો મોકો જ નહીં મળે. એવી હશે માટે મંદીને ભૂલી જાવ. બજાર ટૂંકાગાળા માટે કરવટ બદલે તો તમે

**માર્ચ એક્સપાયરી સુધી બજેટની અસર ટકવાની શક્યતા ઓછી અસર ટૂંકા ગાળાની રહેશે**

પણ વહેતી ગંગામાં નાહી લેજો. રેલવે બજેટ બાદ આ સરકાર ચૂંટણી બજેટ આપશે તે નક્કી છે જેને ટૂંકો પ્રતિસાદ ખૂબ જ ઝડપી અને ઉપરનો હશે. તેવું અનુમાન કરી શકાય.

શું લેવું તે તમારે નક્કી કરવાનું છે. અમારું ધ્યાન ખાસ તો બેંકિંગ સેક્ટર અને પાવર સેક્ટર ઉપર છે. થોડું રિયાલિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પણ ધ્યાનમાં રાખશો. બાકી બેંકિંગમાં સ્ટેટ બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, એચડીએફસી તથા આઈએફસીઆઈ અને પાવર સેક્ટરમાં ધ્યાન આપો. પચાસ શેરમાં તમે આમ પણ ટ્રેડીંગ કરી શકવાના નથી. પાંચ સાત સ્ટોકને ધ્યાનમાં રાખો. બજેટ બાદ શેર લેવલમાં ટ્રેડ નહીં કરે. લેવલની બહારના ભાવ જ જોવા મળશે. માટે પ્રવાહને અનુસરો અને ધીરજ રાખો. તેટલુંજ કહેશું. લેવલ આપવાનો અર્થ નથી કારણ કોઈ લેવલ કામ નહીં લાગે. ''ટ્રેન્ડ ઈઝ યોર ફ્રેન્ડ''

ગયા સપ્તાહે અમે શું કહેલું? યાદ અપાવીએ.

(૧) નિફ્ટીમાં સપ્તાહમાં ૨૫૦ પોઈન્ટ અને સેન્સેક્સમાં ૮૦૦ પોઈન્ટની વધઘટની શક્યતા.

તથ્ય: નિફ્ટીમાં ટોપ અને બોટમ ગણીએ તો સપ્તાહમાં ૨૯૪ પોઈન્ટની વધઘટ રહી (૫૫૨૬-૫૨૩૨) અને સેન્સેક્સમાં ૯૮૭ પોઈન્ટની વધઘટ રહી (૧૮૪૫૭-૧૭૪૭૦)

ગયા સપ્તાહે અમે ઓછી વધઘટવાળા સલામત શેર તરીકે હિન્દુસ્તાન યુનિલિવરનો શેર તમને આપેલો. બિલકુલ ઓછા દાયરામાં ફરતો રહ્યો. રિસ્ક ઓછું અને નાની વધઘટ મતલબ સલામત શેર. જીંદાલ સ્ટીલ અમે આપેલા લેવલ મુજબ જ વર્ત્યો સોમવારે ઉપરનો પ્રથમ ટાર્ગેટ ક્રોસ કરી ૭૦૦ ગયો. અમે જણાવેલ ૬૬૭ તોડતા ૬૪૮ સુધી ની નીચેની ચાલ ખૂલી જાય. મંગળવારે ૬૭૩નું બોટમ બન્યું. બુધવારે બરાબર ૬૬૭.૨૫ ની બોટમ બની ગુરુવારે પણ ૬૬૮ની બોટમ બની. મતલબ ૬૬૭ના અમારા લેવલને બે દિવસ માન આપવું પડ્યું. ગુરુવારે આખરે ૬૬૭ તુટતાં ૬૨૫નું બોટમ બન્યું. અને શુક્રવારે ૬૧ ૭ નું. આમ ટેકાના ભાવનું મહત્ત્વ શું તે સમજવા મળ્યું.

જયારે બજેટ જેવો મોટો ઈવેન્ટ હોય ત્યારે બજારમાં મોટી વધઘટ હોય તેથી આ વખતે અમે લેવલ આપવાનું ટાળીશું. બજેટ પ્રત્યે અમે ઉત્સાહી છીએ એટલે મોટી વધઘટના અનુમાનો ટીવી ઉપર બેઠા બેઠા જ લેવાય. અગાઉથી નહીં તમે પણ આ વાત સમજી લેજો. સમય મળશે તો બજેટ લક્ષી સ્ટોક તથા ભાવ લાઈવ વેબ સાઈટ ઉપર મુકીશું. લીન્ક નોંધી લેશો.

http://KI-TRADE. financial officelive. com / default. aspx

## તા.૨૮ ફેબ્રુઆરી ૨૦૧૧થી ૦૪ માર્ચ ૨૦૧૧ નાં ટ્રેડીંગ લેવલ્સ

લીબીયાનો પ્રશ્ન હવે ઉભો થયો છે, આંખમાં કણાની જેમ ક્રુડ ઓઈલ પણ ૧૦ ડોલર વધ્યું, ૪ દિવસમાં ૧૬ ટકા અને તેણે બજારને સંપૂર્ણ ડરામણું બનાવ્યું. બજારમાં એક સરસ તેજી થતી જોવા મળતી હતી પરંતુ તે ચૂટકીમાં જ પડી ગઈ.

હવે દરેકને એ જ આશ્ચર્ય છે કે હાલની રાજવિત્તિય ખાદ્યને તેમ જ હાલની ખાદ્યને અંકુશમાં લેવા માટે નાણામંત્રીશ્રી શું પગલાં લે છે. આર્થિક સવેતો દર્શાવે છે કે ના. વ. ૨૦૧૦/૧૧ની ખાદ્ય બિલકૂલ કાબુ હેઠળ છે, ૨-જી અને બીડબલ્યુએ ઓકશનના લીધે થયેલ આ વૃધ્ધિ બદલ આભાર. આવનાર વર્ષે હવે વધુ પૈસા ઉપલબ્ધ નહીં બને અને નાણા મંત્રીશ્રીએ કોઈ કાળો જાદુ કરવો પડશે, જેમ કે છૂપાવેલ નાણાં માટે કોઈ સ્કીમ અને એ દિવસો સાચવવા પડશે.

અહીં અટકળોનો કોઈ પ્રશ્ન નથી, પરંતુ જે રીતે કેટલાક ગમે તે સપાટીએ વેચવાલી કરે છે તે જોતાં એમ લાગે છે કે જાણે આપણે સમુદ્રના કિનારે ઉભા છીએ.

પરિણામોની ઋતુ પુર્ણ થઈ અને પરિણામો એક છાયા જેવા જ રહી ગયા. ના. વ. ૨૦૧૨માં સેન્સેક્ષની ઈપીએસ ૧૨૫૦+ દર્શાવવામાં આવેલ છે તે માટે

**સાપ્તાહિક ટ્રેન્ડ**



માધવ રાનડે

મો. ૦૯૩૭૧૦૦૨૯૪૩

email: sumamura@dataone.in

શંકા રહે છે. તે ૧૦૦ પોઈન્ટ નીચે આવશે અને તે સેન્સેક્ષના વાર્ષિક દેખાવને ગંભીર રીતે ઘાયલ કરશે.

પસંદગીના ધોરણે કેટલાંક રાહત પેકેજ પરત ખેંચવાની વાત પણ આવી છે અને કોર્પોરેટ હોન્ચોસે તે સામે ગણગણાટ ચાલુ કરેલ છે જ. મને લાગે છે કે એફ એમ પાસે લોકો માટે કંઈક કર્યા સિવાય કોઈ છૂટકો નથી.

બીજી વધારાની માહિતી માટે મારી વેબસાઈટ

WWW.SUMAMURA.COM

ની મુલાકાત લેવાનું ચાલુ રાખો. મારી વેબસાઈટ ફેબ્રુઆરી ૨૦૧૧ ના પ્રથમ સપ્તાહથી પેઈડ વેબસાઈટ બનેલ છે.

એક વાત ખાસ યાદ રાખો મૂડી હંમેશાં દુર્લભ હોય છે તેનું સન્માન કરો. હું લભગભ બધા જ દિવસ યાહુ મેસેન્જર ઉપર ઉપલબ્ધ હોઉં છું, તમે મને યાહુ મેસેન્જરમાં એડ કરી શકો છો. મારો યાહુ આઈડી **madhavranade1** છે.

જો તમને આ અંગે કોઈ શંકા હોય તો મને **09371002943** ઉપર ફોન પણ કરી શકો છો, તેમ જ મારો ઈ મેઈલ છે

**sumamura@dataone.in**

| posn trading lvls | | date | 28th feb / 4th march 2011 | |
|---|---|---|---|---|
| stock / index | go | entry | targets | stoploss |
| BSE SENSEX | short | 17690 | 17510/345/180/010/16840 | 17840 |
| | long | 17840 | 17920/18035/150/265/380/505/620 | 17690 |
| BSE auto index | short | 8210 | x | 8280 |
| | long | 8280 | x | 8210 |
| BSE capital goods | short | 12320 | x | 12470 |
| | long | 12470 | x | 12320 |
| BSE FMCG index | short | 3290 | x | 3315 |
| | long | 3315 | x | 3290 |
| BSE health index | short | 5735 | x | 5775 |
| | long | 5775 | x | 5735 |
| BSE metal index | short | 15340 | x | 15470 |
| | long | 15470 | x | 15340 |
| BSE oil & gas INDEX | short | 9330 | x | 9425 |
| | long | 9425 | x | 9330 |
| BSE PSU index | short | 8213 | x | 8288 |
| | long | 8288 | x | 8213 |
| BSE realty index | short | 1933 | x | 1953 |
| | long | 1953 | x | 1933 |

Printed, Published and Owned by Mrs. DEVLAXMI N. JOSHI and Printed at Bhoomi Offset Bhatiya vadi, Opp. Kalupur Rly. Station, Kalupur, Ahmedabad-380002 and published from H-115/991, Nirmal Appartments, Naranpura, AHMEDABAD-380013. Editor- Mr. NARENDRA JOSHI. PH :-079-27451449, (M) 9825065387